Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ ભગવદ્ ગીતા

પરના

પ્રેમયોગ

પરમાનંદ
સ્વરૂપ
શ્રી
ચંપકભાઈના
પ્રવચનો

શ્રી
પરમાનંદ
પ્રકાશન
મંદિર
મુંબઈ.૧૯

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેમયોગ

પુસ્તક : ચોથું

શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય આઠ પરનું
પરમાનંદસ્વરૂપ શ્રી. ચંપકભાઈનું
પ્રવચન

*

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર
૭૬, શાંતિનિકેતન, વિન્સેંટ રોડ,
માટુંગા, મુંબઈ–૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

● પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૧૯૬૩

● કિંમત : રૂપિયા ૧-૭૫ ન. પૈસા

● પ્રકાશક : શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર વતી,
શ્રી રસિકલાલ હ. ભટ્ટ, એમ. એ; બી. ટી.

● પ્રકાશન સંસ્થાને સર્વ હક્ક સ્વાધિન

● મુદ્રક : યશવંતલાલ ચુનીલાલ ભુટાલા
ધી યશવંત પ્રિન્ટિંગ પ્રેસ
સ્ટેશનરોડ, પ્રાંતિજ [સાબરકાંઠા.]

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર્વવ્યાપી નારાયણ

Love and Blessings
Narayan

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તું ભક્તિ ને જ્ઞાનસ્વરૂપ તું છે
તું શક્તિ ને મુક્ત સ્વરૂપ તું છે
તું ચેતના શાશ્વતરૂપ તું છે
સર્વત્ર વ્યાપ્ત પરબ્રહ્મ બધું જ તું છે.

એવા
પ્રેમસ્વરૂપ
નારાયણ
ને
ચરણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



❀ શ્રી પરમાનંદ પ્રકાશન મંદિરનાં અન્ય પ્રકાશનો ❀

(૧) પ્રેમયોગ (ગીતા અ. ૧૫) સિલકમાં નથી.

(૨) સ્થિતપ્રજ્ઞ દર્શન ઔર ભજન (હિંદીમાં)

(૩) પરમાનંદ પત્રો (બીજી આવૃત્તિ)

(૪) પરમાનંદ વાર્તાલાપ

(૫) પ્રેમયોગ (પુસ્તક પહેલું)

(૬) પરમાનંદ-વાણી

(૭) પ્રેમયોગ (પુસ્તક બીજું)

(૮) પ્રેમયોગ (પુસ્તક ત્રીજું)

(૯) પરમાનંદ પ્રકાશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંપાદકનું નિવેદન

'શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર' એ સંસ્થા તરફથી અમારું આ દસમું પ્રકાશન થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં નાનાં મોટાં આઠ પુસ્તકોનાં પ્રકાશન થઈ ગયાં છે. આ તબક્કે આ સંસ્થાની પ્રકાશન પ્રવૃત્તિનો આછો ખ્યાલ આપવો જરૂરી જણાય છે.

આજે ગુજરાતમાં અનેક પ્રકારનું ધાર્મિક સાહિત્ય છપાઈ રહ્યું છે. પણ એક સમય એવો હતો કે ધાર્મિક પુસ્તક બહુ ઓછાં અને અતિશય મોંઘાં મળતાં. શ્રી ભિક્ષુ અખંડાનંદજી એક ધાર્મિક પુસ્તક ખરીદવા જતા એ પુસ્તકની કિંમતથી ચોંકી ઊઠ્યા. પરિણામે ગુજરાતને સસ્તું સાહિત્ય મળે એવી યોજના તેમણે કરી. તેમણે ધાર્મિક સાહિત્યની સરિતા વહાવી. આજે પણ એ સંસ્થા ગુજરાતની અપૂર્વ સેવા બજાવી રહી છે. 'શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર' દ્વારા ગુજરાતને ધાર્મિક સાહિત્યનું એક નવું ઝરણ મળ્યું છે એમ કહું તો તેમાં અતિશયોક્તિ નથી. આ પ્રકાશન મંદિરનો હેતુ ગુજરાતમાં શ્રી. ચંપકભાઈના ધાર્મિક સાહિત્યને ફેલાવવાનો છે.

શ્રી. પરમાનંદના ગીતાના પ્રવચનો અમે સાંભળવા જતા અને નોંધ કરતા ત્યારે અમને એ ખ્યાલ નહોતો કે આમાંથી ધાર્મિક સાહિત્યનું એક ઝરણ શરૂ થશે. જેમ જેમ એ પ્રવચનોમાં જવાનું થયું તેમ તેમ શુભેચ્છાઓ વધવા લાગી. પરમ આનંદ આપનારી આ વાણી સર્વને આનંદિત કરે એવી અંતરેચ્છા સાંભળનાર ભક્તજનોના હૃદયમાં જાગી. હું તથા શ્રી. નટવરલાલ વૈદ્ય આ પ્રવચનોની નોંધ કરતા. આ બધું છપાય તો કેવું સારું એવી અમારી સર્વની પ્રાર્થના ઈશ્વરે સાંભળી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક વાર શ્રી. ચંપકભાઈની સાથે હું ગોડાસા ગયેલો. ત્યાં ગુજરાતના ભીષ્મપિતામહ સમા મથુરાદાસ ગાંધી બીમાર હતા. તેમની ઇચ્છા ગીતા સાંભળવાની હતી. શ્રી ચંપકભાઈ એમની પથારી પાસે બેસી ગીતા સંભળાવતા. ત્યાં અમને પૂ. નારાયણ સ્વામીના દેહવિલયના સમાચાર મળ્યા. તે વખતે હું પંદરમા અધ્યાયના પ્રવચનની નોંધ લખી રહ્યો હતો. તે વખતે મેં તેમને વાતચીતમાં કહ્યું કે આ અધ્યાય સરસ છે, પ્રસિદ્ધ કરવા જેવો છે. તેમણે તેમની રીત મુજબ કહ્યું કે બધું થઈ જશે થોડીવારમાં ત્યાં એક ભક્તજન આવી ચઢ્યા અને વળી આ પુસ્તક છપાવવાની વાત શરૂ થઈ. એ જ વખતે શ્રી નારાયણસ્વામીને એ પુસ્તક અર્પણ કરવું એ નક્કી થયું. પરિણામે 'પ્રેમયોગ' એ શીર્ષક નીચે ગીતાનો પંદરમો અધ્યાય બહાર પડ્યો.

શ્રી. ચંપકભાઈના સર્વ ઉપદેશ જનતા સમક્ષ કેમ મૂકાય એને માટે સર્વ ભક્તજનોનો વિચાર વધવા લાગ્યો. એમની પાસે ભજન અને સત્સંગ માટે આવતા તમામ ભક્તોના હૃદયની આ ભાવના 'શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર' એ સંસ્થા રૂપે સાકાર બની.

શ્રી. પરમાનંદ પ્રકાશન મંદિર દ્વારા ગુજરાતમાં ધાર્મિક સાહિત્યનું જે નાનું ઝરણ વહેવા લાગ્યું તેને વિદ્વાનોએ આવકાર્યું છે. આ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલ 'પરમાનંદ પત્રો' વિષે શ્રી. રમણલાલ સોનીએ લખ્યું છે કે:

"આ યુગ ભક્તિનો છે, ઉપરથી અણુબોમ્બની દુનિયા દેખાય છે પણ એના પેટાળમાં ફલ્ગુની પેઠે ભક્તિરસનો પ્રવાહ વહી રહ્યો છે. એકલો ભારતમાં જ નહિ, પણ સમસ્ત વિશ્વમાં પ્રવાહ દેખાય છે દૂબળો, પાતળો પણ સભર છે. શ્રી ચંપકભાઈ એવા પ્રવાહના અગ્રદૂત છે એવું ભાન આ પુસ્તકના વાચન પરથી થાય છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી. સોનીએ લખ્યું છે તે યથાર્થ જ છે. શ્રી. ચંપકભાઈ ભક્તિરસનો અપૂર્વ પ્રવાહ વહેવડાવી રહ્યા છે.

એ જ પુસ્તક વાંચીને પ્રભાવિત થયેલ પત્રો પ્રો. રામચંદ્ર પંડ્યા લખે છે કે:

"હિન્દુદર્શન વિચારના મહત્ત્વના સિદ્ધાંતો આમાં અત્યંત સરળરૂપે ઉમળકાભેર મૂકયા છે. સામાન્ય માનવીને શાસ્ત્રો સુધીની પહોંચ હોતી નથી. શાસ્ત્રોની નિરૂપણ પદ્ધતિની ગહનતા કે પારિભાષિકતામાં એ મૂંઝાય પણ ખરો. પણ પત્ર લેખકે જે ભજન દ્વારા જોયું, જાણ્યું, અનુભવ્યું તે એવી સરળ અને પ્રાસાદિક ભાષામાં આપી દીધું છે કે ઓછા અભ્યાસવાળાને પણ તે સમજાય."

ગુજરાતને જેમણે અધ્યાત્મનું ઘણું સાહિત્ય આપ્યું છે એવા વિદ્વાન સ્વામી શ્રી. માધવતીર્થે પણ લખ્યું છે કે:

"'પરમાનંદ પત્રો' જિજ્ઞાસુઓને સારો બોધ આપે તેવું છે."

'જનશક્તિ'ના તંત્રી શ્રી. રવિશંકર મહેતાને શ્રી. ચંપકભાઇની વાણીમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમન્વય દેખાય છે. તેઓ કહે છે કે:

"પ્રેમલક્ષણા ભક્તિ એ એમના જીવનનું નિયામક તત્ત્વ દેખાય છે અને એમાં જ્ઞાન અને કર્મોનો સમન્વય સધાય છે. ભજન અને ઉપદેશ એમનામાં ઓતપ્રોત થતા દેખાય છે."

જેમનો અધ્યાત્મ સાહિત્યનો બહોળો અભ્યાસ છે અને જેમણે અધ્યાત્મને લગતાં કેટલાક પુસ્તકો પણ લખ્યાં છે એવા મહિલા વિદ્યાલય, પોરબંદરના પ્રિન્સિપાલ શ્રી. જેઠાલાલ શાહ લખે છે કે:

"પ્રભુને બીજાઓ ભલે સત્ય કે જ્ઞાન કહે, પણ ઉપનિષદ તો તેને 'રસ' પ્રેમ જ કહે છે અને જ્યાં પ્રેમ છે ત્યા આનંદ છે. બ્રહ્મના તે સ્વરૂપનું દર્શન શ્રી. ચંપકભાઈની જ્ઞાનદૃષ્ટિને થયું છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી. ચંપકભાઇએ જે પ્રેમનું દર્શન કર્યું છે એ પ્રેમનું દર્શન તેઓ સર્વને કરાવે છે. એમણે જે રસ પ્રાપ્ત કર્યો છે તે જ રસ તેઓ સર્વને આપી રહ્યાં છે. **रसो वै सः।** તે જ રસ છે. **रसो वै परब्रह्म** - રસ એ જ પરબ્રહ્મ. આ રસનું દર્શન શ્રી. ચંપકભાઇના ગીતા પ્રવચનોમાં, પત્રોમાં, ભજનમાં સર્વત્ર થાય છે. એમનો ઉપદેશ તેમનાં પત્રોમાં, દરરોજ અવિરત ચાલુ રહેલ પ્રવચનોમાં અને સવિશેષ રીતે ભજનોમાં સર્વત્ર થઈ રહ્યો છે. એમની ઉપદેશની જ્ઞાનગંગામાંથી આ પુસ્તકો તો ગંગાજળની ટબુડીઓ જેવા છે. એમના ઉપદેશના અત્યાર સુધી પ્રસિદ્ધ થયલ નવ પુસ્તકોનાં નામ અન્યત્ર આપેલાં છે.

જ્યારે આ દસમું પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે ત્યારે સહેજે પ્રશ્ન થાય કે શ્રી. ચંપકભાઈની વાણીમાં એવું કયું તત્ત્વ છે કે જેનાથી વાચકનું હૃદય પ્રભાવિત થાય છે. તેમની વાણી હૃદયની વાણી છે, પ્રેમની વાણી છે હૃદયને તળિયે પડેલ પ્રેમના સંસ્કારોને જગાડતી એ અદ્‌ભુત વાણી છે. બીજાને ઉપદેશ આપવા જનારને શ્રી. રામકૃષ્ણે પૂછ્યું છે કે 'તને પટ્ટો મળ્યો છે?' કોઈકને જ ઈશ્વર ઉપદેશનો પટ્ટો આપે છે. જેને ઈશ્વર ઉપદેશનો અધિકાર આપે છે તેની વાણીમાં અમૃતતત્ત્વ આવી જ જાય છે. તેનો ઉપદેશ હૃદયમાં સીધો ઊતરી જાય છે. શ્રી. ચંપકભાઈની વાણીમાં આ તત્ત્વ છે. અધ્યાત્મને લગતું સર્વ જ્ઞાન એમની વાણીમાં દૃષ્ટિગોચર થાય છે. છાન્દોગ્ય ઉપનિષદમાં આવે છે કે **येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञानं विज्ञानमिति**—જેનાથી 'નહિ સાંભળેલું સાંભળેલું બને, ન વિચારેલું વિચારેલું બને, અને ન જાણેલું પણ જાણેલું થાય!' એ બ્રહ્મજ્ઞાન છે. બ્રહ્મજ્ઞાનથી ન સાંભળેલું, ન જોયેલું અને ન જાણેલું સર્વ જ્ઞાન હસ્તામલકવત્ થઈ જાય છે. જેમ માટીના એક પિંડને સમજવાથી માટીનું બનેલું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બધું ય સમજાઈ જાય, જેમ સોનાની લગડીને સમજવાથી સોનાનાં બધાં ઘરેણાં સમજાઈ જાય તેમ બ્રહ્મજ્ઞાન એક એવું જ્ઞાન છે કે જે મેળવનાર સર્વ જ્ઞાનનો સ્વામી થઈ જાય છે. શ્રી. ચંપકભાઈની વાણી જોતાં એમ જ લાગશે કે સર્વ પ્રકારનું અધ્યાત્મ સાહિત્ય ત્યાં મળી આવે છે.

તેમની વાણીમાંથી સર્વ પ્રકારનું અધ્યાત્મજ્ઞાન ઝરે છે. તેમનામાં કોઈ વાદવિવાદ નથી, મત મતાંતર નથી. જ્યાં સર્વ મતો એકાકાર થાય છે એવા ઉચ્ચ શિખરેથી આ જ્ઞાનગંગા છે, સર્વને જેણે સમાન કરી નાખ્યું છે એવા ધૂર્જટિ, ભક્તો પર પ્રસન્ન થઈને આ જ્ઞાનગંગા વહાવી રહ્યા છે. કોઇને પરમાનંદની વાણીમાંથી વેદ અને ઉપનિષદના વિચારો મળી આવશે. કોઈને તેમાંથી હિન્દુ-દર્શન વિચારના મહત્ત્વના સિદ્ધાંતો મળી ગયા છે. કોઇને તેમના વિચારોમાં શ્રી. રમણ મહર્ષિની જ્ઞાનધારા સરળ રૂપમાં દેખાય છે. કોઈ તેમના ઉપદેશમાં રામકૃષ્ણ પરમહંસની ભક્તિરસ ભરપૂર પ્રાસાદિક વાણી જુએ છે. વિવેકાનંદ, રામતીર્થ, રાજચંન્દ્ર વગેરે મહાત્માઓની વાણી સાથે તેમની વાણીની એકરૂપતા દેખાય છે. ચૈતન્ય, સૂરદાસ, તુલસીદાસ, નરસિંહ, મીરા, કબીર, જ્ઞાનદેવ, એકનાથ, તુકારામ...આ સર્વ મહાન ભક્તોની વાણીના પડઘા શ્રી. ચંપકભાઈની વાણીમાં સર્વત્ર મળી આવશે.

હવે આપણે શ્રી. ચંપકભાઈના ગીતા પ્રવચનો વિષે જોઇએ.

પહેલાં તો શ્રી. ચંપકભાઈ બહુ ઓછું બોલતા. જનસમૂહથી અળગા રહેવાની એમની ટેવ હતી. નટવરલાલ વૈદ્ય એમની સાથે પરિચયમાં આવ્યા. નટવરભાઈ એક વાર એક કોરો ચોપડો લઇને એમને ઘેર ગયા, સત્સંગ માટે. શ્રી. ચંપકભાઈમાં મહાન ઉપદેશનું પ્રથમ દર્શન કરનાર નટવરભાઈ જ. એમણે પ્રશ્નો પૂછયા અને ઉત્તરમાં જે મળ્યું તેની નોંધ તેમણે રાખવાની શરૂઆત કરી દીધી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી. ચંપકભાઈની સાથે ભજનનો લાભ લેનાર ભક્તોએ આ જ અરસામાં વિનંતી કરી કે અમારું ભજન દૃઢ થાય એ માટે તમે કંઈ સત્સંગના કાર્યક્રમ રાખો. પોતાની સામે આવી પડેલ સત્કાર્યની સંત ના ન જ કહે. પરિણામે ગીતા પરનાં પ્રવચન શરૂ થયાં. આ અરસામાં હું શ્રી. ચંપકભાઈના પરિચયમાં આવ્યો. તેઓ રવિવારે ગીતા પર પ્રવચન કરે છે એ વાત સાંભળી. ત્યાં પહેલે દિવસે મને લાગ્યું કે પ્રવચન તો ચિત્તમાં કોઈ અદ્‌ભુત સંસ્કાર પાડે તેવું હતું. મેં નટવરભાઇને પ્રવચનની નોંધ કરતા જોયા. મારા મનમાં પણ નોંધ કરવાની ઇચ્છા થઈ. મેં એ ઇચ્છા પ્રવચન પછી બાબુભાઈની પાસે વ્યક્ત કરી. તેમણે મને ઉત્સાહ આપ્યો. ભક્તો, વધુ મનન માટે એ નોંધનો ઉપયોગ કરતા. એ જોઇને અમને ગીતા પ્રવચનો છપાય તો સારું એ વિચાર આવ્યો અને એ વિચાર ગુરુકૃપાથી અમલમાં પણ મૂકાયો એ આપણે ઉપર જોયું.

પ્રવચનોની નોંધમાં મુશ્કેલી એ છે કે ગુજરાતીમાં લઘુલિપિ નથી. કદાચ હોય તો અમને કોઈને આવડતી નથી. પરિણામે કોઈ કોઈ વાક્ય રહી પણ જાય. એ નોંધ હતી તેથી ફરી લખાયું ત્યારે બીજી નોંધનો તેમાં યોગ્ય ઉપયોગ પણ થયો છે.

આ નોંધને પુસ્તકાકારે તૈયાર કરવામાં શ્રી. ચંપકભાઈએ અવારનવાર પ્રેરણા આપી છે. તેઓ વાંચી જતા, સુધારી દેતા. સત્ય તો એ જ છે કે તેમની પ્રેરણાથી જ આ બધું બન્યું છે. નોંધ લખનાર અને પુસ્તક તૈયાર કરનારના હાથ જ કામ કરે છે બાકી કાર્યશક્તિ અને પ્રેરણા તો પરમાનંદની જ છે. કંઇ થયું છે તે તેમણે જ કર્યું છે. સર્વ કરનાર કરાવનાર તે જ છે.

આ પુસ્તકોમાં પ્રવચનની ભાષા રાખવાનો પ્રયાસ થયો છે. એ પુસ્તકની ભાષાશૈલી પ્રવચનની જ રહે એ ખાસ ખ્યાલ રાખ્યો છે. પ્રવચનોમાં ક્યારેક પુનરાવર્તન પણ આવી જાય. વધુ દૃઢતા માટે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એની શું જરૂર નથી? પુનરાવર્તનને કોઈ દોષ ગણે પણ એ ગુણ પણ ગણી શકાય.

× × ×

આ પુસ્તકમાં ગીતાનાં આઠમા અધ્યાય પરનું પ્રવચન છે. કડીબદ્ધતા જળવાઈ રહે એ હેતુથી અહીં આપણે પહેલાં સાત અધ્યાય સુધીનું થોડું અવલોકન કરી લઈએ.

એક વાર નાના પાટિલ શ્રી સાઈબાબાના પગ દાબતા દાબતા **तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया** એ શ્લોક ગણગણતા હતા. શ્રી સાઈબાબાએ તેમને પૂછ્યું કે અલ્યા, શું ગણગણે છે. જરા અર્થ કર જોઈ. નાનાએ શ્લોકનો શબ્દાર્થ કર્યો કે 'સાષ્ટાંગ પ્રણામ કરી, પ્રશ્ન પૂછીને, સેવા કરીને આ જ્ઞાન પ્રાપ્ત કરવું. તત્ત્વદર્શી જ્ઞાનીઓ આનો ઉપદેશ કરશે.' એક જ શ્લોક મારફતે ગીતા સમજાવવા ઇચ્છનાર બાબાને આ અર્થથી સંતોષ ન થયો. 'પ્રણિપાત'નો અર્થ સાષ્ટાંગ, 'પરિપ્રશ્ન'નો અર્થ પ્રશ્ન, 'સેવા' મારફતે શરીર સેવા એ ભાવને બદલે તેમણે વિશદ રીતે સમજાવ્યું.

"એકલું સાષ્ટાંગ એ પૂર્ણ નથી. સર્વાત્મ સમર્પણ અનિવાર્ય છે. એકલો પ્રશ્ન કરવો જ સંપૂર્ણ નથી. વ્યર્થ જિજ્ઞાસા અગર ગુરુની ગલતિઓ જોવાના ઇરાદાથી પ્રશ્ન કરવો અનુચિત છે. ઉન્નતિ અને મોક્ષની ઇચ્છાથી પ્રશ્ન કરવો જોઈએ. સેવા જેવું મૂળમાં કંઈ નથી. આપણે પોતે જ આપણા દેહના માલિક નથી. દેહ તો પહેલાં જ ગુરુને સમર્પિત છે. ગુરુસેવા અર્થે જ દેહ રચાયેલો છે...શિષ્ય અજ્ઞાનમાં ડૂબેલો છે અને તેને અનેક ગુરુઓના ઉપદેશથી ઊંચે ચઢવું છે. સાચો શિષ્ય આ ગુરુઓને ભગવાન જ માને છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગીતા સમજવા માટે સાઈબાબાનું આ કથન સમજવું ખૂબ જરૂરી છે. જ્યાં સર્વસ્વ ગુરુને સમર્પણ કરી, ગુરુને ભગવાન માની શિષ્ય તેના ચરણે બેસી જાય અને તેને માટે ગુરુ જે ઉપદેશ કરે—ત્યાં શિષ્ય, ગુરુ, ઉપદેશ એ બધું અમૃતમય બની જાય છે. આવા સદ્ગુરુ અને શિષ્ય જ્યાં પ્રેમપૂર્વક સંવાદ કરે ત્યાં બ્રહ્મજ્ઞાનની સરિતા વહે છે—**तत्र श्री विजयो भूतिः.....**

અર્જુન શિષ્યભાવે શ્રીકૃષ્ણના ચરણે બેઠો અને **શ્રીકૃષ્ણાર્જુનસંવાદ**—રચાયો. સદ્ગુરુ અને શિષ્યનો સંવાદ તે જ ગીતા છે. ગીતાના પ્રત્યેક અધ્યાયને અંતે આવે છે કે **શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**...ગીતા એ સંવાદ છે. અહંવાદીનો, પોતાનો કક્કો ખરો કરનારનો વિવાદ નથી. સંવાદનું લક્ષણ સંવાદિતા છે. ગુરુના અંતરતારની સાથે ત્યાં શિષ્યના અંતરતાર જોડાઈ જાય છે. ત્યાં શિષ્ય શિષ્ય નથી રહેતો, ગુરુ ગુરુ નથી રહેતો—બન્ને શિષ્ય એક થઈ જાય છે; એવો તે સંવાદ.

પરમ આનંદ પ્રાપ્ત કરાવનાર, પરમ પ્રેમનું દર્શન કરાવનાર, એવી આ પરમાનંદી ગીતાના પ્રથમ અધ્યાયની વિલક્ષણતા એ તેમાંનું રૂપક છે. મહાત્મા ગાંધીજીએ અનાસક્તિયોગની શરૂઆતમાં જ મહાભારત યુદ્ધ એ રૂપક છે એમ સ્પષ્ટ કહ્યું છે. એ રૂપકને શ્રી પરમાનંદે વિશદ સ્વરૂપે રજૂ કર્યું છે.

અધ્યાય પહેલો : ધર્મક્ષેત્ર એટલે આ જગત અથવા સ્થૂલ શરીર અને કુરુક્ષેત્ર તે હૃદય. એમાં જ પાંડવ અને કૌરવરૂપી શુભાશુભવૃત્તિઓ કે દૈવી અને આસુરી સંપત્તિઓ ઝઘડી રહી છે. અર્જુન—જીવ પોતાનું આત્મરાજ્ય ગુમાવી બેઠો છે. જ્યારે શુભવૃત્તિઓ સળવળી ઊઠી અને ઈશ્વરચિંતનમાં લાગી ત્યારે અશુભવૃત્તિના સરદાર આંધળા ધૃતરાષ્ટ્રને મનને, ચિંતા પેઠી. તેણે બુદ્ધિ—સંજયને પૂછ્યું કે ભાઈ, આ યુદ્ધની વાત મને કર. વાસનાથી અંધ બનેલ મનને દૈવીસંપત્તિ—પાંડવો ગમતા જ નથી. દયા, પ્રેમ, ધૃતિ, વિવેક,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિચાર ઇત્યાદિ શુભવૃત્તિઓની સેનાની સામે કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર, લોભ વગેરે અશુભવૃત્તિઓ ખડી થઇ ગઈ છે. યુદ્ધ શરૂ થાય તે પહેલાં સર્વેએ શંખ ફૂંકયા. અર્જુને નિશ્ચય રૂપી ધનુષ્ય ઉપાડયું. પછી અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે મારો રથ બન્ને સેનાની વચ્ચે ખડો કરો. શ્રીકૃષ્ણે રથ ખડો કર્યો અને અર્જુન—જીવ મૂઝવણમાં પડી ગયો. જીવ અશુભવૃત્તિઓને ચાળે ચડી ગયો. રાતદિનના સાથી વિષયોનો ત્યાગ કરવાની તે ના પાડે છે. તેનો નિશ્ચય ઢીલો થયો—ગાંડીવ હાથમાંથી સરી ગયું. તમામ જીવની આ સ્થિતિ થઈ જાય છે. એ સ્થિતિમાં જ ગુરુ શરણની જરૂર છે. જીવને જ્યારે આવો વિષાદ થાય છે ત્યારે જ ગુરુ ઉપદેશની શરૂઆત કરે છે.

અધ્યાય બીજો : 'હે પરંતપ, તું ઊભો થા.' અર્જુન વળી વિચારે છે કે આ ભીષ્મદ્રોણાદિનો સંહાર કર્યા પછી શું સુખ મળશે. તેને તો કામનાથી જ સુખ લાગે છે. કામનારહિત સ્થિતિનો તેને અનુભવ નથી પણ અહીં તે કહે છે કે' હું તમારો શિષ્ય છું. મને કશી સમજ પડતી નથી. ત્યારે ગુરુ ઉપદેશે છે કે :

ભાઈ, તું પંડિતાઈની વાતો છોડ. તું તો અજરઅમર આત્મતત્ત્વ જ છો. વિષય—સંબંધને લીધે તું રાગદ્વેષમાં લપટાઈ ગયો છો. અસત એવા દેહભાવને લીધે સત્યનું તને વિસ્મરણ થયું છે, તું ક્ષત્રિય છો. સ્વધર્મ—આત્મ ધર્મને કેમ ભૂલે છે ? હે કૌન્તેય, તારી બુદ્ધિને નિશ્ચયાત્મિકા કર, અને આત્મસ્વરૂપમાં સ્થિર કર.

ધૈર્યથી અત્યાર સુધી સાંભળી રહેલ અર્જુને આત્મસ્વરૂપમાં જે સ્થિત હોય એવા પુરુષના લક્ષણ પૂછયા. શ્રીકૃષ્ણે ઉત્તરમાં સ્થિતપ્રજ્ઞ પુરુષનો ગીતાનો મહાન આદર્શ રજૂ કર્યો.

અહીં સ્થિતપ્રજ્ઞનો મહાન આદર્શ શ્રી. પરમાનંદે જુદી જ રીતે રજૂ કર્યો છે. તેમણે જીવને—અર્જુનને સ્ત્રી સ્વરૂપે મૂકયો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવભાવ એટલે જ સ્ત્રીભાવ. 'નારદ ભક્તિ સૂત્ર'માં પ્રેમભક્તિ એક હોવા છતાં અગિયાર પ્રકારની વર્ણવી છે. **गुणमाहात्म्याशक्ति रुपाशक्ति, पूजाशक्ति; दास्याशक्ति, कान्ताशक्ति**...વગેરે. આમાં કાન્તાભાવની આસક્તિ એટલે જીવ સ્ત્રીભાવે પરમાત્માને પ્રિયતમ રૂપે જુએ એ તત્ત્વ છે. આ જ તત્ત્વ વૈષ્ણવ આચાર્યોએ અપનાવ્યું છે અને માધુરી ભક્તિ, રાધાભક્તિ, સખીભક્તિ વગેરે જુદા જુદા નામે એ ઓળખાય છે. અર્જુનરૂપી સ્ત્રી કૃષ્ણરૂપી પુરુષમાં મોહ પામી છે. કૃષ્ણ તેને પોતાના ઘરની રીત સમજાવે છે. અર્જુનની—સ્ત્રીની પોતાના પિયરિયા—સંસાર તરફની રહીસહી આસક્તિ ભગવાન પ્રિયતમ છોડાવી દે છે. પ્રિયતમ ભગવાન કહે છે કે વાસનાનું—પિયરિયાનું ચિંતન હવે નહિ થાય. સતી સ્ત્રી તો ધણીમાં જ રત રહે. સતી સ્ત્રીનું ચિંતન પતિ અને શિષ્યનું ચિંતન ગુરુ. પ્રિયતમમાં જ રત રહે છે તે સતી સ્ત્રી અને આત્મામાં કે ગુરુમાં જ રત રહે તે સત્ શિષ્ય—એ જ મુનિ. સતી સ્ત્રીના લક્ષણો વર્ણવતા હોય એ ઢબે અહીં પરમાનંદ સ્થિતપ્રજ્ઞના લક્ષણ રજૂ કરી દે છે પ્રિયતમ ભગવાન પોતાને વરીને આવેલી વહુ (અર્જુનને) સાંસારિક રીત છોડીને પોતાના ઘરની રીત સમજાવે છે કે વાસનાનો અને મારો જરાય મેળ નથી. શિશુપાલ સમા તારા વાસનારૂપી પિયરિયાને અને મારે બને એમ નથી પ્રકૃતિ રૂપી સ્ત્રીને ભગવાને વશ કરી લીધી.

જ્યાં પ્રિયતમા પ્રિયતમની સાથે એકરૂપ બની ત્યાં અદ્વૈતમાં એટલે કે બ્રાહ્મી સ્થિતિમાં કોઈ કર્મ ક્યાંથી રહે? બ્રાહ્મી સ્થિતિમાં કર્મ જ નથી એ વર્ણનમાંથી અર્જુને વળી નવો પ્રશ્ન પૂછ્યો અને ત્રીજો અધ્યાય શરૂ થયો.

અધ્યાય ત્રીજો:—અર્જુને પૂછ્યું કે હે ભગવાન, બ્રહ્મજ્ઞાનીને કર્મો કરવાના જ નથી તો મારી પાસે આ યુદ્ધ—સ્વાત્મપ્રાપ્તિ માટે ભજનકર્માદિ શા માટે કરાવો છો?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાને સ્થિતપ્રજ્ઞની વાત તો કહી દીધી. એ તો પાકા ઘડાની વાત હતી. અર્જુન તો હજી કાચો ઘડો છે. પ્રજ્ઞા સ્થિર થઈ જાય એ સ્થિતિએ પહોંચવા માટે તો કર્મ કરવાં જ પડે ને! ત્યાં ગુરુ તેને સકામભાવ છોડવાની વાત કહે છે. તું ભગવાન પર પ્રેમ રાખ અને અનાસક્ત બની જા. બહારથી કોઈ પણ કર્મ છોડવાની જરૂર નથી. કર્મ કરતો જા અને અંતરમાંથી આસક્તિ છોડતો જા. જ્યાં શરીર છે, પ્રારબ્ધ છે ત્યાં પ્રારબ્ધકર્મો છે જ. એ કર્મો જ્યારે ખપાવી દઈશ ત્યારે તું આપોઆપ છૂટી જઈશ. ફળની ઇચ્છા છોડી દે તો નવાં કર્મ નહીં બંધાય જૂનાં કર્મો ભોગવી લે, એમાં ભગવાનમાં પણ ચિત્ત હશે તો સુખદુઃખાદિથી મુક્ત રહીશ. નવો માલ ખરીદવો નહીં, જૂનો માલ ખપાવી દેવો પછી દુકાનનું દેવાળું નીકળી જશે. તું આ કર્મચક્રમાંથી આ રીતે છૂટી શકીશ. શ્રીકૃષ્ણ કહે છે કે, જો હું પણ લોકપરોપકાર અર્થે કર્મ કર્યા જ કરું છું. તું મારું જોઈને ચાલ, નહિ તો પાપમાં પડીશ.

'હે ભગવાન, એ પાપની પ્રેરણા કરનાર કોણ છે?–વિવેકી અર્જુન તમે જ આ પ્રેરણા આપો છો એમ આડકતરો આક્ષેપ મૂકે ત્યાં તો ભગવાને કહી દીધું કે ભાઈ, કામ, ક્રોધ વગેરે વિષયોની જ એ પ્રેરણા છે. તું જલ્દી એને માર.

અધ્યાય ચોથો:—ભગવાન અર્જુનને પોતાની ઓળખાણ આપે છે. અર્જુન, મેં જ આ જ્ઞાન સર્વને આપ્યું છે. સૂર્ય, મનુ, ઇક્ષ્વાકુ સર્વને મારી થકી જ આ જ્ઞાન પ્રાપ્ત થયું છે. જ્યારે જ્યારે અયોગ્ય કર્માચરણરૂપી અધર્મ પ્રવર્તે છે ત્યારે ત્યારે હું અવતરું છું. રામકૃષ્ણાદિથી માંડીને ગાંધીજી સુધી અનેક વિભૂતિઓ દ્વારા હું જ જ્ઞાન આપી રહ્યો છું. શ્રી પરમાનંદે અહીં સ્પષ્ટ કહ્યું છે કે 'જ્યારે હિન્દની સ્થિતિ ખરાબ થઈ, ત્યારે હું ગાંધીજી રૂપે પ્રગટ થયો.' ભગવાન જ ગાંધીજી રૂપે અવતર્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યાં પ્રેમ છે ત્યાં હું પ્રગટું છું મેં કર્મ જ કર્યું છે. તું ઈશ્વર સેવાનું કર્મ કર્યે જા. તું કર્મ કરતા કરતાં જ ઉદાસીન થઈ જઈશ, તું પ્રસન્નચિત્ત થઈ જઈશ. તું ઈશ્વરાર્પણ બુદ્ધિથી જે કંઈ કરીશ તે યજ્ઞ જ છે અને એ યજ્ઞનો પ્રસાદ તે હું—આત્મા જ.

અધ્યાય પાંચમો:—અહીં અર્જુનને એક પ્રશ્ન થયો કે કર્મયોગ અને કર્મસંન્યાસ બેમાંથી શ્રેષ્ઠ શું? ભગવાન હવે આ પાંચમા અધ્યાયમાં સમજાવે છે કે તું અજ્ઞાની જેવી વાત ન કર. ગમે તે માર્ગે જઈશ પણ એક જ ફળ મળવાનું છે. કર્મયોગના સમ્યગાચરણથી જ કર્મસંન્યાસ થશે. કર્મનો સંન્યાસ એટલે કર્મમાં રહેલી આસક્તિનો સંન્યાસ એટલો ખ્યાલ કર. તારી ભેદદૃષ્ટિ દૂર થશે અને સર્વત્ર વ્યાપ પરબ્રહ્મતત્ત્વનું દર્શન થશે.

અહીં ભગવાન સમદૃષ્ટિવાળા પુરુષનું વર્ણન કરે છે. બાહ્ય વિષયોમાં આસક્તિરહિત આત્મામાં જે રત છે તેવા બ્રહ્મ સ્વરૂપ મહાત્માનું શ્રીકૃષ્ણ વર્ણન કરે છે. બ્રહ્મસ્વરૂપ મહાત્મા ઇન્દ્રિયો અને વિષયોના સંબંધથી થનાર ભોગને નાશવંત ગણે છે. તેમાં તે રમતો નથી. **स योगी ब्रह्मनिर्वाण**...આમ કહીને અર્જુનને ભગવાને યોગ તરફ વાળી લીધો.

અધ્યાય છઠ્ઠો:—ભગવાન શ્રીકૃષ્ણે આત્મા પરના સંયમની એટલે કે યોગની વાત શરૂ કરી. આ અધ્યાયમાં શ્રી પરમાનંદે યોગના તમામ પ્રકારોનું વર્ણન કર્યું છે. કોઈ પણ પુસ્તક હાથમાં લીધા સિવાય તેમણે કરેલાં આ પ્રવચનોમાં સ્થળે સ્થળે 'પાતંજલ યોગસૂત્ર'ના ઉલ્લેખો મળી આવશે. 'યોગકૌસ્તુભ,' 'હઠયોગ પ્રદિપિકા' વગેરે યોગશાસ્ત્રના તમામ ગ્રન્થોમાં જે જ્ઞાન મળે છે તે સર્વ આ અધ્યાયમાં તેમણે એકત્ર કરી દીધું છે. તેમણે હઠયોગ, રાજયોગ, લયયોગ, મંત્રયોગ, જપયોગ, અષ્ટાંગયોગ—એ સર્વ યોગની વિસ્તૃત માહિતી અહીં મૂકી છે. ગુરુના ચરણે બેસીને આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બધા યોગ થઈ શકે છે. કુંડલિનીશક્તિ જાગ્રત થાય ત્યારે સાધકની શી સ્થિતિ થાય, જો ગુરુની હાજરી ન હોય યોગને બદલે રોગમાં ઢળી પડે.

આજે યોગ વિષેના જ્ઞાન માટે સર્વને લગની લાગી છે. દરેકને યોગ વિષે જાણવું છે. દેશપરદેશમાં સર્વત્ર ભારતના યોગના જ્ઞાન વિષે જાણવાની ઇચ્છા પ્રબળ છે. વિવેકાનંદ અને બીજા મિશનરી સાધુઓએ પરદેશીઓના હૃદયમાં ભારતના આ અદ્‌ભુત જ્ઞાન વિષે પુષ્કળ પ્રચાર કર્યો છે. *જેમને યોગ વિષે જાણવું હોય તે બધાને માટે આ 'પ્રેમયોગ' પુસ્તક ત્રીજું, અદ્‌ભુત માહિતી આપે છે. છેવટ તો શ્રી પરમાનંદ જાણે છે કે આ યુગમાં હઠયોગ અને રાજયોગ શક્ય જ નથી. તેમણે તો ધૂનયોગની જ મહત્તા દર્શાવી છે. શ્રી નારાયણ સ્વામીને વિષે શ્રી. શિવાનંદજીએ કહ્યું છે કે બહુ ઓછા જાણે છે કે તેઓ રાજયોગી છે. શ્રી નારાયણસ્વામી સંકીર્તનકાર તરીકે જ જાણીતા થયા. શ્રી નારાયણના શિષ્ય તરીકે શ્રી. પરમાનંદ પણ આમ જ વર્તી રહ્યા છે તેઓ ધૂનયોગના જ ચાહક છે. સર્વને તે સંકીર્તનનો માર્ગ દર્શાવે છે. સિદ્ધિ અને સંયમની અદ્‌ભુત વાત કર્યા પછી તેઓ કહે છે કે 'પ્રેમ સિવાય પરમપદની સિદ્ધિ ન આવે. પ્રેમવશ થાય તો જ ભંવરગુફામાં જઈ શકાય.' ભજનમાં ધૂનનો નાદ થાય છે. એ નાદમાં મનનો લય આપોઆપ થઈ જશે. નામસ્મરણથી અને નામસંકીર્તનથી તમામ યોગનું સુખ તને પ્રાપ્ત થઈ જશે. તું પ્રેમવિભોર થઈને નૃત્ય કર અને પરમાનંદ સ્વરૂપ પ્રાપ્ત કર.

અધ્યાય સાતમો:—કર્મ, અકર્મ અને વિકર્મની ગૂંચવણ પૂરી થઈ અને યોગજ્ઞાન થતાં જીવ જ્ઞાનવિજ્ઞાન સમજવાનો

---

* પરમહંસ યોગાનંદજીએ અમેરિકામાં રહી યોગ વિષે ઘણો પ્રચાર કર્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધિકારી બન્યો. સાતમા અધ્યાયની શરૂઆતમાં જ ભગવાને કહ્યું કે મારામાં મન આસક્ત કર અને તું સ્વરૂપ પ્રાપ્ત કર. સ્વરૂપ પ્રાપ્તિની ઇચ્છા કોઈકને જ થાય છે. બીજા તો મારી માયામાં જ રહે છે. પછી ભગવાન માયાનું, પ્રકૃતિનું સ્વરૂપ સમજાવે છે. અને સર્વત્ર હું જ ફેલાયેલો છું એમ સ્પષ્ટ કહે છે. દુસ્તર માયાને તરવા માટે મારું શરણ લે અને મને તું દેહધારી ન સમજ. છેલ્લા શ્લોકમાં ભગવાને કહ્યું કે અધિયજ્ઞ, અધિભૂત અને અધિદૈવ સહિત જે મને જાણે છે તે યોગી મરણકાળે મને પ્રાપ્ત કરે છે. અહીં આઠમા અધ્યાયની શરૂઆતમાં અર્જુનના પ્રશ્નનું બીજ છે. અર્જુન સ્વાભાવિક રીતે જ અધિયજ્ઞ, અધિદૈવ અને અધિભૂત જાણવાની ઇચ્છા કરે છે.

હવે આ પરમપ્રેમ પ્રકટાવનારી, પ્રેમનું ગહન તત્ત્વ હૃદયમાં સ્થાપિત કરતી પરમાનંદી ગીતાનો આઠમો અધ્યાય શરૂ થાય છે.....

રસિકલાલ હ. ભટ્ટ
એમ. એ; બી.ટી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રસ્તાવના

યુદ્ધની શરૂઆતમાં અર્જુનના મનમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો કે –ભક્તને આખું જીવન સાધના કરતાં કરતાં તો વૃદ્ધાવસ્થા આવી, મરણકાળ નજીક આવ્યો, ઇન્દ્રિયોની શિથિલતા વધતી ગઈ, સાધના થવી અતિ મુશ્કેલ બની ગયું તો પછી હવે આત્મપ્રાપ્તિ સંભવે ખરી?

ભગવાન કૃષ્ણ હસતાં હસતાં પ્રેમપૂર્વક કહે છે–અરે! ગાંડા રે ગાંડા! તને આટલું પણ ભાન નથી કે જે ભક્ત મનથી મારું ચિંતન કરે, કાનથી મારા ગુણગાન સાંભળે, વાણીથી મારું ભજન–કીર્તન કરે, આંખથી મારુ દર્શન કરે, હાથથી દાન કરે, પગથી તીર્થ—યાત્રા કરે તેને અંતકાળે હું કેમ ભૂલી શકું! કારણ જીવતાં જ જે પોતાના તન, મન, ધન મને અર્પણ કરે છે પછી તેને તન, મન, ધનનાં દુઃખો સતાવે જ શાના? તે મારામાં એટલો બધો તલ્લીન હોય છે કે તેના પંચમહાભૂતનાં પાંચ તત્ત્વો પડી જાય તો પણ તેને તેની ખબર નથી. નાના બાળકનું પહેરેલું વસ્ત્ર ક્યારે સરી પડે છે તેનું બાલકને ભાન હોતું નથી—તેના જેવું ભક્તનું છે. દેહ છતાં જેની દશા દેહાતીત હોય છે તેને દેહના પડવાથી શો શોક થાય! જે પ્રમાણે ઘંટનો નાદ ઘંટમાં જ લય પામે છે, માટલામાં ઢાંકેલો દિપક માટલામાં જ બૂઝાઈ જાય છે તેની તેને ખબર નથી તેવી જ રીતે મારા ભક્તનું છે.

જેણે આખી જિંદગી મારા સ્મરણમાં વિતાવી હોય તેનો તો હું દાસ બનું છું. તેની મરણ અવસ્થામાં તેને હું ભૂલી જાઉં તો પછી મારી ભક્તિ કરશે કોણ! તેથી કંઇ નહિ તો પણ ભક્તોએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મને અર્પેલું મહાન પદ સાચવવા માટે પણ મારે તેના યોગ-ક્ષેમનું વહન કરવું જ પડે છે. ભક્ત સૂરદાસના મોઢેથી મેં જ ગાયું છે—

"હમ ભક્તનકે ભક્ત હમારે
જીતે જીત ભક્ત અપનેકી, હારે હાર વિચારે
સૂન અર્જુન! પ્રતિજ્ઞા મેરી, યહ વ્રત ટરત ન ટારે."

આ પ્રસંગ પર સંત જ્ઞાનેશ્વર મહારાજ ખૂબ ખીલ્યા છે. સંત જ્ઞાનેશ્વરના મુખેથી મેં જ કહ્યું છે કે ભક્તોના ભક્તિરૂપી ઉપકારનો બોજો મારાથી સહન થઈ શકતો નથી આ પ્રકારે હું ઋણી થયો છું એમ જાણી એ ઋણમાંથી મુક્ત થવા માટે હું મારા ભક્તોની અંતકાળે સેવા કરું છું. જે શરીર તાપત્રયરૂપી અગ્નિની ધગધગતી સગડી છે, જે મૃત્યુરૂપી કાગડાનો બલિ છે, જે સર્વ પ્રકારના વ્યાધિથી પીસાયેલો રહે છે અને જે કાળે ચાવી નાખેલ ઉચ્છિષ્ટ ખિચડો છે તેની ગ્લાનિ મારા ભક્તોના સુકુમાર શરીરને ન લાગે એટલા માટે હું તેમને અંતકાળે આત્મબોધરૂપી પાંજરામાં રાખું છું. તે પાંજરા પર મારા સ્મરણનો આહ્લાદકારક અને શીતળ પડદો રાખું છું. એટલા માટે દેહના અંતકાળનું દુઃખ મારા ભક્તોને કદી પણ થતું નથી. આત્માપરથી દેહરૂપી આવરણ કાઢી નાખીને તથા મિથ્યા અહંકારની ધૂળ ખંખેરીને ભગવત્ પ્રાપ્તિની વાસનાથી તેમને મંદરૂપ કરું છું. તેથી દેહત્યાગ વખતે તેને લેશ માત્રનું દુઃખ થતું નથી. પછી આ દેહ ભક્તોને પુનઃ પ્રાપ્ત થતો નથી.

ખરેખર! દુઃખની વાત તો એ છે કે જીવ સંસારમાં બકરાની માફક બેં—બેં કરતો કપાયા જ કરે છે છતાં તેને પોતાના કલ્યાણની જરાયે પડી નથી; તેને તેની ફિકર થતી નથી. તેને ફિકર નથી એવું પણ નથી. ફિકર તો છે પણ શાની? પોતાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંસારની. જો તેને જ્ઞાન પ્રાપ્તિનો ઉપાય બતાવવામાં આવે તો તે કહેશે,—"અરે! આ તમે શું કહ્યું? શું સંસારમાં ભગવાન નથી? ગીતામાં સ્વયં કૃષ્ણ ભગવાનનો મત છે કે 'સંસારમાં સરસો રહે અને મન પારી પાસ.' હવે આવા જીવોને શું કહેવું? સંસારની આસક્તિ છૂટતી નથી માટે આવાં બહાનાં કાઢે છે. જ્ઞાન થયાં પહેલાં જ તેઓ જ્યારે સર્વત્ર ભગવાન છે એવી વાતો કરે છે અને સાધના કરતા નથી ત્યારે તેમની મુક્તિનો ઉપાય શું હોય! તેમને તો સંસારની આસક્તિ રાખીને ભગવાન મેળવવો છે; એ તદ્દન અસંભવિત છે.

"પ્રેમ ગલી અતિ સાંકરી
તા મેં દો ન સમાય."

જ્યારે આવા સંસારી બંધનમાંથી કોઈ ભક્તિ તરફ વળે છે ત્યારે માતા, પિતા, ભાઈ, બેન ઇત્યાદિ બીજાં સંબંધીઓ તેને પોતાના તરફ ખેંચે છે. અને કહે છે, "શું અમારામાં ભગવાન નથી? ઉપનિષદમાં પણ કહ્યું છે કે 'માતૃદેવો ભવ! પિતૃદેવો ભવ!' અમારું ઋણ ક્યારે ચૂકવશો?" એનો જવાબ એ જ છે કે અજ્ઞાન અવસ્થામાં મા–બાપ ઇત્યાદિના ઋણો તન, મન, ધન, સેવાથી ચૂકવી શકાય છે પણ જ્ઞાન માર્ગમાં તો સદ્ગુરુ મળતાં તેનું ઋણ સૌથી વિશેષ હોય છે. તે તો હંમેશાં આપણા માથા પર રહ્યા જ કરે છે; તે કોઈ કાળે ચૂકવાતું જ નથી.

"આત્મા સે પરમાત્મા જુદા રહે બહુ કાલ,
સુંદર મેલા કર દિયા સદ્ગુરુ મિલે દલાલ."

સદ્ગુરુ મિલનથી અનેક જન્મોથી સૂતેલો આ જીવ જાગી ઉઠે છે અને પોતાનું ખરું ભાન મેળવે છે. એ સુપ્ત દશામાંથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાગ્રત કરનાર સદ્‌ગુરુનું ઋણ—તન, મન, ધન—અરે આખો સંસાર હોમી દઇએ તો પણ ચૂકવાતું જ નથી.

જ્યારે ભક્ત પોતાના માર્ગમાં અડગ રહે છે ત્યારે આખો સંસાર વાઘની માફક સામે ઊભો રહે છે પણ સાધનાના દૃઢ નિશ્ચય આગળ સંસારના સર્વ બળો સદ્‌ગુરુ કૃપાથી ફૂલથી પણ વિશેષ હલકા થઈ જાય છે. સાધક જો દૃઢ નિશ્ચય કરે તો જ તેને ખબર પડે કે સંસાર ખાંડાની ધાર છે અને ભક્તિ ખાંડ જેવી મીઠી છે; નહિંતર જીવને તો સંસાર ખાંડ જેવો મીઠો લાગે છે અને ભક્તિ ખાંડાની ધાર લાગે છે. ભક્તિ તો શૂરાનો માર્ગ છે ભક્તિમાર્ગમાં ભક્તને પુષ્પો મળે છે જ્યારે કાયરને કાંટા નડે છે. આ માર્ગમાં તો હાથમાં માથું લઈને લડવા જેવું છે. ભક્તનો પ્યાગે પ્રભુ પણ પોતાના પ્રિયનું પારખું લેવા નિત્ય નવી નવી લીલાઓ કરીને તેને પાકો ઘડો બનાવે છે. પ્રભુ પારખું લે છે ત્યારે સંસાર આખો શિષ્યની સામે ઊભો રહીને તેને દબડાવે છે; ઠઠ્ઠા—મશ્કરી કરે છે અને નિત્ય અજબ—ગજબ, અવનવા આરોપો મૂકી તેને હેરાન પરેશાન કરવામાં જરાયે પાછો પડતો નથી.

આ વિષે પરમાનંદ સ્વરૂપ શ્રી. ચંપકભાઈ કહે છે કે,—"દુનિયા તો દુષ્ટ દુઃશાસન છે. દ્રૌપદી છે તે ભક્ત છે. દ્રૌપદીની ભક્તિ દુઃશાસનથી સહન થતી નથી, માટે દ્રૌપદીનું ચીર હરણ એટલે કે આબરૂ લેવા માગે છે. દુઃશાસનનું બળ દેખાય છે તો ઘણું, પણ અંદરથી પોકળ છે. સાધન અવસ્થામાં આવા વિકટ પ્રારબ્ધ વખતે શરણાગત શિષ્યનું રક્ષણ ભગવાન કરે છે. આ સમયે સદ્‌ગુરુ શિષ્યને આધાર આપીને પોતાની માફક ખરેખર 'નિરાધાર' બનાવી દે છે."

ભક્તિમાર્ગમાં સાધકની શું દશા થાય છે તે તો જુઓ!

"હજી તો સાધનાની શરૂઆત થઈ કે વાસુદેવ અને દેવકી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નામક સાધકોને સંસાર જેલમાં પૂરે છે, એટલે કે સંસાર તેમને સંઘરવા માટે બિલકુલ તૈયાર નથી. કંસ એટલે સંસાર, ષડ્‌રિપુઓ, વૃત્તિઓ—જે કહો તે. દેવકીને સાત સાત સંતાનો થાય છે અને સાતેને કંસ મારી નાખે છે. એટલે કે સાધકના સાત સાત વખતના પ્રયત્નો નિષ્ફળ જાય છે. સંસાર ભક્તને આગળ વધતો અટકાવે છે પણ ભક્તની અડગ ટેકને લીધે આઠમે પ્રયત્ને કૃષ્ણનો જન્મ થાય છે. કૃષ્ણનો સંસારમાં જન્મ થતો નથી પણ જેલના સળિયા પાછળ જન્મ થાય છે. કંસના સાન્નિધ્યમાં કૃષ્ણનો જન્મ શી રીતે હોઈ શકે? સાધક હવે આ કૃષ્ણરૂપી ભક્તિને છૂપાવી દે છે; તેને સંતાડી દે છે. "જીસને પાયા ઉસને છિપાયા." માયાને તો વાસુદેવ—દેવકી (સાધકો) મારવા દે છે પણ કૃષ્ણને મારવા દેતા નથી; ભક્તિને—કૃષ્ણને તેઓ ગુપ્ત રાખે છે; કારણ જો સાધક ભક્તિને ગુપ્ત નહિ રાખે તો પાછો સંસાર—કંસ ભક્ત પર ત્રાટકે."

સાંસારિક કષ્ટોને ભક્ત કસોટી નહિ માનતા કૃષ્ણ જ માને છે; કારણ એ સમય તેને માટે ભાગ્યોદયનો છે. તેમાં જ તેનું ઘડતર થાય છે. આવા કષ્ટો—ભક્તને મન આવા સરસ ભોગો તો ભાગ્યશાળી ભક્ત અથવા ભગવાન સિવાય બીજું કોણ ભોગવે? તેથી પ્રતિકૂળ પ્રસંગો જેમ વિશેષ આવે તેમ ભક્ત વધારે તેના ભક્તિ ભાવમાં દૃઢ બને છે. પ્રસંગો વિના જ્ઞાનની કિંમત શું?

જગતના મેણાં—ટોણાંથી ભક્તનું ચિત્ત જગત પર વધારે ઉદાસ બનતું જાય છે; તેની રહી સહી સાંસારિક આસક્તિ પણ છૂટી જાય છે; સહજ રીતે ભગવાનની ગોદમાં પડી જાય છે; તેમાં કારણભૂત હોય તે પણ સંસારીઓ જ. કારણ કે સંસારીઓ જ તેને ભગવાનના ચરણકમળમાં—પદ પંકજમાં ધકેલતા હોય છે. આ પ્રમાણે ભગવાન પોતાના ભક્તને સંસારની ક્ષણિક લાજ, આબરૂ,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કીર્તિ, માન ઇત્યાદિથી છોડાવીને પોતાની અમર કીર્તિ અર્પે છે. સાચે જ સાચી કીર્તિ તો કૃષ્ણના કીર્તનિયા થવામાં જ છે. ભકત માટે ભગવાન બધું હોડમાં મૂકી દે છે. કારણ કે ભકતની આબરૂમાં જ ભગવાનની આબરૂ સમાયેલી છે.

સદ્‌ગુરુ અથવા ભગવાનના અસીમ નિઃસ્વાર્થી પ્રેમ આગળ માયાના અબજો પ્રેમો ફિક્કા પડી જાય છે. પછી તો શિષ્યને આખા સંસાર સામે ન લડવું હોય તો પણ સદ્‌ગુરુના પ્રેમને વશ થઈ એકલો જ સંસાર સામે લડે છે. જે ભગવદ્ પ્રીતિ સંપાદન કરવા માટે થોડોક પણ પ્રયત્ન કરે છે, ભગવાન તેને પોતાનામાં સમાવી લે છે.

"સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્"—આમાં ગુમાવવાનું શું છે? મેળવવાનું જ છે. કદાચ ગુમાવવાનું હોય તો થોડોક ત્યાગ કરીને મહાન વસ્તુ—ભગવાન—મેળવવાનો છે; તો પછી આને ગુમાવ્યું કહેવાય કે મેળવ્યું કહેવાય?

માયાની મમતા મૂક્યા વિના મુનિ અથવા મહાત્મા થવાતું જ નથી. માયાની મમતા રાખવી એટલે કે માયા આપણો ગુરુ અને આપણે માયાના દાસ, હવે માયાના દાસને મુક્તિ કેમ સંભવે? સદ્‌ગુરુ તો ભકતને માયામાં સંશય કરાવે છે. ભગવાન પણ ગીતામાં કહે છે—"મમ માયા દુરત્યયા." તેથી જ સદ્‌ગુરુ આ માયામાં આગ લગાડીને ભકતોના સંસારનો હોમ કરી તેમને તેમાં શુદ્ધ કરે છે. માયાનું મહાભારત (નાશ) કરવાથી જ મુનિ અથવા મહાત્મા થવાય છે. તેથી જ પ્રથમ અવસ્થામાં ત્યાગની જરૂર પડે છે—"ત્યાગાત્ શાંતિ નિરંતરમ્."

પરમાનંદ સ્વરૂપ શ્રી. ચંપકભાઈ એક મહાન પુરુષ છે. મહાત્માનું મહાત્મ્ય મારા જેવા પામર જીવ શું જાણી શકે? મહાત્મા રૂપી મહાસાગરમાં મારી ચાંચ તો ડૂબતી જ નથી. મીઠાની પૂતળી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાગરનું માપ કેવી રીતે કાઢી શકે? ટૂંકમાં કહીએ તો તેઓ ગીતાની આદર્શ મૂર્તિ અથવા સ્થિતપ્રજ્ઞ છે. ગીતા તો સ્થિતપ્રજ્ઞ જ સમજાવી શકે. કારણ કે તેમની ભાષામાં અનુભવનો રણકાર હોય છે. અનુભવીની ભાષામાં કંઈ અનેરો આનંદ આવે છે. હૃદયના અતલ ઊંડાઈમાંથી વાણીનો એ ઝરો વહેતો હોવાથી એ વાણીમાં અનુભવની-મસ્તીના પડઘા ઠેર ઠેર પડે છે—તે તમને પૂજ્ય ચંપકભાઈનું આ પુસ્તક વાંચતા સમજાશે.

"પ્રેમયોગ"માં તેઓ કહે છે, કે:— આઠમો અધ્યાય એટલે સાધક માટે અંતકાળનું યુદ્ધ. બાંધેલાં કર્મોને ખપાવી દેવા તેનું નામ યુદ્ધ. કેટલાંયે જન્મોનાં પોટલાં બાંધ્યા છે તે છોડીને ફેંકી દેવા તેનું નામ યુદ્ધ. કર્મો ખપાવશો નહિ તો દુઃખનો છેડો નથી. કર્મ જ્યાં સુધી નિર્ઝરા નહિ થાય ત્યાં સુધી દુઃખનો અંત નથી.

વિષયોનો નાશ કરવો છે એ ભાવનાથી ભજન કરો. વિષયો વધારવા માટે ભગવાનની પૂજા કરવાની નથી, ભગવાનને મેળવવા માટે જ ભજન કરવાનું છે; એ જ સાચો પ્રયત્ન છે.

આજે હિંદમાં નવાણું ટકા માણસો ખોટો પ્રયત્ન કરી રહ્યા છે. આટઆટલાં મંદિર અને આટઆટલી હવેલીઓ હોવા છતાં ધાર્મિકતા નથી. સુખ જ ક્યાં છે! નવાં નવાં મંદિરો થાય છે અને કથાની તો હેલીઓ વરસે છે છતાં દેશમાં ચારે બાજુ અધર્મ ફેલાઈ રહ્યો છે. અધર્મનું આચરણ વિશેષ થઈ રહ્યું છે. ધર્મનું આચરણ જે દેશમાં હોય ત્યાં દુઃખ ન હોય. આ દેશમાં તો દુઃખ અને રોદણાં જ છે. ગમે ત્યાં જાઓ પણ ક્યાંય સાચું ભજન નહિ પણ વિષયની બોલબાલા જ થઈ રહી છે. એક દિવસ પણ સાચા મનથી ભજન કરે તે અમર થઈ જાય."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાચા મનથી પ્રાર્થના કરો કે હે ભગવાન! અનંત જન્મો સુધી અમે ખૂબ ભોગવ્યું. સ્ત્રી. પુત્રાદિકમાં તેમ જ ધન અને બીજા વિષયોમાં જે મન છે તે મનને તેમાંથી કાઢી નાખ..... આમ પ્રાર્થના કરશો તો જ સાચું ભજન થઈ શકશે.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्धय च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यशसंशयम् ॥

(ગીતા. અ. ૮. શ્લોક-૭)

સાધક અવસ્થામાં જીવ અને શિવ એમ બે રૂપ રહે છે; પછી તો સાધન જ સાધ્ય થઈ જાય છે, જુદાં નથી રહેતાં. ભજન જ ભગવાન છે. ભજન કરતાં કરતાં ભગવદ્‌મય થઈ જવાય છે. એ માટે સતત ભજન, સતત કીર્તન અને સતત સત્સંગની જરૂર છે. સતત સત્સંગ અને સતત સંકીર્તનથી સદ્‌ગુરુની પ્રાપ્તિ સહજ થાય છે. સદ્‌ગુરુ પ્રાપ્ત થતાં સાધનનાં કષ્ટો સહન કરવા પડતાં નથી. સાધના પ્રેમપૂર્વક થતાં જ સદ્‌ગુરુ, સાધક, અને સાધનની ત્રિપુટિ એક થઈ જાય છે અને તે સ્થિતિ તે પરમ આનંદ— પરમાનંદ.

કુ. સુધા રાઠી
બી એ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



પૂ. ચંપકભાઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય આઠમો.

અક્ષરબ્રહ્મયોગ

અર્જુન ઉવાચ:—

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥ १ ॥
अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ॥ २ ॥

અર્જુન બોલ્યો :—હે પુરુષોત્તમ ! તે બ્રહ્મ એટલે શું ? અધ્યાત્મ એટલે શું ? કર્મ એટલે શું ? અધિભૂત શાને કહે છે અને અધિદૈવ કોને કહે છે. ૧. હે મધુસૂદન ! આ દેહમાં અધિયજ્ઞ કહેવાય છે, તે કોણ અને કેવો છે; અને જેણે અંતઃકરણને જીત્યું છે, એવો યોગી મરણકાળે તમને કેવી રીતે જાણે છે ? (૨)

અર્જુન હવે ભગવાનને બુદ્ધિયુકત પ્રશ્નો પૂછે છે, બાલીશ પ્રશ્નો નથી પૂછતો. બ્રહ્મ શું ? અધ્યાત્મ શું ? અધિયજ્ઞ અને અધિદૈવ એટલે શું ? —વગેરે પ્રશ્નો હવે તે ભગવાનને પૂછે છે. હવે અર્જુનને જ્ઞાન થયું છે કે શ્રીકૃષ્ણ મહાન છે માટે તો 'પુરુષોત્તમ' એવું સંબોધન કરે છે. અર્જુન નમ્રતાથી કહે છે અધિયજ્ઞ, અધિભૂત અને કર્મ આ બધું મારી સમજમાં આવતું નથી. વળી તેનો બીજો પ્રશ્ન એ છે કે જેણે અંતઃકરણને જીત્યું છે એવો યોગી મરણકાળે તમને કેવી રીતે ઓળખે છે.

ભગવાન સમજ્યા કે હવે અર્જુનને જ્ઞાનની ભૂખ લાગતી જાય છે. તેને ખરેખર જ્ઞાનની ઇચ્છા થઈ છે. ખરેખર ભૂખ લાગી હોય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો કઈ મા ન પીરસે? જો બાળક નકામી માગમાગ કર્યા કરે તો ચીમટા પણ ભરે અને કહે કે 'હજી હમણાં જ જમ્યો ને!' અર્જુનનો પ્રશ્ન તો જિજ્ઞાસાયુક્ત છે કે યોગી મરણ વખતે તમને કઈ રીતે મળે? જેને ખરેખર જિજ્ઞાસા છે તેને સમજાવનારા હમેશાં મળે છે. સમજાવનારા તો ઘણાં છે પણ સમજવું કોને છે? કોઈ સમજનાર જ મળતું નથી. ભૂખ ન લાગી હોય અને પકવાન્ન પીરસે તો શા કામનું? ભૂખ વગર ખાય તો જેમ બગાડ થાય તેમ અધિકાર વગર જ્ઞાન આપે તો તે સમજવાનું મુશ્કેલ બને છે. સમજ વગરનું જ્ઞાન એટલે કે દેહને આત્મા માનીને પોલ ચલાવવાનું જ્ઞાન. આ જ્ઞાનથી તો દુઃખ જ થાય. આત્મા અને આત્માની વાત આવી પોલ ચલાવવાની વાત નથી. દેહને આત્મા ન માની લેવો જોઇએ. અર્જુન તો મુમુક્ષુ–મોક્ષની ઇચ્છાવાળો છે માટે હવે ભગવાન જવાબ દે છે. (૧. ૨)

श्री भगवानुवाच:—

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३ ॥

શ્રી ભગવાન બોલ્યા: બ્રહ્મ અવિનાશી અને શ્રેષ્ઠ છે. સ્વભાવ (બ્રહ્મનું શરીરમાં રહેવું એટલે હોવું—જીવાત્મા) તે અધ્યાત્મ; અને પ્રાણીની ઉત્પત્તિના કારણસર તે વિસર્ગ, દેવતાઓને ઉદ્દેશીને યજ્ઞમાં ચરુપુરોડાશાદિ દ્રવ્યનું પ્રદાન તેને કર્મ કહે છે. (૩)

હે અર્જુન! બ્રહ્મ અવિનાશી અને શ્રેષ્ઠ છે. નિરંતર એક જ સ્થિતિમાં રહેવાનો ભાવ તે સ્વભાવ છે અને તે જ અધ્યાત્મ. અધ્યાત્મજ્ઞાન એટલે કે આત્મસાક્ષાત્કાર. આત્મા એટલે કે બ્રહ્મ એ જ સત્ય છે અને અવિનાશી છે. બીજું બધું તો વિનાશી છે. આપણું રમણ વિનાશી તત્ત્વોમાં છે. આપણે વિનાશી તરફ દોડી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહ્યા છીએ. અવિનાશી તત્ત્વ જ બ્રહ્મ છે; તે સમસ્થિતિ છે. દિવસ અને રાત, સુખ અને દુઃખ, રાગ અને દ્વેષ વગેરે દ્વંદ્વોથી રહિત જે છે તેને જ અધ્યાત્મ કહેવાય છે. કર્મ એટલે વિસર્ગ. વિસર્ગ એટલે સૃષ્ટિવેપાર. આ હું છગન, આ બધું મારું, આ મારા કાકા, આ મારા મામા, આ મારી સ્ત્રી અને આ મારાં છોકરાં—આ બધાંને માટેનાં કર્મો તે સૃષ્ટિવેપાર. સૃષ્ટિવેપાર એટલે જ પ્રકૃતિનાં કર્મો. આનું જ નામ પ્રકૃતિ.* (૩)

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ४ ॥

હે પુરુષ શ્રેષ્ઠ! નાશવંત એવો જે ભાવ (વસ્તુ) તેને અધિભૂત કહેવો; પુરુષને (સમષ્ટિના સૂક્ષ્મ ઉપાધિના અભિમાની હિરણ્યગર્ભ તથા વ્યષ્ટિના સૂક્ષ્મ અભિમાની તૈજસને) અધિદૈવત કહેવો; તથા આ દેહમાં (કેવળ સાક્ષીભૂત) રહેલાને અધિયજ્ઞ કહેવો અને તે હું જ છું. (૪)

હે અર્જુન! નાશવંત એવો જે ભાવ તેને અધિભૂત કહેવો. નાશવંત ભાવ એટલે નામરૂપ. નામરૂપનો નાશ થયા કરે છે માટે નામરૂપ તે અધિભૂત.

કેટલાયે નામરૂપ ચાલી ગયાં. અર્જુન અને કૃષ્ણના નામરૂપ તો ચાલ્યાં ગયાં ને! અવિનાશી તો બ્રહ્મ અને તે જ આત્મા છે.

---

* આ સર્વ (જગત)ની ઉત્પત્તિ શામાંથી અથવા કોનામાંથી થાય છે, એનું જો અવલોકન કરીએ, તો એમનું મૂળ અવ્યક્ત જ છે એમ દેખાય છે. અર્થાત્ મૂળમાં કર્તાનું કે અંતમાં કારણનું પણ ઠેકાણું નથી; છતાં પણ વચ્ચે કાર્યની આપોઆપ જ વૃદ્ધિ થાય છે. અવ્યક્તમાં કર્તા સિવાય પણ પ્રત્યક્ષ દેખાતો આકાર ઉત્પન્ન કરવાનો આવો જે વ્યાપાર ચાલી રહ્યો છે, તેને 'કર્મ' કહે છે.! (શ્લોક-૩)

—જ્ઞાનેશ્વરી ગીતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાન હવે અર્જુનને બધું છુટું છુટું કરીને સમજાવે છે.

અધિભૂત એટલે નાશવંત છે એવો ભાવ; અને અધિદૈવ એટલે જીવભાવ. દેહમાં કેવળ સાક્ષીભૂત આત્મા તે અધિયજ્ઞ. અધિદૈવ એ જીવ અને અવિનાશી આત્મા શિવ તે અધિયજ્ઞ. કર્મ એટલે સૃષ્ટિવેપાર અને અધ્યાત્મ એટલે બ્રહ્મ, આત્મા, અવિનાશી તત્ત્વ. અર્જુનના પ્રથમ પ્રશ્નનો જવાબ ભગવાને ટૂંકાણમાં આપ્યો અને હવે યોગી તમને મરણકાળે કઈ રીતે મળે તેનો જવાબ ભગવાન આપે છે. (૪)

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥ ५ ॥

વળી જે અંતકાળે મારું સ્મરણ કરતાં કરતાં દેહ છોડે છે, તે મારા સ્વરૂપમાં મળી જાય છે, એમાં સંશય નથી. (૫)

હે અર્જુન! અંતકાળે જે મારું સ્મરણ કરે છે તે મારાં સ્વરૂપમાં ભળી જાય છે. જીવનપર્યંત જે જે કર્યું છે તે તે મરણ સમયે સામે આવીને ઊભું રહે છે. મરણ વખતે કઈ વાસના સામે આવે? આખા જીવનમાં જે જે કામ કર્યાં છે તેની જ ને! અને એ વાસના પ્રમાણે પાછો જન્મ મળે છે. આખો જન્મ હાય હાય જ કર્યા કર્યું છે, તૃષ્ણા જ વધારી છે. આ મારું, તે મારું, એમ કરીને ઝઘડા જ કર્યાં છે, ક્લેશો જ વધાર્યા છે, ભગવાનનું નામ લીધું નથી, ભગવાન વિષે વિચાર જ કર્યો નથી. બહુ થાય તો વળી મુસીબતને વખતે હનુમાનજીને તેલ ચડાવે અને બાધા રાખે. ભગવાનને નોકર સમજીને ઑર્ડર (હુકમ) કરે કે તું આમ કરી નાખ, તું તે કરી દે. મંદિરોમાં તો આપણ નોકરો બેસાડયા છે ને! આવા લોકોને અધિભૂત અને અધિદૈવ એ બધી માથાજીક લાગે છે. આજે નવાણું ટકા લોકોની આ સ્થિતિ છે. સંસારનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કષ્ટ પડે, મકાન વેચાઈ જાય, પૈસા ખોવાઈ જાય, નોકરી જાય, કે વેપારમાં ખોટ આવે ત્યારે તેઓ મહાત્મા પાસે જાય. પારસી. ખ્રિસ્તી, મુસલમાન, હિન્દુ બધાયની આ જ સ્થિતિ છે. કોઈ મહાત્મા પાસે જાય કે કોઈ ફકીર પાસે જાય. આનું નામ ધર્મ ખરું ને! અંતકાળ સુધી જેની આવી સ્થિતિ છે, મરણ સુધી જે વિષયોમાં જ રચ્યોપચ્યો રહે છે તેની મરણ વખતે કઈ સ્થિતિ થાય? જ્યારે વિષયને જ તેણે ભગવાન ગણ્યો છે ત્યારે તો તેની વાસનાઓનો પિંડ તૈયાર થાય અને કૂતરાં, બિલાડાના જન્મો તેને મળે.

જેણે ભજન કર્યું છે તેની સ્થિતિ આવી ન થાય. હે ભગવાન! તું મને વિષયોમાંથી છોડાવ એમ જે પ્રાર્થના કરે તે ભકત છે. ભકત ભજન વખતે વિષયમાંથી મુકિત મળે તે માટે પ્રાર્થના કરે છે. છોકરો મરે કે વહુ મરે તેની તેને ચિંતા નથી. કેવળ મારું ચિંતન કરે તે મને આવીને જ મળે તેમાં કોઈપણ જાતનો સંશય નથી. આત્મા કે અધિયજ્ઞ તે હું જ છું; તેનું ચિંતન કરતાં શરીર છોડે તે અધિયજ્ઞ થઈ જાય. આવી સ્થિતિમાં મરણ થાય તો વાંધો નહિ. જેવું જેવું જેનું ચિંતન તેવી તેવી તેને પ્રાપ્તિ.

કઈ જાતનું ચિંતન કરવું જોઇએ?

ભગવાનનું જ ચિંતન કરવું જોઇએ. મંદિરમાં જવાની ના નથી પણ મંદિરમાં માગવા જવાનું નથી. ત્યાં જઇને ભગવાનનું ચિંતન કરવાનું છે. એ ચાર વર્ષ પછી ભજન કરશું–એ ભાવ જ ખોટો છે. સર્વત્ર આત્મા જ વ્યાપ્ત છે છતાં વૃત્તિની નિંદા ટીકા તો થવી જ જોઈએ. વૃત્તિ પર ભાવ ન રાખવો. વૃત્તિ આત્મા નથી. પણ વૃત્તિ જ પ્રવૃત્તિ કરાવે છે, માટે નિર્મળ મનથી ભગવાનને પ્રાર્થના કરો કે 'હે ભગવાન તું આ વિષયમાંથી મુકત કર.' આ રીતે પ્રાર્થના નહિ કરો તો તમારે માટે નાશવંતમાં જ રહેવાનું છે;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાશ્વતનો ભાવ, આત્માનો ભાવ નહિ પ્રગટે અને અધિદૈવમાં એટલે જીવભાવમાં જ તમે રહેશો. તમે પશુયોનિ તરફ ધસી રહ્યા છો. કેટલાય જન્મોને અંતે આ શરીર મળ્યું છે. વિચાર તો કરો. નાશવંત વસ્તુને માટે પ્રાર્થના હોય ખરી? નાશવંતને માટે પ્રાર્થના હોય જ નહિ. તમે નાશવંતને માટે પ્રાર્થના કરીને અનંત ભવ બાંધો છો. અનેક ઇચ્છાઓ અને બાધાઓથી નવા નવા કરોડો જન્મ મળશે. પચાસ કે સાઠ વર્ષના આયુષ્યમાં તમે ચોરાશી લાખ જન્મો બાંધો છો. ચોરાશી લાખ નહિ, મને તો તેથી વિશેષ, કરોડો અરે અનંત યોનિઓ દેખાય છે. એક મિનિટમાં મન સેંકડો ઇચ્છાઓ કરે છે, જેટલી ઇચ્છા એટલા જન્મો. એક પળમાં મન કેટલા વિચાર કરે છે? પચાસ કે સાઠ વર્ષના આયુષ્યમાં આપણે કેટલા વિચારો કરીએ છીએ? આપણે જ પ્રજાપતિ એટલે બ્રહ્મા છીએ. આપણે જ નવી નવી સૃષ્ટિ ઉત્પન્ન કરીએ છીએ. સંકલ્પ વિકલ્પ રૂપી પ્રજા મન જ ઉત્પન્ન કરે છે; સંકલ્પ વિકલ્પની સૃષ્ટિ બ્રહ્મા ઉત્પન્ન કરે છે. બ્રહ્મા એટલે મન. મન કેટલી સૃષ્ટિ ઉત્પન્ન કરી રહ્યું છે? મનુષ્ય શરીર અનેક જન્મોની મા છે. અધિયજ્ઞ તો હું જ, આત્મા, ભગવાનનું સ્વરૂપ—તેને જાણવા માટે જ પ્રાર્થના કરવાની છે.

ભગવાન પાસે પ્રેમયુક્ત અને નિષ્કામ ભાવે પ્રાર્થના કરો કે, 'હે ભગવાન! અમને આમાંથી છોડાવ.' એકાદ જન્મ આ અખતરો કરો. મૃત્યુની ખબર નથી માટે તાત્કાલિક આ પ્રયોગ કરવો જ. આ જન્મારે તો કંઈક નવું કરવું; તેમાં બહુ બહુ તો આ જન્મ બગડશે. આ એક્સપેરીમેન્ટ experiment (પ્રયોગ) કરવા જેવો છે, આ અડધી જિંદગી ચાલી ગઈ; પચીસ, ત્રીસ વરસ થઈ ગયા છે; દરેક જન્મમાં છોકરાં, પૈસા, બૈરાં વગેરે માગ્યું; બધી ઇન્દ્રિયોને પશુઓની જેમ વિષયોમાં કામે લગાડી.

મેં તમને બુદ્ધિ આપી ત્યારે તમે વિષયમાં જ રમણ શરૂ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્યું. કયું ઉત્તમ કાર્ય કર્યું છે? કૃતરો પણ માલિક પ્રત્યે વફાદાર રહે. તમે તમારા માલિકને જ ભૂલી ગયા છો. આમાં સુખ ક્યાંથી મળે? આપણે ઉલટે રસ્તે જઈ રહ્યા છીએ. બધાંને અધિયજ્ઞ (આત્મા) થઈ જવું છે. આ માટે ભજન કરવું જોઈએ તે બધાં સમજે છે. અંદરથી આ પ્રેરણા થાય છે છતાં આપણે વિષયો તરફ દોડીએ છીએ. એ જ આપણા સંસ્કાર છે. ભક્તિ તરફ કોઈને જવું જ નથી. જ્યાં સુધી અ! જન્મમાં પુરુષાર્થ નહિ કરીએ ત્યાં સુધી બધું નકામું છે. જેવો પુરુષાર્થ કરો તેવું પ્રારબ્ધ ઘડાય. તમે જ્યાં સુધી ભજનની, ભક્તિની ઇચ્છા ન કરો ત્યાં સુધી ભજન કોણ કરાવશે? તમે કહો છો કે ભગવાન ભજન કરાવે તો કરીએ. આ કેટલો ખોટો ભાવ છે? ભગવાન કહે છે કે તમે ભજન કરો કે ન કરો, જેમ કરવું હોય તેમ કરો—હું કંઈ નથી કહેતો. મેં તમને શક્તિ આપી છે. જે તરફ શક્તિ વાપરવી હોય તે તરફ વાપરો. બેઉ તરફ મારી જ શક્તિ છે. મારી લીલામાં કે મારી તરફ—બન્ને તરફ મારી જ શક્તિ તમને મળશે. આપણે ગીતા વાંચીએ છીએ એ દ્વારા પ્રારબ્ધ જ ઘડીએ છીએ. આપણે ભગવાન તરફ જવાનું પ્રારબ્ધ ઘડીએ છીએ. અત્યારે નહિ તો આવતા જન્મમાં તો આગળ જવાય જ. કમે કમે જેવો પુરુષાર્થ કરશો તે પ્રમાણે મોક્ષ તો મળશે. કોઈની કંપની નાની હોય અને કોઈનો વેપાર મોટો હોય. કંઈક પણ પુરુષાર્થ કરશો તો ભગવાન મળશે. આ જન્મમાં હવે કંઈ નથી જોઈતું એ જ ચિંતન કરો. આવતા જન્મમાં કંઈ ન મળે, તે મોક્ષ થશે.

ઘણાં કહે છે કે કલિયુગમાં આ જન્મમાં મોક્ષ ન મળે એ વાત તદ્દન નકામી છે. આ જન્મમાં પણ 'બૈરી, છોકરાં, ધન ઇત્યાદિ હવે નથી જોઈતું એવી તીવ્ર ઇચ્છા, એવી તીવ્ર જિજ્ઞાસા થાય કે ત્યાં મોક્ષ જ છે. જ્યાં સુધી વિષયોમાં રમણ કરો ત્યાં સુધી મોક્ષ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'કલિયુગ' એવું બોલો છો જ શા માટે! આને સતયુગ જ કહો ને. જગતને તમે જેવું જુઓ તેવું જ દેખાય. અહીં શું દુઃખ છે? અહીં તો આનંદ, આનંદ, કેટલો આનંદ! જગત તો ભગવાનનું જ રૂપ છે. તેને કલિયુગ શા માટે કહો છો? મોક્ષ માની લ્યો ત્યાં મોક્ષ. મોક્ષ કોઇપણ ઘડીએ મળે છે. આ મનુષ્ય શરીરમાં જ મોક્ષ મળે છે. જે ઘડીએ જે સેકંડે વિષયો ઉપરામ પામે તે જ ઘડીએ, તે જ સેકંડે મોક્ષ. કોઈબી પળે મોક્ષ મળે છે. ગમે ત્યારે મોક્ષ મળે છે. કલિયુગમાં મોક્ષ ન મળે એ વાત જ ખોટી છે. સર્વત્ર નારાયણ, સર્વત્ર મહાવીર, સર્વત્ર મહંમદ, સર્વત્ર કૃષ્ણ, પોતાસહિત સર્વત્ર કૃષ્ણ દેખાય ત્યારે મોક્ષ. પણ તમારે જગત જોઈએ છે. તમારી વિષયી દૃષ્ટિ છે. તમારી ઝેરી દૃષ્ટિ છે. આ મારું, તે મારું, આ તો વિધવા, આ વિધુર, આ સ્ત્રીઓ આ પુરુષો—એ છે ઝેરી દૃષ્ટિ. આ બૈરી ને આ છોકરાં એ વિષયી દૃષ્ટિ. વિષયીઓને ત્યાં તો બૈરાંછોકરાંનો કાફલો જ હોય છે. આ ઝેરી દૃષ્ટિનો, આ વિષયી દૃષ્ટિનો ત્યાગ ન થાય ત્યાં સુધી- અધિયજ્ઞઆત્મા—ન સમજાય. જે દિવસે આ છોડયું તે દિવસે સ્ત્રી હોય કે પુરુષ હોય. જીવ, જંતુ કોઇપણ હોય તેનો મોક્ષ થઈ ગયો.

મનુષ્ય શરીર મોક્ષનું ખાસ અધિકારી છે. આ જાણવા છતાં તમે વિષયો તરફ દોડો છો. મને–ભગવાનને–તમે જગત તરીકે જુઓ છો. હે અર્જુન! તું મને પ્રકૃતિ સમજીને બેઠો છે, જ્યારે હું તો પુરુષ છું, હું તો અવિનાશી છું. તમે મને જગત તરીકે જુઓ છે એ તો આંધળી દૃષ્ટિ છે. જગતને ભગવાન તરીકે જોવું એ છે આત્મદૃષ્ટિ. આવી આવી આત્મદૃષ્ટિ ન કેળવાય ત્યાં સુધી અધિયજ્ઞ, આત્મા, ભગવાન ન સમજાય. ત્યારે કરવું શું? જો અધિયજ્ઞ નહિ સમજાય તો અંતકાળે તો અધિભૂતમાં, નાશવંતમાં જ રહેશું. માટે કરવું શું?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યાં સુધી પ્રેમયુક્ત ભક્તિ નહિ કરો ત્યાં સુધી નાશવંતમાં જ રહેવાના. ભક્તિ સ્વતંત્ર છે. તે કોઈ ઉપર આધાર રાખતી નથી. ભક્તિને કોઇ આળપંપાળ નથી. ભક્તિ હૃદયમાં જ ઉત્પન્ન થાય છે. પ્રેમનો એ ભાવ છે. પ્રેમથી ભક્તિ ઉત્પન્ન થાય છે, બીજા કશાથી, દાનથી, પુણ્યથી કે યોગથી નહિ; એ બધું તો મજૂરી છે. અધિયજ્ઞ થવા માટે તો પ્રેમ કરવો પડશે. જ્યારે પ્રેમયુક્ત ભક્તિ થાય ત્યારે ઇષ્ટની પ્રાપ્તિ થશે. જીવ ભક્તિ કરતા કરતા સુધરશે. મારી ભક્તિ કરતા કરતા અંતકાળે શરીર પડી જાય તો કેવળ મારામય થઈ જાય અર્થાત્ મુક્તિ મળે. જ્યાં સુધી અધિદૈવ એટલે કે જીવભાવ છે ત્યાં સુધી મોક્ષ અને બંધન એવા ભાવો રહે છે. અધિયજ્ઞ થયા પછી મુક્તિ કે બંધન કશું રહેતું નથી. જે વખતે સચ્ચિદાનંદ ભાવ પ્રકટે એ વખતે જ મોક્ષ. કોણ કોને બાંધે ? કોણ કોને મુક્ત કરે ? તમે તે જ છો, તમે સચ્ચિદાનંદ સ્વરૂપ છો કોણ મુક્તિ મેળવે ? બંધન જેવું કંઈ છે જ નહિ. બંધન થયું હોય તો મુક્તિ છે. બાકી તો મુક્તિ જેવું કશું છે જ નહિ.

જીવભાવમાં આ મારું, આ તારું એવું રહે છે—તે જીવભાવ છોડીને શિવભાવમાં જવા માટે મારી ભક્તિ અને મારું નામસ્મરણ કરવું જ પડશે. શિવભાવમાં જવા માટે મારું તારું છોડવું પડશે. પ્રાણીમાત્રમાં ઇષ્ટદેવ છે એમ માની તે સર્વની સેવા ન કરે ત્યાં સુધી ભક્તિ ન મળે. તન, મન, ધનથી સર્વત્ર વ્યાપ્ત કૃષ્ણની કે ઇષ્ટદેવની સેવા કરો. આવી ભક્તિ જ્યાં સુધી નહિ કરો ત્યાં સુધી શિવભાવમાં નહિ જવાય. જ્યાં આવી ભક્તિ થઈ કે પછી જ્યાં જુઓ ત્યાં કૃષ્ણ, આખી સૃષ્ટિ કૃષ્ણમય; કોઈ સગાંવહાલાં નહિ, કોઈ પારકાં નહિ; બધું ય કૃષ્ણ. પોતાસહિત બધું કૃષ્ણ. આ ભાવ થયો તેની મુક્તિ જ. પોતાસહિત બધું કૃષ્ણ, પોતાસહિત બધું મહાવીર,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતા સહિત બધું મહંમદ. મારા સહિત બધું કૃષ્ણ છે, મારા સહિત બધું મહાવીર છે, મારા સહિત બધું મહંમદ છે...આ ભાવ થયા પછી મુક્તિ અને બંધનના પ્રશ્નો છૂટી જશે. મુક્તસ્વરૂપ એટલે અધિયજ્ઞ. પછી બંધનનો સવાલ જ રહેતો નથી. (૫)

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥ ६ ॥

અથવા હે કૌન્તેય ! જે મનુષ્યો મનમાં જે જે ભાવ લાવીને અંતે શરીરને છોડે છે, તે બીજા જન્મમાં તે તે ભાવથી યુક્ત થઇને જન્મ લે છે. (૬)

જેવા જેવા ભાવ સાથે માણસ મરણ પામે તે તે જાતનાં શરીર તેને મળે છે. કોઈનો જીવ ખાવામાં રહેતો હોય છે. તે માંદો પડયો હોય અને મરણ પામવાનો દિવસ આવે તો ય ખાવામાં જ જીવ હોય; તેનાથી 'રામ', 'રામ' થતું નથી. ખાવામાં જીવ રહ્યો અને મરણ થયું તે તો ભૂત જ થાય ને ! સૂક્ષ્મ શરીરે ભૂત થઈને ખાવાના પિંજરા શોધતો ફરે.

હવે તો ભૂત વધારે થવાના. આ જમાનો જ હાયહાયનો છે, તૃષ્ણાનો છે. કોઈનો ખાવાપીવામાં જીવ હોય તો કોઈનો કપડાંમાં. સુંદર કોટ અને સુંદર સાડીમાં જીવ રહી જાય તો વાંદા થઈને કપડાંમાં ફર્યા કરે. કોઈનો જીવ છોકરાઓમાં રહી જાય. સંતાનમાં જીવ રહે તે કુક્કર યોનિમાં જ જવાનો. ભૂંડ થઈને અગિયાર બાર છોકરાની લંગાર લઈને ફર્યા કરે. જેવી ઇચ્છા તેવો જન્મ. કોઈનો ય જીવ પરમાત્મામાં નથી હોતો. પરમાત્મા માટે કોઈ કશું ય કરતું નથી.

મનુષ્યશરીરમાં આવ્યા પછી જીવ નીચી યોનિમાં નથી જતો એ માન્યતા તો ખોટી છે. મનુષ્ય શરીરમાં આવ્યા પછી પણ સજા થાય. પાંચ વરસ મંકોડો, વાંદો, પશુ, પક્ષી બધી યોનિમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જઈને પાછો માણસમાં આવે. તે મનુષ્યથી તો આગળ ન જ વધે. માણસમાં ય પાછો પશુ જેવા લોકોમાં તેનો જન્મ થાય. તેનું શરીર મનુષ્યનું હોય પણ તેની વૃત્તિ પશુ જેવી, કૂતરાં અને બિલાડાં જેવી હોય. ભૂત અને ડાકણ જેવા સ્ત્રીપુરુષો નથી હોતાં? કોઈ 'જીવતા ડાકણ' જેવી છે એમ કહે—કારણ વૃત્તિ ડાકણ જેવી. વૃત્તિ જ કૂતરા જેવી ઝઘડા, કલેશ જ કર્યા કરે. ખાવું, પીવું, છોકરાંછૈયાં—આમાં જ જીવ રહે છે. મનુષ્ય શરીરમાંથી આવા લોકો એકદમ નીચે જાય છે. મનુષ્યશરીર મળ્યા પછી નીચી યોનિ મળતી નથી માટે ખાઈપીને મજા કરવી, એ તો ખોટું આશ્વાસન છે આજે નવાણું ટકા માણસો દુઃખી છે. દુઃખમાંથી છુટવા માટે ભગવાનની ભક્તિ સિવાય બીજો કોઈ ઉપાય નથી. જલારામની કે સાંઈબાબાની બાધાથી કશું વળવાનું નથી. શેત્રુંજે જાઓ કે મક્કા જાઓ, પણ પાછી એની એ જ રામાયણ. વૃંદાવન જઈને, મથુરા જઈને કે હાજીમલંગ જઈને ભલેને બાધા રાખો પણ અહીં આવ્યા પછી એવા ને એવા જ રહેવાના. દુકાન સારી ચાલે માટે બાધા રાખી પણ દુકાન તો ન ચાલી. પછી તો કહેશો કે 'ફેરો ફોગટ ગયો,' 'દસ રૂપિયાનું પાણી થઈ ગયું.'

અત્યારે ચારે બાજુ વાંદા વધી ગયા છે. ઈશ્વરી સરકાર God governmentમાં પણ મનુષ્યશરીર આપવા માટે રેશનીંગ થઈ ગયું છે. ભજનને નામે વિષયની ઇચ્છાઓ રાખો છો માટે કીડી અને વાંદા જ વધશે. એમાં તમારું નામ લખાવવું ન હોય તો સાચા મનથી ભગવાનનું નામ લો. સાચા મનથી ભજન કરો તો પુનર્જન્મની માથાજીક જતી રહેશે.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥ ७ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલા માટે હે અર્જુન! મન અને બુદ્ધિ મારામાં અર્પણ કરીને સદૈવ મારું ચિંતન કર અને યુદ્ધમાં પ્રવૃત્ત થા; એટલે તું મારામાં જ આવી મળીશ એમાં સંશય નથી. (૭)

હે પાર્થ, મન અને બુદ્ધિ તું મને અર્પણ કર. કામક્રોધાદિ શત્રુઓ જોડે, અસુરો જોડે યુદ્ધ કર. મન અને બુદ્ધિ મને અર્પણ કરીશ પછી મને આવીને તું મળીશ તેમાં કોઈ જાતની શંકા નથી.

બાંધેલાં કર્મોને ખપાવી દેવા તેનું નામ યુદ્ધ. કેટલાંયે જન્મોનાં પોટલાં બાંધ્યાં છે તે છોડીને ફેંકી દેવા તે છે યુદ્ધ. પૂર્વનાં સંચિત કર્મો છોડી નાખ. પૂર્વનાં જે કંઈ કર્મો ભોગવવાનાં છે તેમાં આસક્તિ ન રાખવી. મન ભગવાનમાં રાખવું અને શરીરથી આસક્તિ રહિત થઇને કર્મ ભોગવી લેવાનાં. આવો પુરુષ નવાં કર્મો કરતો નથી. જૂનાં કર્મ ખપાવી દેવા માટે કાર્ય કરે જાય છે. તેણે ઇચ્છાઓને કચડી નાખી છે. તેની ગયા જન્મોની અરજીઓ, જૂની અરજીઓ, જૂની ઇચ્છાઓ અત્યારે ફળી છે માટે તે ભોગવી લે છે. તેમાથી પાછા હટવાનું નથી એમાંથી હટાતું જ નથી. ગૃહસ્થાશ્રમમાં રહો કે સંન્યાસાશ્રમમાં જાઓ, ગમે ત્યાં જાઓ પણ પ્રારબ્ધના ભોગ નહિ છોડે. દુનિયાના કોઈ પણ ભાગમાં જશો પણ પ્રારબ્ધના ભોગ ભોગવ્યે જ છુટકો છે.

નવાં કર્મોમાં જીવ સ્વતંત્ર છે. નિસ્વાર્થ ભાવે ગીતા વાંચો, ભકિત કરો, ભગવાનનું ભજન કરો, સત્સંગ કરો. આ બધું જો સકામ ભાવે કરશો તો તેમાં પણ દુઃખ જ થશે. કર્મબંધન ન કરો અને આનંદપૂર્વક જૂનાં કર્મો ભોગવો. કર્મો ખપાવશો નહિ તો દુઃખનો છેડો નહિ આવે. કર્મ જ્યાં સુધી નિર્ઝરા નહિ થાય ત્યાં સુધી દુઃખનો અંત નથી. હવે તો હેતુરહિત થઈ જાઓ. ભજનમાં કામનાનો અંશ પણ ન હોવો જોઈએ. કામના હશે તો બેહાલ થઈ જશો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ હાલ (સ્થિતિ) થઈ, ન રહ્યા ભજનમાં. કારણ કામનાને લીધે હેરાન હેરાન થઈ જવાય અને બૈરી છોકરાંનાં પણ ન રહ્યા.

ભજનમાં તો કામના રહિત થઈને જવું જોઇએ. 'મારે તો વિષયોનો નાશ કરવો છે એ ભાવનાથી ભજન કરો. ભજનમાં તો જે જે નડતરરૂપ છે તે તે ખલાસ જ થાય છે તેથી લોકો ડરે છે. ભગવાન પાસે માયા નહિ મળે. જેનું ભજન કરો તે તેના જેવા તમને બનાવશે. એની પાસે તો કશું ય નથી; તમે કહેશો કે તેની પાસે લક્ષ્મી છે. ના, ના, તેની પાસે નથી સોનાનો હાર કે કંઠી. તેની પાસે તો વસ્ત્ર પણ નથી. તે તો દિગંબર છે. શરીરરૂપી વસ્ત્રથી તે રહિત છે માટે તે દિગંબર છે. તેની ભક્તિ કરો તો તેની જેવા જ થઈ જશો. તેની પાસે માગમાગ કરો છો માટે દુઃખી થાઓ છો. અધિયજ્ઞ એટલે કે આત્માને કોઈ શરીર નથી, કોઈ વસ્ત્ર નથી. હું તો કેવળ આત્મા. સચ્ચિદાનંદ છું. શરીર જ હું નથી પછી બીજા ભોગોનું તો ચિંતન જ કેમ થાય! ત્યાં તો બધું ફેંકી દેવું પડે છે. મહાવીરનો, જૈનોનો પંથ આવો છે. કોઈ વસ્તુ પાસે ન હોય તે મહાવીર થાય. બધું ફેંકી દો પછી મહાવીર થવાય. એ સ્થિતપ્રજ્ઞ સ્થિતિ છે. એનું ભજન કરીએ તો એના જેવી સ્થિતિ થાય.

સમજીને જ બધું સળગાવી દો. બધું ખલાસ થાય તો તેમાં ગભરાવાની શી જરૂર! આયુષ્ય પૂરું થશે ત્યારે તો આ શરીરને એકવાર સળગાવી જ દેવાના છે તો પછી જીવતાં જ શા માટે ન સળગાવવું? શરીરનો ભાવ છોડીને કામ કરો. તેને કહી દો કે હવે કોઈ નવી વસ્તુ તને નહિ મળે. જ્ઞાન અને વિવેકરૂપી તલવારથી ઇચ્છાઓને કાપી નાખવી.

શરીરને કહી દો કે તું તો જડ વસ્તુ છે. તું મને શા માટે ફસાવે છે? તારે જડને વળી શી વસ્તુ જોઈએ? શરીરને એ તમાચા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મારો, ચીમટા ભરો. આપણે નાનાં છોકરાનાં હાથ પગ નથી બાંધતા? મન નાનાં બાળક જેવું છે. તે જ્યારે નાગમાગ કરે ત્યારે તેને મારવું.

મનને કેમ મારવું? મનનું સ્થૂળરૂપ તે જ શરીર છે માટે શરીરને પીટવું એ જ કાયિક તપ છે. પલંગ ઉપર કે કોઈ વૃક્ષ નીચે એક જગાએ તેને બેસાડી દો. મનને અવનવી ઇચ્છાઓ થાય તો તેને કહી દો કે કર ભગવાનનું ભજન. ભગવાનના ભજનમાં તેને બેસારી દો. ભજન ન થાય તો ભલે ત્યાં બેઠું રહે. એક દિવસ તેને ભૂખ્યું રાખવું. તેને લાડ લડાવશો તો માગણીઓ વધતી જવાની. શરીર પર તો નિર્દય થવાનું છે પછી જ અધિયજ્ઞ એટલે કે આત્મા શું તે સમજાય. શરીર તો ઉલટું જ ચાલે છે. તે તો નિમકહરામ છે. મોજશોખ માટે તૈયાર, સીનેમા જોવા માટે તૈયાર, સારાં કપડાં પહેરવા માટે તૈયાર. મન આવી ઇચ્છાઓ કરે ત્યારે તરત જ તેને પૂછો કે તારે ક્યાં દોડવું છે? એ ચાર લાફા જ મારી દેવાના. સત્સંગ અને ભજન પણ પછી. પહેલાં શરીરને આ જ અભ્યાસ કરાવો. અભ્યાસથી જ વૈરાગ્ય કેળવાય છે. સાચા ધર્મ તરફ તો જ વૃત્તિ થશે. પછી જ મહાવીર અને મહંમદને સમજશો. મહાવીરને સમજવા માટે તેમની સ્થિતિ ઉપર જવું જોઈએ. મહાપુરુષને સમજવા માટે આપણામાં કઈ શકિત અત્યારે છે?

આત્મા દિગંબર છે. બધા આત્મા જ છે આત્મા પર કેટલો વળગાડ છે? દરેક પોતાને નામરૂપમાં અને જીવભાવમાં જ જુએ છે. તેથી હું છગન છું, હું મગન છું એમ તે માને છે. હું જીવ છું એમ સમજે તો ય સારું. જીવ વિનાશી નથી, અવિનાશી જ છે. ફકત કંઈક આવરણવાળો છે જ્યારે આત્મા આવરણ વિનાનો–દિગંબર છે. જેને કોઈ પણ વસ્તુની સ્પૃહા નથી, જે તદ્દન શુદ્ધ અને આનંદમય સ્થિતિમાં છે તે દિગંબર. તેના શરીર પર ભલે ગમે તેટલાં કે ગમે તેવા રંગનાં વસ્ત્રો હોય. કુંભમેળામાં ઘણા દિગંબરો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવે છે પણ તેઓના મનની સ્થિતિ ઉપર કહી તેવી નથી હોતી. જે સદા આત્મામાં, કે ભગવાનમાં સ્થિત છે, જે હંમેશાં એક જ સ્થિતિમાં રહે છે તે જ આવો દિગંબર કે સ્થિતપ્રજ્ઞ છે. તે યથાકાળે જે કંઈ ખાવાપીવાનું મળે તે શરીરને આપે છે. તેને કંઈ સ્પૃહા છે જ નહિ. આવો કોઈ પણ પછી તે ગૃહસ્થ હોય કે સંન્યાસી, સ્ત્રી હોય કે પુરુષ, તે આત્મા જ છે. આત્માને સમજ્યા સિવાય જ્ઞાન ન થાય. તમારાં મનની અત્યારે જો આવી સ્થિતિ હોય તો તમે દિગંબર. નાના છોકરા જેવી તે સ્થિતિ છે. નાનું છોકરું દિગંબર જ ફરતું હોય છે ને! તેની બ્રહ્મમય સ્થિતિ હોય છે. આપણને તો વાસનાના આવરણો, ઇચ્છાના આવરણો હોય છે માટે અધિભૂત છીએ; નાશવંત ભાવમાં જ રહીએ છીએ. નાશવંતમાં જ વલખાં મારીએ છીએ. શાસ્ત્રો, ભગવાન, દરેક મહાપુરુષો બૂમો મારી મારીને આ જ સમજાવી રહ્યા છે પણ આપણી દોડ વિષયો તરફ છે. મૂળ ધર્મ, અથવા સાચો ધર્મ હિન્દમાં એક ટકો પણ રહ્યો નથી. અંતરમાં ધર્મ નથી, બધાં બાહ્ય ધર્મો જ આજે રહ્યા છે. ચારે તરફ વિષયો માટે દોડાદોડ થઈ રહી છે. સાચા ધર્મ તરફ તો ગણ્યા—ગાંઠ્યા લોકો જ જાય છે.

વિષયો વધારવા માટે ભગવાનની પૂજા થાય છે. મંદિરો અને હવેલીઓમાં ભગવાનની વાતોને બદલે વિષયની જ વાતો થતી હોય છે. ભગવાનની કથા ભલે કરે પણ કથાકારની ઇચ્છા શી હોય છે? મને કોઈ દાન આપે, પાઘડી બંધાવે...વગેરે વગેરે. અને કથા સાંભળનાર પણ તેના જેવો જ. તેને એમ હોય કે કથા સાંભળીએ અને પુણ્ય થાય, તેથી નોકરી મળે, ધંધો આજકાલમાં નથી તે વધે. આત્માને જાણવા માટે કોઈક જ જીવ પ્રયત્ન કરે છે. નિષ્કામ ભાવથી ગીતા વાંચવી કે સાંભળવી જોઈએ. આત્મા તો નંગ્રો છે, નાગો છે તે શું આપે? એ નાગા પાસે કંઈ ન મળે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આત્મા દિગંબર છે એ લક્ષમાં રાખીને ભજનભકિત કરો. બાવા બની જાવું. બીજું શું ? દિગંબર થવું. બિલકુલ ઇચ્છારહિત થવું એટલે દિગંબર થવું. વાસનારહિત હોય તે જ દિગંબર. કપડું પહેર્યું હોય તો યે શું ? તેનાં મનની સ્થિતિ જોવાની છે. આવા પુરુષની સાથે રહીને તેની રહેણીકરણી જોવી એટલે સમજાશે. વાસના હેરાન કરતી હોય અને દિગંબર થઈને ફરે તેથી શું ? આવા દિગંબરો ઘણા ફર્યા કરે છે. એ તો ગાંડામાં પણ પાછા વધારે ગાંડા.

વાસના હેરાન કરતી હોય તો તું મારો આશ્રય લે. મન અને બુદ્ધિ મને અર્પણ કર અને યુદ્ધ કર તો મને મેળવીશ. વિષયોવાળા મને નથી મળતા. મનબુદ્ધિ મને આપ તો તું દિગંબર થઈશ, તું અધિયજ્ઞ થઈશ, તું આત્મા થઈ જઈશ. આ વસ્તુ ક્યારે પ્રાપ્ત થાય ! સદૈવ મારું ચિંતન કર. સતત ચિંતન કર. આત્મતત્ત્વના જ વિચાર કર. ભગવાનના વિચાર કર. ઇષ્ટદેવનો જ વિચાર કર. ગુરુનો જ વિચાર કર તેનું જ સતત ચિંતન કર. ખાતાંપીતાં, હરતાફરતાં, ઊઠતા, બેસતા કોઈપણ કર્મ કરતાં...આ યુદ્ધ કરતા ઇષ્ટદેવમય થઈ જવું. બીજો વિચાર જ ન રહેવો જોઈએ. ચિત્ત ભગવાનમાં જ રહેવું જોઈએ. નોકરડી આપણા ઘરમાં કામ કરે છે પણ તેનું ચિત્ત ક્યાં હોય ? તેના ઘરે જ. રમાડે ભલે આપણા છોકરાને પણ તેનું ચિત્ત તો તેના ઘરે તેના જ છોકરામાં હોય. આપણે પણ કર્મ કરતાં રહેવું અને ચિત્ત આત્મામાં, દિગંબરમાં જ રાખવું.

પૂર્વનાં પ્રારબ્ધને લીધે નોકરી તો કરવી પડશે. ઘણાં પાપ કર્યા છે, શરીર લીધું છે તે જ મોટામાં મોટું પાપ છે. શરીરધારી તે બધા ય પાપીઓ અને જે દિગંબર થયા તે પુણ્યશાળી. આપણે બધા આયાઓ છીએ, મજૂરો છીએ, થોડો અથવા વધારે પણ બોજો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો સહુએ ઊંચકેલો છે. બોજો ઊંચકીને જ ફરવાનું છે. આ બોજો છૂટે કેવી રીતે? બોજો ભલે માથા ઉપર રહ્યો પણ ચિત્ત ભગવાનમાં રાખો; તે વખતે બોજાનો ભાર ભગવાન ઉપર જ હોય છે. ભગવાન સિવાય આ બોજો કોઈ નહિ ઊંચકે. કર્મોના બોજા ઓછા કરવા હોય-કર્મોને નિર્જરા કરવા હોય તો જગતમાં આવ્યા થઈને રહો. શરીરને મજૂર બનાવી દો અને તેની પાસેથી ચોવીસ કલાક કામ લો. શરીરને જેણે મજૂર બનાવ્યું અને મન ભગવાનમાં રાખ્યું તે દિગંબર થઈ ગયો, તે આત્મનિષ્ઠ થઈ ગયો, તે બ્રહ્મનિષ્ઠ થઈ ગયો. શરીરથી તે યુદ્ધ કરે છે, નવો માલ ભરતો નથી અને જૂનો માલ વેચી દે છે એટલે દેવાળું નીકળી જ જાય ને! (નવો માલ = નવી ઇચ્છાઓ; જૂનો માલ = જૂની ઇચ્છાઓ પ્રમાણે મળેલું પ્રારબ્ધ કર્મ જે ભોગવી લેવાનું છે.)

આવું કોઈ કરે ત્યારે લોકો કહેશે કે કલ્યાણભાઈના તો પાટિયાં પણ વેચાઈ જાય છે. હવે એ નાગાને કોણ ધીરે? એક વખત દિગંબર થઈ જાઓ પછી કોણ ધીરવાનું છે. મારું ચિંતન કરીને આવા દેવાળિયા થઈ જવું તે જ સારું છે. (૭)

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥ ८ ॥

હે પાર્થ પોતાના ચિત્તને અન્યત્ર ક્યાંય ન જવા દેતાં યોગાભ્યાસના સાધનથી (ચિત્તને) એકાગ્ર કરીને જે મારું ચિંતન કરે છે તે પ્રકાશાત્મક પરમ પુરુષમાં જઈ મળે છે. (૮)

ભગવાન એક જ બાબત ઉપર ભાર મૂકે છે કે ચિત્તને અન્યત્ર જવા દેવાતું નથી. યોગાભ્યાસથી ચિત્તને એકાગ્ર કરીને તું મને પ્રાપ્ત કરીશ. યોગ કેવી રીતે કરવો તે ભગવાન છઠ્ઠા અધ્યાયમાં કહી ગયા છે. મારામાં ધ્યાન રાખીશ તો તું પોતે જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મદ્રૂપ થઈ જઈશ; પોતે જ ઇષ્ટદેવ થઈ જઈશ; પોતે જ કૃષ્ણ રૂપ થઈ જઈશ. કોણ કૃષ્ણ? પોતે જ તે રૂપ. પછી પ્રાપ્ત કરવાનું કશું રહેતું નથી. બે રૂપ રહેતાં નથી. સાધક અવસ્થામાં જીવ અને શિવ, જીવ અને ભગવાન એમ બે રૂપ રહે. પછી તો સાધન જ સાધ્ય થઈ જાય છે; જુદાં નથી રહેતાં. ભજન જ ભગવાન છે, ભજન કરતાં કરતાં ભગવદ્મય થઈ ગયો, ભગવાન થઈ ગયો. આ સમાધિ—ભજન સમાધિ—બહુ ઊંચી સ્થિતિ છે. તન્મયસ્થિતિમાં જે ભજન કરે તેની આ વાત છે, છીંકણી-વાળાની નહિ. એ સ્થિતિ તો શરીરનું ભાન ન રહે તે છે. ભજનનો અંત સમાધિ છે. જ્ઞાનનો અંત જ્ઞેયમાં, સાધનનો અંત સાધ્યમાં, ભજનનો અંત ભગવાનમાં. ભજન એ જ જ્ઞાન અને ભજન એ જ ભગવાન છે. જેટલો સમય તમે ભજન કરો તેટલો સમય તમે જ ભગવાન, તમે જ દિગંબર છો. એ કલાક તો આવી સ્થિતિ મળે છે. ચોવીસે કલાક તેવી સ્થિતિ રહે અને જગત જ ન દેખાય તો પછી તેમાં દુઃખ ક્યાં રહ્યું? કલાણાભાઈ કે ઢીંકણા-ભાઈને બદલે ઇષ્ટદેવ જ દેખાય. બૈરી, છોકરાં, બકરી, કૂતરાં, વાઘ બધામાં નારાયણ જ દેખાય. દુશ્મનમાં પણ ભગવાન જ દેખાય. રાતદિવસ ભગવાનનો જ વિચાર, બીજા વિચાર આવતાં જ નથી. જેને આમ થાય તે પરમ પુરુષ બની જાય. પરમ પુરુષ એટલે જ પરમાત્મા, પરમપુરુષ તે દિગંબર.

પરમ પુરુષ થવાની આ ચાવી છે. બધાં ય વળગાડ છોડી દેવાના છે. કર્મોને ભોગવતા જવા અને છોડી દેવાના—કર્મોને આસક્તિરહિત ભોગવીને છેલ્લી સલામ કહી દેવાની મન નોકરડીની માફક ઇષ્ટદેવમાં રાખવું. આનું નામ તે અભ્યાસ. ધીમે ધીમે આ અભ્યાસ રોજનો થઈ જશે. જ્યાં સુધી અભ્યાસ નહિ થાય ત્યાં સુધી વૈરાગ્ય નહિ આવે. રોજ બે બે કલાક, ચાર ચાર કલાક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અભ્યાસ કરો કે વિષય નહિ જોઇએ. વ્રતની ખાસ જરૂર છે. ચાર કલાક કોઈની સાથે વાંત નહિ, ભગવાનનું જ ચિંતન કરવું. પછી કલાકો વધારતા જવા. પછી તો બીજી વાતો પણ નહિં ગમે. કોઈ બીજી વાત કરે તો તે પોતે અંતર્મુખ થઈ જાય. વાત કરનારા બધાય ઇષ્ટિદેવો જ છે. ભલે વાત કર્યા કરે. આપણે માનવું કે ભગવાન જ બનાવટ કરે છે. જુદી જુદી રીતે આપણને ભગવાન જ લલચાવે છે. આપણે કહી દેવું કે બહાર આવીને વાત કરો છો તે અંતર્મુખ થઈ જાવ. તું બહાર લીલાની વાત કરીશ પણ તું અંતરમાં બેઠો છે. તમે વિષયની વાતો શા માટે કરો છો ? તમે લીલા કરો છો, ભગવાન પોતે જ રમણ કરી રહ્યો છે અમે હવે આ તમારી પોલ જાણી ગયા છીએ. પછી તો ઇષ્ટદેવ પણ સમજી જાય છે કે આને તો આવી વાત જ ગમે છે. તેવી વાત કરનાર ઇષ્ટદેવ રહેશે અને બીજા ઇષ્ટદેવો ચાલ્યા જશે. આ બધી તમારી લીલા છે. અમને હવે આ નાટક ગમતું નથી એમ કહી દો. ઇષ્ટદેવને કહી દો કે અમારે આવાં દર્શન (લીલા કરનાર ઇષ્ટદેવોના) નથી કરવા. અમને અમારી રીતના દર્શન જોઈએ. આ શરૂઆત તો કરવી પડશે. કહી દેવું જ પડશે. જેવી જેવી ઇચ્છા કરશો; જેવું જેવું ચિંતન કરશો, તેવા તેવા માણસો મળશે. ભક્તિનું ચિંતન કરશો, સત્‌ચિંતન કરશો તો ભક્ત મળશે. વિષયીની પાસે વિષયીઓ જ જાય. બહારથી ભક્તિ અને અંતરમાં વિષયનું ચિંતન હશે તો તેવા ભક્તો–સકામી ભક્તો–જ મળશે. અને રમખાણ થયા કરશે. બધી ઇચ્છાઓ ફળે છે. ઇચ્છા પ્રમાણે વાતાવરણ રચાય છે. ભક્તને સદૈવ ચિંતન—આત્મ ચિંતન સિવાય બીજી વાત ગમતી નથી. ગીતાની વાત શરૂ થાય કે તરત જ તે કહેશે કે 'શું કહ્યું'—એમ બોલતાં જ ઊભો થાય; ભગવાનની વાત પૂરતો જ તે નીચે આવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. અંતર્મુખથી બહિર્મુખ થશે. 'રામ' 'રામ' કરવાની વાત આવે ત્યારે તે બહિર્મુખ થાય. સ્વપ્નામાં પણ પછી બીજી વાત ન આવે. આ શરીરથી આ થઈ શકે એમ છે પણ પ્રયત્ન નથી કરતા એ જ મુશ્કેલી છે. અત્યારે કશું ય દુર્લભ છે એવું નથી. ફક્ત થોડા નક્કટ થઈ જવું પડશે, બેપરવા થઈ જવાનું છે. જેને જેમ કહેવું હોય તે કહે,—તે કહેનારાં બધાં ભગવાન છે. તમે લીલામાંથી નીકળો આ નાટક કંપની (જગત) ના બીજા એકટરો જો તમે કંપનીમાંથી નીકળો તો પ્રલોભનો આપશે. સોને બદલે બસો પગાર લ્યો પણ કંપનીમાંથી ન નીકળો એમ લાલચો આપશે. એ લોકોને ના જ કહી દેવાની દૃઢ નિશ્ચય કરી દેવાનો છે. અનંત યોનિ સુધી લીલા કરી છે; એમાં જ રમણ કર્યું છે. હવે તો અમારે ડાયરેકટર થઈ જવું છે. (જગતકંપનીનો ડાયરેકટર એટલે કે ભગવાન). ના, એ પણ નહિ. એ ભાવ પણ ખોટો. અમારે દિગંબર પણ નથી થવું, ભગવાન પણ નથી થવું. વસ્ત્રોરહિત, વાસનારહિત થવું એટલે દિગંબર થવું. દિગંબર—સ્ટેજની વાતમાં તો—ત્યાં કોઈ ભાવ જ નથી. આ સ્ટેજ—સ્થિતિમાં આવવા માટે તું ભજન કર. જાતજાતના યોગ કહ્યા છે, રાજયોગ, લયયોગ, હઠયોગ, કોઈપણ એક યોગનું તું અનુસરણ કર તો તું જ પરમપુરુષ થઈ જઈશ. સાચા મનથી પ્રેરાઈને ભક્તિ કરે તો જરૂર પરમપુરુષ થઈ જશે. વાસ્તવિક રીતે તું પરમપુરુષ જ છે. આવરણને લઈને તું અધિભૂત એટલે કે જીવ બની ગયો છે. વાસ્તવિક રીતે અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ ત્રણે તું જ છે-ત્રણે એક જ છે. ત્રણે મારાં જ નામો છે. મારું જ નામ છગન, મગન છે, મારું જ નામ જીવ છે, મારું જ નામ આત્મા છે. વાસનાનાં વસ્ત્ર રાખ્યાં છે એટલે તું જીવ; મેં કોઈ વાસનાનાં વસ્ત્રો નથી રાખ્યા એટલે હું આત્મા. (૮)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कविं पुराणमनुशासितारमणीरणींयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥९॥
प्रयाणकाले मनसाऽचलेन भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यं ॥१०॥

જે અંતકાળે મન નિશ્ચળ કરી ભક્તિયુક્ત થઇને યોગબળથી આજ્ઞાચક્રમાં (બે ભ્રમરો વચ્ચે) પ્રાણને ઉત્તમ પ્રકારે સ્થિર કરે છે; તથા સર્વજ્ઞ, અનાદિ, સર્વના નિયંતા, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, સર્વના પોષક, અચિંત્યરૂપ, સૂર્યના જેવા તેજસ્વી અને તમોગુણથી અલિપ્ત એવા દિવ્ય પરમ પુરુષનું નિરંતર ચિંતન કરે છે, તે તે દિવ્ય પરમ પુરુષને જઈ મળે છે, તેનામાં લીન થાય છે. (૯-૧૦)

મનની નિશ્ચળતા ક્યારે થાય? અંતકાળે એકાએક થઈ જાય કે? અંતકાળ સુધી ભજન કર્યું હોય તો મન નિશ્ચળ થાય. જેણે જુવાનીમાં પ્રયત્ન કર્યો નથી તેને મરણ વખતે જ્યારે નાડી તૂટતી હોય, શ્વાસ રૂંધાતો હોય, વાતપિત્તકફના ઊભરા આવતા હોય ત્યારે મનમાં નિશ્ચયતા ક્યાંથી આવે? જેને વીસ પચીસ વર્ષનો અભ્યાસ હોય, જે દરરોજ ભ્રમરગુફામાં બેસીને ધ્યાન કરે એને નિશ્ચળતા આવે. ભ્રમરગુફાનું ધ્યાન ભગવાનને વધારે પસંદ છે. નાભિ ઉપર કે હૃદયમાં પણ ધ્યાન થઈ શકે. જે આત્મામાં જ ધ્યાન કરે છે. જે આત્મામાં જ દિનરાત રમણ કરે છે, જેને રાતદિવસનો અભ્યાસ છે તે જ અંતકાળે કહી શકે કે મારું ભજન ચાલુ છે. તેના મુખમાં વળી ગંગાજળ કેવું? તે જ ગંગાજળ જેવો છે. તે સગાંવહાલાંને શાંતિથી કહેશે કે બધાં આઘા રહો. મને ખબર પૂછવાની જરૂર નથી. તે શાંતિથી આસન લગાવીને પ્રાણ છોડશે. તેના કાનમાં 'રામ' બોલવાની જરૂર નહિ રહે. પોતાની મેળે જીવને બ્રહ્મરંધ્રમાં લઈ જશે અને શરીર છૂટી જશે. શરીર એની મેળે છૂટી જાય તે તો એને મન દિવાળી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવભાવ—હોય તેને દુઃખ જ થવાનું છે. જીવનભર કર્યું કર્યું નથી. સગાંવહાલાં આવીને તેને પૂછતાં હોય કે કેમ ઓળખો છો ને? દર્દ ઊભરાતું હોય અને નાડીઓ તૂટતી હોય. ઈન્જેકશન અપાતાં હોય. પેલાએ પહેલેથી જ શરીર છોડયું છે, મરણ વખતે પણ તરત જ શરીર છુટી જાય છે જ્યારે આને તો શરીર છોડવું ગમતું નથી. વહુ ને વર, વર ને વહુ, છોકરાં, ધન એ બધું છૂટતું નથી—આ જ જીવભાવ. પેલાના તો પૂર્વનાં કર્મો ખપી ગયાં અને ઘડો ફૂટયો એટલે પંચાત ગઈ. પરપોટો ફૂટીને સમુદ્રમય થઈ ગયા એટલે આનંદ. જીવભાવવાળાને દુઃખ થાય. કાકા ચાલી ગયા! અરેરે! વહુની મરવાની તૈયારી થઈ કે ખૂમાખૂમ થઈ પડે. વર મરવાનો થાય ત્યારે કકળાટ થઈ જાય. જ્ઞાનીને તો શરીર જલદી પડે તેમાં શું વાંધો હોય? શરીર પ્રત્યે તે બેપરવા છે. તેને તો શરીર છોડવાની જ વાત હોય. આપઘાતથી દેહ છોડે તો કર્મ બંધાય. જ્ઞાની તો દેહ સાથે છૂટાછેડા લઇને ફરે છે. એને ખાવા-પીવાની શી ચિંતા હોય! એને શરીર જ ક્યાં છે? જ્ઞાનીને શરીર હોતું જ નથી. દિગંબરને મોઢું જ નથી. ખાવાપીવાનાં દુઃખ તો શરીરને છે. આ તો બહુ અઘરું લાગે છે! જીવનભર આ જ કરવાનું છે. શરીરને બહુ લાડ લડાવ્યા. દાગીના, હીરા, અંબર બધું બહુ પહેર્યું. હવે વાંદો નથી થવું, મનુષ્ય પણ નથી થવું. હવે પરમ પુરુષ થવું છે. તે માટે ભગવાનનું ચિંતન કરો, થોડું થોડું કરશો તો યે ઘણો લાભ થશે.

થોડો થોડો પણ સાચો પ્રયત્ન કરો. આજે હિન્દમાં નવાણું ટકા માણસો ખોટો પ્રયત્ન કરી જ રહ્યા છે. આટલાં મંદિર અને હવેલીઓ છતાં ધાર્મિકતા નથી. સુખ જ ક્યાં છે? નવાં નવાં મંદિરો થાય છે. કથાની તો હેલીઓ વરસે છે છતાં દેશમાં ચારે બાજુ અધર્મ ફેલાઈ ગયો છે. અધર્મનું આચરણ વિશેષ થઈ રહ્યું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધર્મનું આચરણ જે દેશમાં હોય ત્યાં દુઃખ ન હોય આ દેશમાં તો દુઃખ અને રોદણાં જ છે. ગમે ત્યાં જાઓ પણ ક્યાંય સાચું ભજન નહિ પણ વિષયની બોલબાલા જ થઈ રહી છે. આનાથી તો દુઃખ જ વધશે. એક દિવસ પણ સાચું ભજન કરે, એક દિવસ પણ સાચા મનથી ભજન કરે તે અમર થઈ જાય. કામના છોડીને ભજન કરવું જોઇએ. દિગંબર થવા માટે આ જ એક રસ્તો છે. સાચા મનથી પ્રાર્થના કરો કે હે ભગવાન ! અનંત જન્મો સુધી અમે ખૂબ ભોગવ્યું. બૈરી, છોકરાં, ધન આદિ વળગાડનો તું હવે જલદીથી નાશ કર. સ્ત્રીપુત્રાદિમાં મારું મન છે તો તે બધાંનો નાશ કર. ભલે તે બધાંનો નાશ ન કર પણ મારું મન તેઓમાંથી કાઢી નાખ. તેઓમાંથી મારું મન જલદી કાઢી નાખ.' આમ પ્રાર્થના કરશો તો જ સાચું ભજન થઈ શકશે. સાચું ભજન હોય તો નિરાશા કે દુઃખ ન હોય. ભગવાન આમ જ કરે છે. છોકરામાં મન હોય ભગવાન તેને મારી પણ નાખે.

ભક્ત મારાથી વિમુખ થયો છે આ છોકરાને લીધે. તેને ભક્તિ કરવી છે. અહીં તો પરપોટા થયા કરે છે, સમુદ્રમાં જન્મમરણ રૂપી પરપોટા થાય અને ફૂટે. તેમાં શું થઈ જવાનું ? જ્યાં સ્ત્રીમાં મન હોય તો સ્ત્રીનો નાશ થઈ જાય. તુકારામનું મન તેની પહેલી સ્ત્રીમાં બહુ રહેતું. વહુમાં મન રહે, ભક્તિ ન થાય. ભગવાને દુષ્કાળ મૂક્યો અને તેમાં સ્ત્રીપુત્રાદિ મરી ગયા. જ્યારે તુકારામને સમજ પડી ગઈ. 'બાઈકો મેલી તર બરા ઝાલા.' સ્ત્રી હોત તો ક્યાંથી સમજ પડત ! સવારસાંજ એના જ લફરાં રહે. માટે તો પ્રાર્થના કરો કે બધાને હરિહર કરી નાખ. હે ભગવાન, મારા સહિત બધાને હરિહર કર. અહીં મનને હરિહર કરી નાખવાનું છે. બીજી જાતની પ્રાર્થનાઓમાં તો આસક્તિ રહી જશે. પોતાના શરીર સહિત બધાને હરિહર કરવાની જ પ્રાર્થના કરવાની છે. એમાં વળી દુઃખ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાનું ? આવરણોના નાશમાં દુઃખ કેમ કહેવાય જ ? તે તો તેની કૃપા ગણાય છે જ. આપણે સમજતા નથી તેથી દુઃખ થાય છે. ભક્તને ખબર પડે છે કે બધું હરિહર થાય તે સારું છે નહિ તો કર્મ વધતાં જશે. કર્મ કેવી રીતે ખપાવવાં ? અધિભૂતમાં (જીવભાવમાં) રહેનાર બધે ય ભગવાન ક્યાંથી જોઈ શકે ? અશક્ય જ. માટે જ સામે ફોટો મૂકીને આવી પ્રાર્થના કરો. જેવી પ્રાર્થના કરો તેવું પ્રારબ્ધ બંધાશે. આપોઆપ કામ થઈ જશે. અનંતકાળથી આ સૃષ્ટિ ચાલી રહી છે. બૈરાં, છોકરાં, ધન વગેરેને આપણે બચાવી શકશું કે ? શરીરને શું આપણે બચાવી શકશું ? વહેલું કે મોડું તે પડવાનું જ છે. 'અમારે સ્ત્રીપુત્રાદિમાંથી મન કાઢવું છે પણ નીકળતું નથી' આ તમારો લૂલો બચાવ છે. ખાલી વાતોથી માયા નહિ છુટે. દીક્ષા લો કે વૈરાગ્ય લો, કે સંન્યાસી થાઓ તો પણ ન છુટે. કહી જ દેવાનું કે ભલે બધાં ભૂખે મરે. સગાંવહાલાંનું જે થવાનું હોય તે થાય.' આમ નહિ કરે તો જીવ ફસાતો જશે જીવ તો કહેશે કે "તમે કહો છો તે પ્રમાણે આ બધાં તો ભગવાન છે. અમે તેમની સેવા કરીએ છીએ. બધાંનું ભરણપોષણ તો કરવું જ જોઈએ ને !"—આ બધાં તમારાં બહાનાં છે. તેમાં તમારી આસક્તિ છે તે કાઢવાનો સાચો પ્રયત્ન કરો. ભગવાનને પ્રાર્થના કરો કે હે ભગવાન, બધાને હરિહર કર, મારું મન કાઢ. ખુલ્લાં મનથી આ પ્રાર્થના કરો. સાચાં મનથી પ્રયત્ન કરે તો આસક્તિ જરૂર નીકળી જાય. આપણે તો પ્રાર્થના કરવી પછી એને જે કરવું હોય તે કરે. આપણે તો સોંપી દેવું. એમાં બાંધછોડ નહિ ચાલે. બધું તારું છે અને તારી પાસે રાખ એમ કહીને સોંપી દેવું. એ બહુ હોશિયાર છે. આપણી પ્રાર્થનામાં ક્યાશ હોય તો એ સમજી જાય, અંતર્યામિ છે એ. હવે એમાં બાંધછોડ કે લાંચરૂશ્વત નહિ ચાલે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે પ્રારબ્ધના ભોગ છે તે તો ભોગવવા જ પડશે; માટે જ આવી મુક્ત પ્રાર્થના કરો તો અંતકાળે ઈશ્વરમાં મન રહેશે. જ્યારે જીવતો હોય ત્યારે જ મન ભગવાનમાં હોય તેને અંતકાળ શું? શરીરનું પતન થાય ત્યારે શું! જ્ઞાનીને શરીર જ નથી. શરીરમાં રહેતો હોય છતાં વિદેહી, જીવ-મુક્ત તે છે. જીવતાં જ મોક્ષ થઈ ગયો. બધાં આમ કરી શકે છે. ઉપર કહી તેવી રીતે મુક્ત પ્રાર્થના કરવી જોઈએ. તેમાં ચિંતાની કંઈ જરૂર છે? નરસિંહ અને તુકારામના બૈરાં મરી જ ગયા ને! માણેકબાઈ અને છોકરાં બધું ય ગયું. તુકારામે તો બીજી બૈરી કરી હતી, છ છોકરાં હતાં છતાં તેવું પંચભૂત પંચમહાભૂતમાં મળી ગયું. સળગાવવું કે દાટવું કશું ય ન રહ્યું. રોજ ભગવાનને આ જ પ્રાર્થના કરવી. નહિ થઈ શકે એવું છે જ નહિ. તુકારામને આસક્તિ રહી હતી કે મારી તરફ આવતાં વચ્ચે આવતાં અંતરાયો તો કાઢવાં જ પડશે ને? નિર્ભય થવાની જરૂર છે. તેના પર નિર્ભર થયા વિના કંઈ થઈ શકશે નહિ. કાળ તો કોઈને છોડવાનો નથી, નિર્ભય થઈ જાવું. વાસનાના ભાવને મારી નાખવાની જરૂર છે. વાસનાભાવ મરી ગયા પછી કંઈ વાંધો નથી. આ વાસનાભાવ મારી નાખવા માટે જ મુક્ત મને પ્રાર્થના કરવાની છે કે હે ભગવાન બધાને, મારી સહિત બધાને હરિહર કર. જે મને અંતકાળે મળવા માગતો હોય તેણે આ જ પ્રાર્થના કરવી પડશે. પરમ પુરુષનું ચિંતન કરે તે જ મને મેળવે છે. જગતનું ચિંતન કરે તો જગતમાં રહે, જડનું ચિંતન કરે તે જડમાં મળે. પરમાત્માનું ચિંતન કરે તો પરમાત્મામાં મળે અને ચેતનનું ચિંતન કરે તો ચેતન બને.

બધું ય જડ છે તો ભગવાનમાં જ. એમ માનીને, એમ મનને મનાવીને જડમાં જાઓ, સિનેમામાં જાઓ તો એ જડનો આનંદ મળશે. ભજનનો આનંદ સમજે ત્યારે ખ્યાલ આવે કે પેલો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આનંદ તો ફિક્કો છે. સિનેમાનો આનંદ લ્યો કે સમાધિનો આનંદ લો પણ આનંદ તો પોતાનામાંથી જ આવે છે. આનંદ વસ્તુઓમાં નથી કારણ વસ્તુઓ તો નાશવંત છે. ત્યાં આનંદ જ કેમ હોઈ શકે? ત્યાં આવો આનંદ નથી. વિષયમાં આનંદ છે એમ માની ખાવા-પીવાનો આનંદ મેળવે, શીખંડપૂરી ખાવામાં આનંદ, સ્ત્રીસુખમાં કે પુરુષ સુખમાં આનંદ ભોગવે પણ અજ્ઞાનવશ હોવાથી તેમાં આનંદ ક્ષણિક જ રહે. નિરંતર આનંદ કરવો હોય તો ભ્રમરગુફામાં ધ્યાન કર. ત્યાં જ આનંદ છે. પછી તો તને ચોતરફ આનંદ જ દેખાશે. સ્ત્રીમાં, સંસારમાં પણ જ્ઞાની પુરુષને તો આનંદ જ છે; બહાર આનંદ, અંતરમાં આનંદ, ચોતરફ આનંદ, આનંદ અને આનંદ.

રામ વસિષ્ઠ પાસેથી આ જ આનંદ મેળવવાનું શીખ્યા હતા. તેમણે સાક્ષાત્કાર કરી લીધો. કેવી રીતે સર્વત્ર આનંદ મળે તે તેમણે શીખી લીધું. અભ્યાસ કરીને જગતને ભગવાન તરીકે જોતાં તે શીખ્યા. આપણે તો આનંદની સીમા બાંધી છે. કઈ જગાએ આનંદ નથી? છતાં પણ જગતમાં કોઈને પૂછશો તો કહેશે કે જગતમાં સર્વત્ર દુઃખ છે. જગતદૃષ્ટિ એટલે જ પરિમિત દૃષ્ટિ; વિષયી દૃષ્ટિ, સીમાવાળી દૃષ્ટિ સંકુચિત દૃષ્ટિને વિશાળ કરવાની જરૂર છે. સંકુચિતમાં પણ ભગવાનને અને વિરાટમાં પણ ભગવાનને જોવો એ જ દૃષ્ટિ ખરી દૃષ્ટિ છે. સંકુચિત દૃષ્ટિનું નામ જીવદૃષ્ટિ અને વિશાળ દૃષ્ટિનું નામ તે શિવ દૃષ્ટિ, તારે જે દૃષ્ટિ રાખવી હોય તે રાખ. સંકુચિત દૃષ્ટિથી દુઃખનો ભાગીદાર થઈશ જ્યારે વિશાળ દૃષ્ટિથી સુખની પ્રાપ્તિ થશે.

અનન્ય ચિત્તે ઈશ્વરભજન કરો તો સમાધિસુખ મળે. સમાધિ શબ્દને તમે મોટો બનાવી દીધો છે, બાકી સમાધિ તો સામાન્ય છે. હજારો લોકો સમાધિ પ્રાપ્તિ માટે દોડે છે. સમાધિસુખ એટલે તન્મયતા. શરીરમાંથી મન નીકળે એટલે સમાધિ નહિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો જડતા. બધાંને રોજ સમાધિ થાય છે. જ્યાં મન ત્યાં સમાધિ, ગાઢ નિદ્રામાં મન નથી. સ્વપ્નાવસ્થાથી પર સુષુપ્તિ—અવસ્થા તે ગાઢ નિદ્રા. શરીર ગમે તેમ પડયું હોય છે રાત્રે ગાઢ નિદ્રામાં મન કયાં છે? શરીર કયાં છે? દાઢમાઢથી દિવસે ફરતું હતું તે શરીર આડું અવળું પડયું છે. અમસ્તું તો ચહેરા પર કરચલી પણ ન પડવા દે પણ ગાઢ ઊંઘમાં શી સ્થિતિ છે? તે શરીરમાં નથી; સમાધિમાં ગયો, સ્વરૂપમાં ગયો. ઊંઘમાં બાપ પાસે જઇને શક્તિ રૂપી નાણું લઇને પાછો આવશે. જ્યારે ભર ઊંઘમાં સૌ સમાધિમાં જાય છે અને થાકી ગયેલા પાછા તગડા થાય છે, ત્યારે જે ચોવીસે કલાક સમાધિમાં રહે તેમાં કેટલી શક્તિ હોય? .....

ભર ઊંઘ એ સમાધિ અવસ્થા જ છે. જાગતાં તેમ કરે તો નિર્વિકલ્પ સમાધિ. નિર્વિકલ્પ સમાધિ પણ આવી જાગ્રત અવસ્થામાં રહે તે સહજ સમાધિ. ચોવીસ કલાક જે સહજ ભાવમાં રહે તેને કેટલું સુખ મળતું હશે? રાત્રે ઊંઘમાં જે અવસ્થા છે તે પ્રયત્ન કરે તો સવારે પણ રહે. જે ચોવીસે કલાક ભગવાનમાં રમણ કરે, ભાવમાં રહે તેને ચોવીસે કલાક સમાધિ. આમાં કયું અઘરું તત્ત્વ છે? પેલી સમાધિ તો તૂટે છે; શરીરમાં મન આવે એટલે દુઃખ થાય છે. સહજ સમાધિ તો ચોવીસે કલાક રહે છે. જે માણસ સહજ સમાધિમાં રહે છે તે ભગવાનની જ વાત કરે છે. તે જે જે રૂપ જુએ છે તે ભગવાનનું જ જુએ છે; ભગવાનની જ વાત અને ભગવાનનું જ ચિંતન. જે સહજ સમાધિમાં છે તે સર્વત્ર છે. બધામાં ઇષ્ટદેવ જ જુએ છે. જે છે તે સર્વત્ર છે, અને તેથી જ સુખ છે.

બૈરાંને પણ આ અધિકાર છે. બૈરું છે જ કોણ? આ 'બૈરું' છે એવું તમે માની લ્યો છો. કોઈ સ્ત્રી નથી, કોઈ પુરુષ નથી. જે પરમપુરુષને સમજે છે તે જ પુરુષ છે, બાકી બધી સ્ત્રીઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. પ્રકૃતિને વશ થાય તે સ્ત્રી; પ્રકૃતિને ગુલામ બનાવે તે પુરુષ, ઇચ્છાઓને દબાવે તે પુરુષ; ઇચ્છા જેને દબાવે તે પુરુષ હોવા છતાં પણ સ્ત્રી છે. સ્ત્રીપુરુષ જેવો કોઈ ભાવ જ નથી. હું આત્મા છું, હું દિગંબર છું એ ભાવનું જ ચિંતન કરો. હું છગન નથી, હું મગન નથી પરંતુ હું કેવળ આત્મા છું. આ છે સહજ સમાધિનો ભાવ. ધીમે ધીમે અભ્યાસથી આ પ્રાપ્ત થઈ શકે છે. (૧૦)

यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥११॥

વેદવેત્તાઓ જે તત્ત્વને અક્ષર કહે છે, અને જેમના કામ અને ક્રોધનો લોપ થયો છે એવા સંન્યાસી જે સ્વરૂપને પ્રાપ્ત થાય છે અને જેના પ્રાપ્તિ માટે બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યવ્રત પાળે છે, તે પદ હે અર્જુન! તને હું સંક્ષેપથી કહું છું. (૧૧)

વેદવેત્તા એટલે ઋષિમુનીઓ અથવા શાસ્ત્રકારો. તેઓ કયા તત્ત્વને અક્ષર કહે છે? અક્ષર એટલે કે જેનો નાશ ન થાય તે. જેનો નાશ થાય તે ક્ષર. જે પુરુષ આસક્તિ રહિત છે તે આ સ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. આસક્તિ રહિત છે તેને જ સંન્યાસી કહેવાય. આવો સંન્યાસી અક્ષરને એટલે આત્માને પ્રાપ્ત કરી શકે છે. જે આસક્તિ રહિત તે સંન્યાસી; આમાં સ્ત્રી કે પુરુષ એવો ભેદ કયાં રહ્યો? આસક્તિ રહિત તો બધાંય થઈ શકે છે; બધાંયને સંન્યાસી થવાનો અધિકાર છે. કથાકારોએ તો ઊલટું ઊલટું જ સમજાવ્યું છે. જેને જગતમાં આસક્તિ નથી તે સંન્યાસી, તે જ આત્મા. તેને ઇશ્વર સિવાય બીજી વસ્તુ ગમતી નથી. બધી વસ્તુને તે નાશવંત સમજે છે. પોતાના શરીરથી માંડીને સર્વ વસ્તુને તે નાશવંત સમજે છે. તેને પોતાનું શરીર સારું થાય એવી પણ આસક્તિ હોતી નથી. વધુમાં વધુ આસક્તિ લોકો દેહમાં રાખે છે—હોય છે; તેના ઉપર જેને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આસક્તિ નથી તે જ સંન્યાસી છે. પછી તેનું શરીર સ્ત્રીનું હોય કે પુરુષનું હોય, તિલક કર્યું હોય કે ચાંલ્લો કર્યો હોય; માથું ઓળેલું હોય કે મૂડાવેલું હોય, વસ્ત્રો ધોળાં કે લાલ હોય... ...ગીતામાં આવું કશું આવતું જ નથી. નાશવંતને વળી ચાંદલા શા કે મૂંડન શા? તેમાં પાછી આસક્તિ આવશે આપણને કોઈ પૂછે કે તમે કેવા છો. આપણે તો જવાબ દઈશું કે અમે વાણિયા, અમે બ્રાહ્મણ, અમે જૈન, અમે વૈષ્ણવ, હવેલીવાળા, પુષ્ટિમાર્ગિય, દેરાવાસી, સ્થાનકવાસી વગેરે. ખરી રીતે તો અમારે કોઈ વાસ જ નથી. સ્થાન જાળવવા કોઈ ભાવ હવે નથી રહ્યો. વાસથી તો બંધન થાય. આ તો છે ભગવાનના ભાવનું વર્ણન. તમે 'હું વૈષ્ણવ' એમ કેમ કહી શકો? જો તમે વૈષ્ણવ છો તો બીજા કોણ છે? બીજા લોકો વૈષ્ણવ નથી અને ઈતર ધર્મના છે કે?...ખલાસ! આમાં તો ભેદ થઈ ગયો. ભેદ રાખે છે તે વૈષ્ણવ નથી. હું આ નથી બોલતો. ભગવાન જ બોલે છે.

વૈષ્ણવ અને જૈનની વ્યાખ્યા વિચારવા જેવી છે સર્વત્ર એટલે ચરાચરમાં જે વ્યાપ્ત છે તે વિષ્ણુ. જગતમાં જે કંઈ દેખાઈ રહ્યું છે તેમાં વિષ્ણુને જુએ તે વૈષ્ણવ બીજા વિધર્મી અને હું તો વૈષ્ણવ! બીજા કાફર અને હું મુસલમાન! વાહ! તમે ભેદ પાડીને મારા મોં પર તમાચા મારી રહ્યા છો. વૈષ્ણવ શબ્દમાં તો બધાંય આવી જાય છે. અમુક ઠેકાણે વિષ્ણુ નથી એમ માનો તો વૈષ્ણવ શાના? વૈષ્ણવ તો મારું નામ છે, આત્માનું નામ છે, દિગંબરનું નામ છે. વૈષ્ણવ એટલે સમદૃષ્ટિ. જે સમદૃષ્ટિ ન રાખે તે વૈષ્ણવ શાનો? ટીલું ટપકું કરે તે જ વૈષ્ણવ છે એમ માને તે તો અધર્મી થયો.

જૈનોમાં પણ એ ભેદ—દેરાવાસી અને સ્થાનકવાસી. જૈનો કહેશે કે કાંદાબટેટાં ખાય તેને અમે મકાન ભાડે પણ નહિ દઈએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આમાં ધર્મનું પાલન ક્યાં આવ્યું? એક બાજુ ભજન કરો ને બીજી બાજુ જેનું ભજન કરો છો તેને જ લાફા મારો છો. સીમામાં રહીને ધર્મ પાળી રહ્યા છે એ ધર્મી શાના? જેની સમદૃષ્ટિ થઈ છે તે જ જૈન છે. જે સર્વત્ર આત્મતત્ત્વ વ્યાપ્ત છે એમ સમજે તે જ જૈન છે. સર્વત્ર સમદૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ રાખ્યે જૈન થવાય. પીળો ચાંદલો કર્યે જૈન નહિ થવાય.

વૈષ્ણવો અને જૈનોનો પાછો અંદરોઅંદર વિરોધ થયા કરે. એક ભગવાનને આમથી લાફો મારે. બીજો બીજી બાજુથી મારે; મારે—ભગવાનને—બીજો રસ્તો ન રહ્યો. તેથી તો જઈને પડ્યો અમેરિકામાં. અહીં તો મને સર્વત્ર દુઃખ છે. અહીં દેશવાસીઓ અને સ્થાનકવાસીઓ બધાં એકબીજા સાથે એટલે મારી સાથે વિરોધ કરે છે. ભાગવતીઓ શિવની વાત આવતાં કાન બંધ કરે એવા છે. આવા લોકો ધર્મ શું એ સમજ્યાં નથી અને ઊલટી વાતો જ કરે છે. હું (ભગવાન) કોઈ વાડામાં નથી, પંથમાં નથી. વાડાઓ તો દુઃખનાં કારણો છે.

ભગવાન કેટલીવાર આ દેશમાં જન્મ્યા. અહીં ચોવીસ તીર્થંકરો થઈ ગયા; ચોવીસ અવતારો થઈ ગયા. પારસીઓ અને મુસલમાનોમાં પણ આવું જ છે.

પેલા દેશમાં હું બહુવાર નથી જન્મ્યો. ત્યાંના લોકો સાચું બોલવું, કૂડકપટ ન કરવું વગેરે સમજે છે. આપણે ત્યાં બધું ઊલટું છે. અહી બધું ખુલ્લું મૂકીને ફરો તો લૂંટફાટ જ થશે. આપણે જૈન અને વૈષ્ણવ જેવા ઉત્તમ શબ્દોની કેવી ખરાબ વ્યાખ્યાઓ કરી મૂકી છે તે તો વિચારો. જે દેશમાં આત્માનો ધર્મ પ્રવર્તતો હતો ત્યાં ટીલાનો ધર્મ પ્રવર્ત્યો. ટીલામાં જ ધર્મ માનીને બેઠા છીએ. લોકો ભૂખે મરે છે ત્યારે આપણે મંદિરમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જઈને કેળાં મૂકીએ છીએ. અહીં ટીલાની ટીકા નથી પણ આપણી વૃત્તિઓની ટીકા થાય છે. અમે વૈષ્ણવ, અને અમે જૈન...આ બધાં તો બીજા છે—આ છે આપણી વૃત્તિ.

તત્ત્વવેત્તાની દૃષ્ટિ તો સર્વત્ર પરમાત્માને જોવાની હોય છે આપણે પોતે આવું આચરણ કરતા નથી અને જે કરે તેને ગોળીએ દઈએ છીએ. ગાંધીજીને કે વિનોબાજીએ કરેલાં કે ક્યાંય ટીલાં અને ટપકાં? વિનોબાજીને તો આ મારું અને આ તારું એ ભાવ જ નથી. હિન્દુ અને મુસલમાન બધાંય આત્મા જ છે એ જ ભાવ ગાંધીજીમાં હતો. ગાંધીજી ગયા. વિનોબા પણ એમ જ જશે. એ લોકોની ભાવના કેટલી ઉદાત્ત અને વિશાળ છે?

કંઠી, માળા અને તિલક વગેરે બાહ્ય ચિહ્નોથી ધર્મનું પાલન ન થાય. કંઠી પહેરી કે માળા પહેરી એટલે તો એને સર્વત્ર વૈષ્ણવો જ દેખાય. ચકલી હોય કે વાઘ હોય, બૈરી હોય કે દુશ્મન હોય સર્વને નમસ્કાર કરવા જોઈએ. જૈનોમાં 'મિચ્છામિદુક્કડં'નો રિવાજ હોય છે પણ તે દિવસે તેઓ દુશ્મનને ઘેર નહિ જાય હો! દુશ્મનને તો દૂર જ રાખે. આપણે હવે બાહ્ય ચિહ્નોની જરૂર નથી. આચરણ શરુ કરી દો. 'હું વૈષ્ણવ છું,' એમ કહેવાની કે દેખાવ કરવાની જરૂર નથી. આચરણ ઉપરથી જ લોકો કહેશે કે આ ખરો વૈષ્ણવ છે. શરીર તો પંચમહાભૂતનું પૂતળું છે. તેમાંથી તો ભાવ કાઢવાનો છે. આ પૂતળામાંથી નીકળવાનો પ્રયત્ન કરવાનો છે, શણગારવાનો નહિ. આ પ્રયત્ન જે કરે છે તે ધર્મનું પાલન કરે છે. જેનામાં આવી સમદૃષ્ટિ છે તે વૈષ્ણવ. બધી યે ઇન્દ્રિયો પર જેને કાબૂ છે. શરીર પર જેને કાબૂ છે, આ વિશ્વ પર જેને કાબૂ છે તે જૈન છે, જૈન કે વૈષ્ણવ એ કોઈ સંકુચિત ધર્મ નથી. આત્માને જાણવો તેનું નામ તે ધર્મ. કૃષ્ણ જ ખરા વૈષ્ણવ હતા, મહાવીર ખરા જૈન હતા કારણ કે તેઓએ આત્માને જાણ્યો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે તો ધર્મને નામે વિષય ચલાવવા ફાંટાઓ ઊભા કર્યા છે. દેવોને ધરાવીને આપણે ખાઈ લેવું છે અને ભોગ ભોગવવા છે. આ ગણપતિ ચોથ આવી. હવે ગણપતિને નામે લહેરપાણી શરૂ કરવા છે; નવી નવી ગાડીઓમાં ફરવું છે અને સારાં સારાં કપડાં પહેરવાં છે. નવરાત્રિના નવ દિવસ બેસીને ભજન કરવું કોઈને ગમતું નથી. સંતોનાં દર્શન કરે ત્યારે પણ કપડાંની ઘડી-ઇસ્તરી-ન બગડે તેવી કાળજી રાખે છે. સંતો પણ આ સમજી ગયા છે. બીજું કરે પણ શું તેઓ ? (૧૧)

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्नाधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥१२॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥१३॥

જે સર્વ દ્વારોનો નિરોધ કરી મને હૃદયમાં સ્થિર કરી, કપાળમાં ભ્રકુટિના મધ્ય ભાગમાં પોતાના પ્રાણવાયુને નિશ્ચળ કરી યોગાભ્યાસમાં સ્થિર થાય અને નિર્વિકાર બ્રહ્મનો વાચક એકાક્ષર ૐ નો ઉચ્ચાર કરીને મારું જે સ્મરણ કરતો દેહનો ત્યાગ કરી નીકળી જાય છે, તે ઉત્તમ ગતિને જઈ પહોંચે છે. (૧૨-૧૩)

ૐ ના ઉચ્ચાર સાથે શરીર છોડવાની વાત આ શ્લોકમાં છે. જે ૐ ના ઉચ્ચાર સાથે, મારા સ્મરણ સાથે મૃત્યુ પામે તે જન્મ-મરણમાંથી છુટી જાય, બધા મંત્રોમાં ૐ એ મૂળ મંત્ર છે. ૐ રામાય નમઃ, ૐ કૃષ્ણાય નમઃ.....વગેરે મંત્રમાં ૐ એ પહેલો અક્ષર છે. બધા ય મંત્રોમાં ૐ એ પ્રથમ અક્ષર હોય છે. ભેદદૃષ્ટિ રાખીને રામ અને કૃષ્ણમાં જુદું જુદું ગણશો તો દુઃખી થશો.

રાજચંદ્ર (જૈન મુનિ) માં તો જરા પણ ભેદદૃષ્ટિ ન હતી. તે નાનપણમાં વૈષ્ણવ હતા અને પાછળથી જૈન થયા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેમને માટે પણ આપણે તો ભેદ ઊભો કરીએ છીએ અને વાડામાં મૂકવા માટે લડીએ છીએ. 'આત્મસિદ્ધિ' (શ્રીમદ્ રાજચંદ્રનું લખેલું પુસ્તક) વાંચો તો ખરા.

આ શરીરમાં તમારું ધ્યાન છે તેને પરમાત્મામાં સ્થિર કરી દેવું જોઈએ. આ પૂતળામાં ધ્યાન છે; આ ખોળિયામાં ધ્યાન છે; આ દેહમાં ધ્યાન છે; તેને આત્મામાં સ્થિર કરી દેવું જોઈએ. આ શરીરના બે અંત છે શરીરનો નાશ થાય તેને આપણે અંત ગણીએ છીએ પરંતુ દેહાધ્યાસનો નાશ તે જ ખરો અંત છે. ૐ ૐ કરતા કરતા ૐમય થઈ જવાય; ૐ ૐ કરતા દેહાધ્યાસ જાય તે જ ખરો અંત છે. તેમ ન થાય અને મૃત્યુ થાય એટલે કે દેહનો નાશ થાય તો નવાં નવાં શરીરો ધારણ કરવા પડશે. શરીરનો નાશ એ અંત નથી. ૐ ૐ કરતા દેહાધ્યાસ ગયો એટલે બાકી શું રહ્યું? ૐ બાકી રહ્યો. ૐ ૐનું ઉચ્ચારણ કરતા તે પોતાના સ્વરૂપમાં ગયો, ગતિ થઈ. દેહાધ્યાસ જાય તો અંતકાળ; નહિ તો અંત જ નથી. દેહાધ્યાસનો ત્યાગ જેનાથી થાય તેને જ પરમપુરુષ પ્રાપ્ત થાય, અથવા તેને જ અધિયજ્ઞ મળે. દેહાધ્યાસ ગયો એટલે આત્મા જ રહ્યો; અને અધિભૂત, અધિદૈવ વગેરે જીવભાવ નાશ પામ્યા. કઈ રીતે જીવવું અને કઈ રીતે મરવું તે જ આપણને સમજાઈ જવું જોઈએ. પણ.....આપણે તો મહાનથી પણ મહાન! મહાન પુરુષોની વાત જ શેના સાંભળીએ? (૧૨-૧૩)

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥ १४ ॥

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥ १५ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હે પાર્થ ! જે યોગી એકાગ્રચિત્તે સદાસર્વદા મારું સ્મરણ કરનાર અને નિરંતર સમાધાનયુકત હોય છે, તેને હું સહજ પ્રાપ્ત થાઉં છું. પરમ-સિદ્ધિને પામેલા મહાત્માઓ મને પ્રાપ્ત કર્યા પછી દુઃખનું સ્થાન અને અશાશ્વત એવા જન્મને પામતા નથી. (૧૪-૧૫)

અહીં ભગવાને 'સતત' અને 'અનન્યચેતા' એ શબ્દો વાપર્યા છે તેથી એ સ્પષ્ટ થાય છે કે અનન્યભક્તની વાત થઈ રહી છે. અનન્યભાવ એટલે કે હું અને ભગવાન જુદા નથી એ ભાવ અને એ ભાવથી એકરૂપ થઈને ભજન કરવાનું છે, ભેદભાવથી નહિઃ જે અનન્ય (અન્-નહિ, અન્ય-બીજું) ભાવથી ભજન કરે તે 'બીજું' શું જોશે ?

આપણી વ્યાખ્યાઓ બધી યે સીમિત હોય છે. ફોટા સામે બેસીને અડધો કલાક 'શ્રીરામ જય રામ' કરીએ અને બહાર નીકળીએ કે જુદું દેખાય. અન્ય ન દેખાય. એવો ભાવ કેળવવો જોઈએ પરમાત્મા સિવાય અન્ય કંઈ નથી એવો તાદાત્મ્ય ભાવ, ઓતપ્રોત ભાવ રાખવો જોઈએ. અનન્યભાવવાળાને હું સુલભ છું એમ ભગવાન કહે છે. અનન્યભાવમાં સુલભની વળી શી જરૂર ! પછી તો અનન્ય ભક્તને દુઃખ નથી પડતું અને એ ભાવ સતત રહે છે.

અનન્યભાવ કેવી રીતે કેળવવો ?

આપણે બેઠા હોઈએ કે ફરતા હોઈએ, પાસે થઈને કોઈ કૂતરું ગયું, ભિખારી ગયો; આપણે તેને નારાયણ જ સમજવો. જે ભાવમાં ઓતપ્રોત થવાનો પ્રયત્ન કરો તે ભાવમાં થઈ શકાય. નારાયણ, શિવ, રામ, કૃષ્ણ, મહમ્મદ, જિસસ, કોઈપણ ભાવમાં ઓતપ્રોત થઈ શકાય. આ બાહ્યરૂપ ખોટું છે, કૂતરાનું રૂપ, ભિખારીનું રૂપ વગેરે ખોટાં રૂપ છે. કૂતરું, ભિખારી...આ બધાં ય ઇષ્ટદેવના જ સ્વરૂપો છે. કૂતરાં, ભિખારા, વાંદરાં, ચકલી બિલાડું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વંગેરે બાહ્યરૂપો ન જોવાં. જે (તત્ત્વ) આ શરીરમાં છે તે કૃતરામાં છે. તેનામાં જે વસેલું છે તે મારામાં ય વસેલું છે. આમ અભ્યાસ કરતાં અનન્યભાવ કેળવાશે.

આ દુશ્મન, આ મિત્ર, આ મારા સગાંવહાલાં, એ ભાવ જ ખોટા છે. દુશ્મન મારવા આવ્યો, સમજો કે નારાયણ જ, ઇષ્ટદેવ જ આવ્યા છે ઇષ્ટદેવ મારે તો ખોટું શું ? પરંતુ તમે શું કરશો ? ગાળો દેવા લાગ્યાં. અનન્ય ભાવથી ભજન કરો છો અને કહો છો કે 'સાલાઓને મારવા પડશે, સરખા કરવા પડશે'—આવું આવું બોલો ત્યારે તો તમે ભગવાનને જ ગાળો દો છો. ભગવાન સિવાય બીજા કોને તમે મારો છો ? અનન્ય ભાવે જે ભજે તેની વાત છે. તેનાથી તો કદી કોઈ સાથે દુશ્મનાવટ નહિ થાય. આવો અનન્ય ભક્ત તે 'હું' જ છું એમ ભગવાન કહે છે; સુલભ એ શબ્દની પણ જરૂર નથી સુલભ શું, તે જ હું છું—તીર્થંકર, દિગંબર, મહાવીર, કૃષ્ણ, મંહમદ તે હું જ. એનું નામ તે મોક્ષ. મુક્ત એટલો આત્મા, તીર્થંકરો, અધિયજ્ઞો, કોઈપણ નામ કહો. બદ્ધ માનો તો બદ્ધ બાકી હું મુક્ત જ છું. બંધનમાં છે તેટલા જીવ છે.

હવે અનન્ય ભક્તિ કેવી હોય તે આપણને આ ભીલ ભગતની વાત સમજાવશે.

એક ભીલ ભગત હતો. પંચમહાલ તાલુકામાં જેવા ભીલો હોય છે તેવો જ આ ભીલ હતો. હલકી અને અસ્પૃશ્ય જેવી જ આ ભીલ કોમ હોય છે. તેમાં આ ભીલ બિચારો એક યુવાન છોકરો હતો. ભીલો તો જંગલોમાં રહે. શિકાર કરીને ખાય, પ્રાણીઓને મારીને ખાય. એક વાર બપોરનો સમય હતો. તાપ પુષ્કળ પડતો હતો. ભીલ યુવાનને પાણીની તરસ લાગી. શિકાર મળ્યો ન હતો. રસ્તે ચાલતાં એક માણસ મળ્યો. તેને આ ભીલે પૂછ્યું, "અહીં ક્યાંય પાણી મળશે કે ?" તે માણસે જવાબ દીધો કે સામે જે પહાડ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેખાય છે તેની નીચે એક નદી છે. ભીલ તો મંડયો પહાડ ચડવા. પહાડ ઉપર ચડતાં ચડતાં તેણે એક માણસને જોયો. તે માણસ ખૂબ જ આનંદિત દેખાતો હતો. ભીલે તેને પૂછયું કે તમે આટલા ખુશ કેમ લાગો છો? તે માણસે કહ્યું કે આ પહાડની ઉપર એક મંદિર છે ત્યાં હું દેવના દર્શને જાઉં છું તેથી આનંદમાં છું. ભીલ તો તદ્દન અજ્ઞાન હતો. તેણે પૂછયું કે મંદિર એટલે વળી શું? મંદિરમાં કોણ હોય? તે માણસે સમજાવ્યું કે મંદિરમાં દેવ હોય. મંદિરમાં શંકરની મૂર્તિ હતી. ભીલ પણ મંદિરમાં ગયો. તેણે તો દેવ જ છે એમ માનેલું. જતાં વેંત જ મૂર્તિને ભેટી પડ્યો. આ ભીલયુવાન હતો ત્યાંના ભીલસરદારનો પુત્ર. "અરે આ શું? દેવના માથા પર આ પાંદડા ને પાણી!" ભીલનો મિજાજ ગયો. લોકો જોતા જ નથી. આ પાણીથી તો દેવને શરદી થઈ જશે.' કોઈએ કહ્યું કે આ તો પૂજા કરેલી છે. ભીલ કહે, "પૂજા! હું પણ પૂજા કરીશ." તરસ લાગી હતી એ વાત પણ તે ભૂલી ગયો. દેવને હવે એકલા મૂકીને કેમ જવાય! ભીલ તો રડે છે. ઘડીમાં બીજો વિચાર આવતાં હસે છે. ગાંડા જેવો થઈને અનેક ચેષ્ટા કરે છે. પૂજા કરવી છે માટે કંઈક લાવવું પડશે ને? દેવને ખવરાવવું તો પડશે જ ને? ભીલ લોકો તો માંસ ખાય. લાવેલા હોય જે કંઈ તે શેકીને ખાઈ જાય. ભગવાનને ધરાવવા માટે ડુક્કરનું માંસ લઈ આવ્યો. પાણી લાવવા માટે વાસણ હતું નહિ તેથી મોઢામાં ભરીને પાણી પણ લેતો આવ્યો. લોકોએ માન્યું કે ગાંડો થઈ ગયો છે પણ તેને કહેવું પણ કેમ? ખભા ઉપર ધનુષ્યબાણ હતું તે તો ભીલે હાથમાં જ રાખેલું. બધાને તો બીક જ લાગે ને? આખો દિવસ ભીલ ત્યાં જ બેસી રહ્યો. ભગવાન સાથે બોલે, વાત કર્યા કરે. દેવને બહુ દુઃખ છે એ જ ભાન ભીલને હતું. દેવના માથા પર વળી પાતરા શા? જોડાવાળા પગેથી જ પાતરા બાજુ પર ફેંકી દીધાં. સાંજે બહાર જઈને પાછો સાતે તો ભીલ આવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ જાય. સવારમાં પૂજારી આવ્યો. તે તો આશ્ચર્યચકિત થઈ ગયો. આ શું? મંદિરમાં આ ભ્રષ્ટાચાર? ડુક્કરના માંસના ટુકડા પડેલા હતા. મંદિરનું દૃશ્ય કેવું ભયંકર હશે! પણ ભગવાનને તેવું નથી લાગતું. પૂજારીએ ભીલને સમજાવવા પ્રયત્ન કર્યો પણ બધું નકામું હતું. પૂજારીને થયું કે આ માણસ કેમે સમજતો નથી. ભીલને તો એમ જ કે હું અને મારા ભગવાન વચ્ચે કોઈએ નહિ આવવું. તીરકામઠું તો પાસે હતું જ. પાંચ દિવસથી ખાધું પણ નહોતું. પૂજારી કંટાળ્યો. તેને ભગવાન સ્વપ્નમાં આવીને કહે છે કે તું શું કામ નાક ચડાવે છે? આ ભીલ તો મારો અનન્ય ભક્ત છે. મને તારા સ્તોત્રોમાં આનંદ આવતો નથી. એની લાત ખાવામાં પણ મને આનંદ આવે છે. તેને માંસ ન ધરાય એવી કશી ખબર નથી. તેનો ભાવ તો મને ખુશી રાખવાનો જ છે. તારે જો એની ભક્તિનું મહત્ત્વ જોવું હોય તો સંતાઈને ઊભો રહે. પૂજારી મંદિરના એક ખૂણામાં સંતાઈ ગયો. ભીલકુમાર શિકારે ગયો અને રસ્તામાં અપશુકન થયા. તેને વિચાર આવ્યો કે દેવને શું થયું હશે? ઉપર આવીને જુએ તો દેવની એક આંખમાંથી લોહીની ધારા નીકળતી હતી. તે પાછો ગયો જંગલમાં અને જડીબુટી લઈને આવ્યો પણ લોહીની ધારા તો અટકતી જ નથી. હવે શું કરવું? ભગવાનને તો અનન્ય ભાવ જ દેખાડવો હતો. પૂજારીને તે કહે છે, "તું તો માત્ર પૂજા જ કર્યા કરતો હતો પણ હવે જો અહીં," કાંટો કાંટાથી જેમ જાય તેમ માંસ માંસથી સાજું થાય એવી બુદ્ધિ ભીલે વાપરી. મારી આંખ મૂકું તો દેવની આંખ સાજી થાય. તીરથી આંખ કાઢીને ભગવાનને લગાવી દીધી. લોહી બંધ થઈ ગયું. હવે દેવને આનંદ થઈ ગયો એમ માની ભીલ ખુશ થઈ ગયો. નાચાનાચ કરવા લાગ્યો. ત્યાં તો ભગવાનની બીજી આંખમાંથી લોહીની ધારા થવા લાગી. ભીલ પાછો વિચારમાં પડ્યો. દેવને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેટલું દુઃખ થતું હશે ! રસ્તામાં આજે અપશુકન થયા હતા તેથી જ આ બધું થતું લાગે છે. ભગવાનની આંખમાંથી લોહી પડે છે.

ભગવાનને બધાનાં ટપલાં જ ખાવા પડે છે ને! એક ધર્મવાળો આમ માને, બીજે આમ બોલે પોતે આંધળા થાય છે. ભગવાનને પણ આપણે આંધળા જ બનાવીએ છીએ.

ભાલે તો ભગવાનની બીજી આંખમાંથી લોહી ટપકતું જોયું. તે શું કરે ? તેણે પોતાની બીજી આંખ કાઢીને લગાવી દીધી. ભગવાન તરત જ પ્રકટ થઈ ગયા. આ ખરો ભક્ત હતો. પછી તો પૂજારી પણ સમજી ગયો.

આપણે આવું જ કરીએ છીએ. બહારથી 'ગુરુર્બ્રહ્મ' બોલ્યે શું વળે ? બહારની વસ્તુમાં ધ્યાન છે ત્યાં સુધી અનન્યતા નથી જ. ભોગ અને બલિદાન આપે ત્યારે ખબર પડે. બહારની ભક્તિ નહિ ચાલે. દેહાધ્યાસ નીકળે તો આ આંખ જાય છે. જ્યાં સુધી આ બે આંખ ફોડી ન નાખીએ ત્યાં સુધી જ્ઞાન ન થાય. આ આંખોથી તો જગત જ દેખાય છે, આ આંખોથી વિષયો જ દેખાય છે. આ આંખ ફોડી અંતર્ચક્ષુ મળ્યા, દર્શન થયા. પછી સમજાય છે કે તું પોતે તે જ છો. અત્યાર સુધી બહારથી, મૂર્તિને જોતો હતો, નાશવંત જોતો હતો. હવે શાશ્વત સુખ પ્રાપ્ત થયું, અનન્ય ચેતા થયો.

બહિરાત્મા અંતરાત્મા ન થાય ત્યાં સુધી પરમાત્મા કેમ થાય ? બહિર્દૃષ્ટિવાળા જીવભાવીને બધે દુઃખ લાગે છે જ્યારે અંતર્દૃષ્ટિવાળાને, બ્રહ્મદૃષ્ટિવાળાને સર્વત્ર સુખ જ લાગે છે. આપણે મિથ્યા દૃષ્ટિ, મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાનમાંથી નીકળતા નથી. સમ્યક્ દૃષ્ટિ, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન તરફ આપણી દોડ નથી. મિથ્યા દૃષ્ટિ હોય તેથી મિથ્યા જ્ઞાન જ થાય ને ! આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભીલભક્તની દૃષ્ટિ સમ્યક્ હતી. તે તો આ ભગવાન છે. એમ સમજતો હતો, આ ફોટો નથી, મૂર્તિ પણ નથી દેવ જ છે એમ સમજતો હતો. માટે તો તેનું ત્રીજું નેત્ર ખુલી ગયું.

ત્રીજું નેત્ર તો બધાને હોય છે. કપાળમાં, બે ભ્રમરની વચ્ચે પોલી જગા હોય છે. ત્યાં ધ્યાન ધરશો તો પ્રથમ કાળું ચિહ્ન દેખાશે; પછી સૂર્યના આકાર જેવો ચાંદલો દેખાશે. રોજ અભ્યાસ કરવો પડશે. આ છે ભ્રમરગુફા. જે સતત ભક્તિ કરે તેનું ધ્યાન ભંવર-ગુફામાં થઈ જાય. તેના મુખમાંથી ૐ નો ઉચ્ચાર અટકતો જ નથી. એક વખત ભંવરગુફામાં જવું જોઈએ, પછી તો ગમે ત્યારે જઈ શકાય. એક વખત સમાધિમાં ગયો તે ગમે ત્યારે જઈ શકે છે. એકવાર સમાધિનું સુખ જોયું તેને અંતકાળે પલાંઠી વાળીને ચાલ્યું જ જવાનું રહે. સમય થાય ત્યારે તે ત્યાં જ ચાલ્યો જાય. તેને જતાં વાર ન લાગે. અનન્ય ભાવથી ભજન કરે તેને તો હે અર્જુન! હું સુલભ જ છું.

અશાશ્વતનું નામ જ દુનિયા, દુઃખાલયનું નામ જ જગત. આ જગત છે તે બહિર્દૃષ્ટિ છે. જે બહિર્દૃષ્ટિથી જુએ તેને ભગવાન ક્યાંથી દેખાય? દુઃખો જ જેમાં રમણ કરે છે તેવું આ ઘર તે જગત. તેમાં સુખ ક્યાંથી પ્રાપ્ત થાય? દુઃખાલય છોડો. સુખાલયમાં જાઓ તો જ સુખ મળે. સુખાલય એટલે બ્રહ્મ, સુખાલય એટલે આત્મા, સુખાલય એટલે અધિયજ્ઞ અને દુઃખાલય એટલે નાશવંત, દુઃખા-લય એટલે અધિદૈવ. જીવભાવીને માટે આ જગત દુઃખોનું સ્થાન છે, દુઃખોને રહેવાનું ઘર છે, ત્યાં સુખની કણ પણ નહિ મળે.

જો જ્ઞાન હોય તો દુઃખ ન લાગે. જ્ઞાનીની દૃષ્ટિમાં કોઈ મર્યું જ નથી. આ બધું પંચમહાભૂતનું જ બનેલું છે અને પંચ-મહાભૂત તો મારી પાસે ય છે. મૃત્યુ એટલે પંચમહાભૂતનું રૂપાંતર થયું, સ્થૂળમાં હતું તે સૂક્ષ્મમાં મળ્યું. સ્ત્રી વિધવા થઈ એટલે કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેનો ધણી સર્વત્ર થઈ ગયો—પૃથ્વી પૃથ્વીમાં, જળ જળમાં, તેજ તેજમાં, વાયુ વાયુમાં, આકાશ આકાશમાં, દેહના પંચમહાભૂત તત્ત્વો આ પંચમહાભૂતમાં મળી ગયા. હવે કદી વિયોગ જ નહિ થાય. સુયોગ થઈ ગયો. આ ભાવ તે આત્મભાવ. આ ભાવ જ્યાં સુધી નથી ત્યાં સુધી બધા વિધવા-વિધુરો છે. ભગવાન જેવો વર જેને નથી તે વિધવા જ છે. અશાશ્વતમાં જે પોતાને પરણેલો કે પરણેલી સમજે તે મૂર્ખાઓ જ છે. અહીં શાશ્વતમાં કોઈ ભાવ જ નથી. અહીં કોઈ જૈન નથી, વૈષ્ણવ નથી, હિન્દુ નથી, મુસલમાન નથી, પારસી નથી, યુરોપિયન નથી; કોઈ વિધવા નથી કે વિધુર નથી, અહીં કોઈ જીવ નથી, કોઈ શિવ નથી, અહીં જીવશિવભાવ પણ નથી. અધિભૂત ભાવ કે અધિદૈવ ભાવ કે અધ્યાત્મ ભાવ કોઈ ભાવ નથી. જે છે તેનું વર્ણન થઈ શકતું નથી. એ તો મન અને વાણીથી પર છે. તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન અનન્યભક્તિથી કર. જો એ નહિ કરે તો દુઃખાલયમાં આંટા માર્યા જ કરવાના છે. (૧૪-૧૫)

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥१६॥

હે અર્જુન! બ્રહ્મલોકપર્યંતના સર્વ લોક ઉત્પત્તિ તથા વિનાશને આધીન છે પરંતુ હે કૌન્તેય! માત્ર મારી પ્રાપ્તિ થયા પછી પુનર્જન્મ થતો નથી. (૧૬)

બ્રહ્મલોક સુધીના સર્વ લોક ભુર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, જનલોક,...વગેરે સર્વ લોક દુઃખાલય જ છે. દેવલોકમાં પણ સુખ ક્યાં છે? ગરીબ માણસને એમ લાગે કે વાલકેશ્વરના બંગલામાં રહેનારાઓ કેવા સુખી હશે! પણ તેઓને જઇને પૂછો તો તેઓ કહેશે અમે પણ દુઃખી જ છીએ. સૂવું, બેસવું, ખાવું, પીવું, દોડધામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરવી આ બધાં દુઃખો જ છે. શરીર ધારણ કરવું એ જ દુઃખ છે અને તેમાં આસક્તિ રાખવી એ મહાદુઃખ છે શરીર લઈને કોઈ સુખી થયું નથી. દેહાધ્યાસ એ જ મહાન દુઃખ છે ગરીબ અને શ્રીમંત બધાયને ચારે બાજુ દુઃખ જ લાગે છે. દુઃખ છે એટલું જ બોલાય છે. બે શેર દુઃખ કે પાંચ શેર દુઃખ એમ દુઃખનું માપ નથી નીકળતું. દુઃખની માત્રા બધે ય સરખી જ છે. હું દુઃખી છું એમ બધાંય બોલે છે. સધવાને પૂછો કે વિધવાને પૂછો, પરણેલાને પૂછો કે અપરિણિતને પૂછો બધાંય દુઃખી છે. બાળક અવસ્થામાં ય દુઃખ, યુવાન અવસ્થામાંય દુઃખ, વૃદ્ધાવસ્થામાં ય દુઃખ, ત્રણે અવસ્થા દુઃખથી ભરેલી છે. બાબો ઊંઘમાં હોય તો ય રમાડે, બચીએ ભરે, ગાલ ખેંચે, તેને ગમતું નથી. બાળકની દૃષ્ટિમાં તો તે દુઃખ જ છે. વળી પાછું ભણવાનું દુઃખ પડવાનું. યુવાની આવી કે એમ થાય કે બધાં પરણી ગયા ને હું રહી ગયો. વળી પરણ્યો અને છોકરાં થયા. નોકરી કરવી પડે અને ત્યાં યે દુઃખ. વૃદ્ધ થયો કે બૈરી છોકરા સતાવે, રોગો હેરાનપરેશાન કરે. છે આમાં કોઈપણ અવસ્થામાં સુખ? જેની પાસે અધ્યાત્મ વિદ્યા છે તે જ સુખી છે. જેની પાસે ભગવાનરૂપી કીમિયો છે તે જ સુખી છે. બીજા બધાં દુઃખી છે. આત્મધન એ જ મોટું ધન છે, આત્મચિંતન કરનાર જ સુખી છે. દરેક લોકમાં દુઃખ છે. શ્રીમંતાઈમાં પણ દુઃખ છે. આગ પડો એ શ્રીમંતાઈમાં. દેવલોકમાં બે હજારથી બાર હજાર વર્ષનું આયુષ્ય છે, ત્યાં યે દુઃખ છે. આગ પડો એ દેવલોક પર. સ્વર્ગસુખ માટે લોકો અનુષ્ઠાનો કરે છે. એ સ્વર્ગસુખને અંતે તો દુઃખ જ છે. આજે ગરીબ મટી ગયા અને શ્રીમંત બન્યા તો તેથી વધુ શ્રીમંતાઈ માટે દુઃખ થશે. કોઈ સુખ તરફ જોવાનું જ નથી. આત્મપ્રાપ્તિ વગર સુખ જ નથી. માટે તો પ્રાર્થના કરે કે હે ભગવાન! આ બધાં સુખો પર આગ પડો. મને તો કેવળ તારું નામસ્મરણ જ જોઈએ છે. આ બધાં સુખો તો વાસ્તવિક રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુઃખો જ છે. અજ્ઞાની લોકો તેને સુખ કહે છે. અજ્ઞાનીઓ સુખ માટે દોડે છે. પણ તેમને તો આ દુઃખો પ્રાપ્ત થશે; દુઃખાલયમાં જ જવાનું રહેશે. ત્યાં હું નહિ મળું. જ્યાં સુધી અધિયજ્ઞભાવ, આત્મ ભાવ નહિ પ્રગટે ત્યાં સુધી વારેવારે જન્મો લેવા પડશે. દેવ થઈને પાછું મનુષ્ય થવાનું અને મનુષ્યમાંથી પાછું પશુ થવાનું–વારેવારે જન્મો જ લેવા પડશે. (૧૬)

सहस्रयुगपर्यंतमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रां तां तेऽहोरात्रविदो जनाः ॥१७।

કેમ કે સહસ્રવેળા ચાર યુગો વ્યતીત થાય છે ત્યારે બ્રહ્મદેવનો એક દિવસ અને પછી તેટલા જ કાળની તેની રાત્રિ થાય છે. આ વાત રાત્રિ-દિવસને જાણનારા લોકો જ જાણે છે. (૧૭)

આ બધા અનન્ય ભાવના જ શ્લોકો છે. હવે વિશ્વદર્શન તરફ કુચ થઈ રહી છે.

ચાર હજાર યુગ એટલે બ્રહ્માના બાર કલાક થાય છે ચોવીસ કલાકમાં આઠ હજાર યુગ થાય છે બીજી સવારે પાછા નવા બ્રહ્મા આવે છે, નવા બ્રહ્મા આવે એટલે નવી દુકાન શરૂ થાય. બ્રહ્માના બાર કલાકમાં ચૌદ ઇન્દ્રો બદલાય છે. આ વાત રાત્રિદિવસને જાણનારાઓ જાણે છે. આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી, અધિયજ્ઞને ન સમજે ત્યાં સુધી કાળની મર્યાદામાં સમજ પડતી નથી. આવા તો અનેક બ્રહ્માઓ બદલાય છે. બ્રહ્મામાં આ છે તો બ્રહ્મમાં શું હશે? એ તો કાલાતીત છે. પ્રજાપતિ સુધી જ મર્યાદા–હદ છે. મનથી પર થયો પછી કાળ નથી. મન બુદ્ધિને ન છોડે ત્યાં સુધી કાલાતીત ન થવાય. મનનું નામ જ બ્રહ્મા. મનનું નામ જ પ્રજાપતિ. દિવસ એટલે જ્ઞાન અને રાત્રિ એટલે અજ્ઞાન. રાત્રિદિવસને જાણનારાઓ એટલે જ્ઞાન અને અજ્ઞાન શું એ સમજનારાઓ જ કાળાતીત થાય,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ જ્ઞાન અને આ અજ્ઞાન, આ ક્ષર અને આ અક્ષર એમ જે સમજે તે જ કાલાતીત થશે. કાળનો જ્ઞાનથી જ ક્ષય થાય છે. આત્માને કાળ નથી. તે સમરસ છે. મન છે તો શરીર છે. આત્મા સાથે મનને સંબંધ નથી. કાળ શરીરને જ ખાઈ જાય છે. આત્માને કંઈ કાળ ખાય છે કે ? ભગવાન જ કાળસ્વરૂપ છે એટલે આત્મા જ કાળ થયો ને ? તે જ કાળ તેમાં વળી કયો કાળ આવે ? કાળમાં કયો કાળ હોય ! કાળને સમજવા માટે તો કાલાતીત થવું પડશે. બ્રહ્મલોક એટલે બ્રહ્માનો લોક, મનનો લોક. મનબુદ્ધિ પર્યંતના સુખો અશાશ્વત છે. લોકો તેને માટે દોડાદોડી કરી રહ્યા છે. દુઃખાલયમાં જે આવવું અને જવું સમજી જાય તેને દુઃખો નથી ભોગવવા પડતાં. મહાત્માઓ આત્મભાવમાં આ જ વાત કરે છે. 'આવો' અને 'જાવ' એમ જ તેઓ કહે.

એક આવા આત્મભાવી મહાત્મા હતા. કોઈ આવે તો કહેશે કે 'આવો'. કોઈ જાય તો કહેશે કે 'જાઓ'. શરીરો આવે છે અને શરીરો જાય છે. આત્મભાવમાં મસ્ત મહાત્મા 'આવો–જાઓ' બોલ્યા કરતા. આ ગામમાં એક નાસ્તિક માણસ રહેતો હતો. લશ્કરમાં બિચારો સામાન્ય નોકરી કરતો હતો. આ મહાત્મા તો સમર્થ હતા, પ્રતિષ્ઠિત માણસો આગળપાછળ ફર્યા કરે. મહાત્મા મહાન સિદ્ધ પુરુષ હતા. ઑફિસર આવે તો તરત દોડે પણ મહાત્મા પાસે કોણ જાય ? નાસ્તિક માણસને પણ એવું જ થયું. મહાત્માને મળવા કોઈ મહાન ઑફિસર–અમલદાર આવ્યા. કોઈએ નાસ્તિકને વાત કરી કે મહાત્માની પાસે તો તારા મોટા ઑફિસર આવ્યા છે. નાસ્તિક હતો તો હોશિયાર માણસ. મહાત્મા મહાન છે, ભણેલા ગણેલા છે માટે જવુ જ જોઇએ. મને ખબર નહોતી કે આ મહાત્મા આવા મહાન હશે એમ બોલીને ગયો મહાત્માની પાસે. મહાત્મા બેઠા હતા. કોઈ આવે તો કહેશે કે આવ, જાય ત્યારે કહે કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'જાઓ, 'આવજાવ' શબ્દો મહાત્મા બોલ્યા કરતા. આવજાવ એ મંત્ર જ છે ને! સમજી જવાનું છે. નાસ્તિક માણસ મહાત્માને પગે લાગ્યો. એ ચાર દિવસ દરરોજ મહાત્મા પાસે જવાનું થાય. 'આવજાવ' શબ્દો મગજમાં રહી ગયા. નાસ્તિકના મગજમાં 'આવજાવ' એ ધૂન ચાલવા માંડી ઊંઘમાં પણ આવજાવનો બડબડાટ થવા લાગ્યો. વહુએ પૂછ્યું કે આ શું! આ આખો દિવસ આ બડબડાટ શું કરો છો? તેણે જવાબ દીધો કે તું શું સમજે? હવે તો તે મહાત્મા બની ગયો ને? મહાત્માની ચારે બાજુ લોકો ઘૂમી રહ્યા હતા પણ તેનો ભાવ કોઈ સમજતું નહિ. આ નાસ્તિકના મગજમાં આવજાવનો ભાવ જામી ગયો. રાત્રિએ ઘરમાં ચોરો આવ્યા. ઘરમાં પાંચપચાસ હજારનું ઝરઝવેરાત લીધું અને પોટલું વાળ્યું. ત્યાં તો ઊંઘમાં જ નાસ્તિક માણસ બોલ્યો કે 'આવો.' ખાટલામાં તે પડ્યો છે, પોટલું ચોર માથે મૂકે છે. વળી આ માણસે પડખું ફેરવ્યું અને ઊંઘમાં જ બોલાઈ જવાયું કે 'જાઓ.' ચોર ગભરાયા. ચોરો પગે લાગીને પોટકું મૂકીને ચાલી ગયા. બધું ઘરમાં જ રહ્યું. નાસ્તિકને જાગતાંવેંત બધું સમજાઈ ગયું. મહાત્માનો મંત્ર કેવો અસરકારક છે! મહાત્મા તો જબરદસ્ત સિદ્ધ પુરુષ લાગે છે. નાસ્તિકમાં ભક્તિનો પ્રવેશ થયો. તેનું ભજન શરૂ થયું. ભજનથી સાંસારિક સુખો પણ પ્રાપ્ત થાય છે. સવારમાં આ નાસ્તિક (હવે નાસ્તિક શાનો!) હવે તો ભક્ત; ભક્તે ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે ભૂખ્યાઓએ, ગરીબગુરબાંએ તેને ઘેરથી અનાજ લઈ જવું. સદાવ્રત ચાલુ કર્યું. નાસ્તિક હતો છતાં ભાવ પ્રગટ થઈ ગયો. 'આવોજાઓ' બોલ્યા જ કરે. પેલું ને આ સાંસારિક અને આધ્યાત્મિક બન્ને કલ્યાણ થઈ ગયા. વહુને પણ રોજ કહે કે આવો ને જાઓ. જે સમજવાનો પ્રયત્ન કરે છે તેને સમજાઈ જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આમાં કોઈ કાળ નથી. મૂળ સ્થિતિમાં કોઈ કાળ નથી. બ્રહ્માના લોક સુધી કાળ છે. આવો મોટો અનંત કાળ, અબજો વર્ષો તે તો બ્રહ્માના બાર કલાક છે. સ્વયં પોતે જ કાળ છે; એવી કાલાતીત અવસ્થા પ્રાપ્ત થઈ શકે. કાલાતીત અવસ્થા શું છે તે સમજવા માટે આ શ્લોક છે.

સર્વત્ર વિષ્ણુને જોવા તે વૈષ્ણવભાવ પ્રાપ્ત કરવા માટે અભ્યાસ કરવો પડશે. આ ભાવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોઈ વૈષ્ણવ નથી, ત્યાં સુધી તો દુઃખાલયમાં આંટા મારવા કરવાના છે. બ્રહ્મલોક સુધીના સર્વ સુખો નષ્ટપ્રાય છે. અનન્ય ભક્તિ સિવાય શાશ્વત સુખ મળતું નથી.

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥१८॥
भूतग्रामः स एवाऽयं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभत्यहरागमे ॥१९॥

દિવસ આવતાં અવ્યક્તમાંથી સર્વ વ્યક્તિનો ઉદય થાય છે અને પુનઃ રાત્રિ આવતાં તે જ અવ્યક્તમાં તેમનો લય થઈ જાય છે. (૧૮)

હે પાર્થ ! તે જ સર્વ ચરાચર વસ્તુનો આ સમુદાય પરતંત્ર હોવાથી ફરી ફરી ઉત્પન્ન થઈ રાત આવતાં લય પામે છે અને દિવસ આવતાં પુનઃ ઉત્પન્ન થાય છે. (૧૯)

મન જાગ્રત થતાં જ બધું જણાય છે અને જ્યારે મનનો લય થઈ જાય છે ત્યારે કશું જ રહેતું નથી, એટલે કે મનની જાગ્રત અવસ્થા તે જ દિવસ અને મનની લય અવસ્થા તે જ રાત્રિ. અને એ રાત્રિમાંથી એટલે કે અવ્યક્તમાંથી મન જ્યારે સવારે જાગે છે ત્યારે એને બધું જ અલગ અલગ જગત જણાય છે. હે અર્જુન, રાત્રે જ્યારે જીવાત્મા નિદ્રામાં પડે છે ત્યારે એને કશું જ ભાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહેતું નથી કારણ મન ત્યાં નથી માટે આ સર્વનું કારણ મન જ છે. તો એ મનના નાશથી જ આત્મપ્રાપ્તિની સંભવિતતા છે. અરે જ્યારે મન જાગ્રત રહે છે ત્યારે કેટલો બધો ઉત્પાત થતો જણાય છે. કોલાહલથી ભરપૂર કેટલી બધી અશાંતિ જણાય છે. અને આ જગત કેટલું બધું મોટું જણાય છે. અને રાત્રે એમાંનું કશું જ રહેતું નથી. એક બિંદુ જેટલું પણ જગત રાત્રે રહેતું નથી. એટલે કે આ ચરાચર વિશ્વ અને અનેક બ્રહ્માંડો, તારાગણ, સૂર્ય, ચંદ્ર ઇત્યાદિ મનને લીધે જ જણાય છે. અરે હે અર્જુન! તેને તું કેવળ મનનો ભ્રમ સમજ અને જ્ઞાનકાળે એ મન પણ રહેતું નથી અને ત્યારે તો કેવળ હું જ રહી જાઉં છું અને પ્રતીતિ થઈ જાય છે કે મન જેવું કશું જ નહોતું. માટે રાત્રે અવ્યક્ત અને દિવસે વ્યક્ત, રાત્રે નિર્ગુણ અને દિવસે સગુણ, રાત્રે નિત્ય અને દિવસે લીલા, આમ તો હે અર્જુન! રાત્રે અને દિવસે સગુણ અને નિર્ગુણ, નિત્ય અને લીલા, જીવ અને ઈશ્વર એ દરેક અવસ્થા મારાથી જ ભરપૂર છે. સર્વત્ર કાળમાં હું જ એકરસ પથરાયેલો છું. મન જાગ્રત હોય તો પણ હું અને મનના લયકાળે પણ હું જ છું એમ તું નિઃશંક સમજ. (૧૮-૧૯)

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥२०॥

સર્વ સચરાચરનો નાશ થયા છતાં પણ જે નાશ પામતો નથી, તે તે અવ્યકતથી પર, ઇન્દ્રિયોથી અગોચર તથા અવિનાશી એવો બીજો ભાવ (વસ્તુ) છે. (૨૦)

ત્યાં કોઈ ઇન્દ્રિયો નથી. પંમહાભૂત એવી કોઈ વસ્તુ નથી. એક જડ ભાવ છે અને બીજો અવિનાશી ભાવ છે. અવિનાશી ભાવ તે આત્મભાવ છે. આ દૃશ્યમાન જગત, પંચમહાભૂતો, ઇન્દ્રિયો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ બધો નાશવંત ભાવ છે, શાશ્વત ભાવ તે આત્મભાવ છે. બધા લોકોનો નાશ પામવા છતાં પણ જે નાશ પામતો નથી તે આત્મભાવ છે. એક નાશવંત ભાવ, બીજો શાશ્વત ભાવ, એક વ્યકત અને બીજો અવ્યકત. જે દેખાઇ રહ્યું છે તે વ્યકત, તેનો ભાવ એટલે કે જગતનો ભાવ અને અવ્યકત ભાવ એટલે કે આત્મભાવ છે. વાસ્તવિક રીતે જોતાં તો એક જ ભાવ છે. સચરાચર બધું ય એક છે. ભગવાન જ એ ભાવ કરે છે, જડ અને ચેતન એવા એ ભાવ તે જ કરે છે વાત કરવા માટે એ ભાવ કરવા પડયા છે. બ્રહ્મલોકની ઉપર, મનબુદ્ધિથી પર જ્યારે બ્રહ્મમાં જઇએ ત્યારે બીજો ભાવ જ નથી. જગત બ્રહ્મમાં જ છે ને ! બધું મારામાં જ છે, બધું ભગવાનમાં જ છે. ભગવાને જ પોતાના એ ભાગ પાડયા છે. વર અને વહુ, પ્રકૃતિ અને પુરુષ. પ્રકૃતિ તે નાશવંત છે એનો લય પણ મારામાં જ થાય છે. પ્રકૃતિનો પુરુષમાં લય, સચરાચરનો લય અવિનાશીમાં થાય. સોનાના દાગીનાનો લય થયો તેથી સોનાનો નાશ નથી થતો. ઘડાનો નાશ થયો તેથી માટીનો નાશ થાય કે ? ઇશ્વરતત્ત્વ અને જગત બધું યે બ્રહ્મમાં છે. નામરૂપવાળું જે છે તે જગત. નામરૂપ-વાળું તે સગુણ ઘડો તે સગુણ તેને 'ઘડો' એવું નામ છે અને આકાર છે તે રૂપ છે. વાસ્તવિક રીતે માટી જ હતી. ઘડો ફૂટી ગયો તેથી શું ? માટી જ હતી. દાગીના હતા જ નહિં. સર્વત્ર સોનું જ હતું. સર્વત્ર બ્રહ્મ જ છે.

नाकारो नोविकारो नहिजनिमरणे नास्ति पुण्यं न पापं
नो तत्त्वं तत्त्वमेकं सहजसमरसं सद्गुरुं त्वां नमामि ।

કોઈ આકાર નથી, કોઈ વિકાર નથી, કેવળ શુદ્ધ બ્રહ્મ જ છે. મોજાના નાશથી શું સમુદ્રનો નાશ થાય છે ? શરીરનો નાશ થાય એટલે શું ? પરપોટો ફૂટી ગયો અને પાણી સમરસ થઈ ગયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચૈતન્યસાગરમાં શરીરરૂપી બુદ્બુદો થયા કરે છે. મારામાં નાશનું તત્ત્વ જ નથી. જે રડ્યા કરે છે તે દુઃખી થાય છે. આત્મદૃષ્ટિ પર જવાનું છે. શાશ્વત સુખ પ્રાપ્ત કર્યા પછી કંઈ પણ રહેતું નથી.

અર્જુનને અનિત્યમાં રમણ કરવું છે. જીવને જ્યાં સુધી બ્રહ્માનંદ પ્રાપ્ત ન થયા હોય ત્યાં સુધી દોડાદોડ કરવી પડે છે. એક વખત જીવને બ્રહ્માનંદનો ચસકો લગાડી દેવાની જરૂર છે પછી તે વિષયાનંદમાં નહિ રહે. પછી તે આપોઆપ ખેંચાઈ જશે. કોઈ તેને રોકી શકતું નથી. પછી તો તે રોકયો ન રોકાય. એક વખત આ સુખ પ્રાપ્ત થાય પછી વાંધો નથી. એક ભાવ છે દાગીનાનો ભાવ, રૂપ અને આકારનો ભાવ; જ્યારે બીજો ભાવ છે નિરાકારનો ભાવ. (૨૦)

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥२१॥
पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥२२॥

જે અવ્યકત ભાવ અક્ષર સંજ્ઞાથી પ્રસિધ્ધ છે, તેને જ પરમગતિ કહેવામાં આવે છે. જ્યાં જ્ઞાની ગયા પછી પુનઃ પાછા આવતા નથી, તે જ મારું પરમ ધામ છે. (૨૧) હે પાર્થ ! જેમાં સર્વ ભૂતોનો સમાવેશ થાય છે. અને જેનાથી આ સર્વ જગત વ્યાપ્ત છે, તે પરમપુરુષ અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. (૨૨)

પરમગતિએ પહોંચવાની વાત છે. અનન્ય ભક્તિથી જ આ પ્રાપ્ત થાય છે. અનન્ય ભક્તિ એટલે જ જ્ઞાન. અન્ય એટલે બીજું. અન્યને ન જેવું તેનું નામ અનન્ય. ફોટો અને હું, ફોટો અને ભગવાન જૂદા છીએ ત્યાં સુધી દર્શન કેમ થાય ? ફોટાને જ ભગવાન સમજે તો દર્શન થાય. આ ફોટો છે પણ ભગવાન નહિ એ તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભેદદષ્ટિ થઈ. ભેદદષ્ટિ છે ત્યાં સુધી ભગવાન પ્રાપ્ત થતો નથી. ન મૈં રહું ન મેરી આરઝુ બાકી શું રહ્યું. અનન્ય ભક્તિ કેળવવા માટે કેટલો પ્રયત્ન કરવો પડે છે તે નીચેનું દષ્ટાન્ત સમજાવે છે.

એક નાનું એવું જાગીરદારનું ગામ હતું. તેમાં એક ભકત રહેતા. ભકત બહુ ભાવિક માણસ હતા, ભગવાનના ભકત હતા. આખો દિવસ રામ રામ કર્યા કરે. નિષ્ઠા પ્રાપ્ત કરેલી. ભકત તો સર્વમાં ભગવાનને જ જોતા. ગામમાં છોકરાઓને ભણવાની વ્યવસ્થા જાગીરદારે કરેલી અને આ શાળા આ ભકત ચલાવતા. જાગીરદારને ચાર છોકરા હતા. મોટો છોકરો બહુ અશ્રદ્ધાળુ હતો. ભકત બાપનો દોસ્તાર છે ભલે તે નિશાળ ચલવ્યા કરે. નાના છોકરાઓ ભકત હતા. તેમને બાપના મિત્ર તરીકે આ ભકત–માસ્તર ઉપર વિશ્વાસ હતો. આ બાજુ માલમિલ્કત બધી મોટા છોકરાના હાથમાં આવી ગઈ. તેના પૈસા ખલાસ થવા લાગ્યા. હવે શું કરવું ? મોટા છોકરાને ખબર હતી કે બાપાએ પંદર લાખનું સોનું અનામત રાખ્યું છે. જાગીરદાર સૂર્યભકત હતા. તેમણે આ સોનાનું વીલ કરેલું. દસ લાખનું એક મંદિર બાંધવું અને તેની વ્યવસ્થા તેના મિત્ર કે જે શાળા ચલાવતા હતા તે કરે એવું વીલ કરેલું. વીલમાં પાંચ લાખ છોકરાઓને માટે રાખેલા હતા, મોટા છોકરાથી આ કેમ સહન થાય ? તેને તો બધા પૈસા લઈ લેવા હતા. ગમે તેમ કરીને સાચું વીલ તેણે મેળવ્યું અને ફાડી નાખ્યું. તેણે એક નવું વીલ બનાવ્યું. તેમાં લખેલું હતું કે મોટા છોકરાને બાર લાખ રૂપિયા મળે અને બાકીના ત્રણને એક એક લાખ આપવા. નાના છોકરાઓને આ ખબર ન હતી. તેઓને વિચાર થયો કે બાપાએ મંદિર બંધાવવાનું નક્કી કરેલું છે. તેઓ ગયા મોટાભાઈ પાસે, મોટાભાઈએ કહ્યું કે બાપાએ વીલ ફેરવ્યું હતું, ભકતને પણ ખબર છે ભાવિ ભૂલવી ગયું તેથી ભગતનું નામ લેવાઈ ગયું ભગતને ખબર છે તેમને જઇને પૂછો, એમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મોટાભાઈએ કહી દીધું. નાનાભાઇઓ તો ચૂપ જ થઈ ગયા. આ બાજુ મોટાભાઈને ફિકર થવા લાગી કે ભગતનું નામ લીધું તે ખોટું થયું. હવે શું કરવું. પાછો મનમાં વિચાર આવ્યો કે એમાં વળી શું? એવા તો ઘણા ભગતડા હોય છે. લક્ષ્મી દેખાડશું કે તરત જ લાંબો થઈને પગે લાગશે. વિચાર કરતા કરતા ગયો તે ભગતની પાસે. બે વાત કરશું અને દર્શન પણ થશે એમ મનમાં નક્કી કર્યું. ધીમે ધીમે બેઠો અને ભગત સાથે વાત શરૂ કરી કે થોડા દિવસથી વાત બધે ચર્ચાયા કરે છે અને તમે તો સાંભળી જ હશે. ભગતે પૂછ્યું કે એ કઈ વાત છે. મોટો છોકરો બોલ્યો કે પેલા પંદર લાખની. કેમ તમને છેલ્લા વીલની વાતની ખબર નથી કે! તમને તો ચોક્કસ ખબર છે અને એ જ આ વીલ છે. પોતે બનાવેલ નવું વીલ જૂના તરીકે ઠોળી બેસાડવા માટે મોટા છોકરાએ ચાલબાજી શરૂ કરી. ભગતે તો કહ્યું કે તમે કહો છો તે વીલ હું નથી જાણતો. મોટો છોકરો કહે કે ઉંમર થઈ છે તમારી, ભૂલી ગયા હશો. યાદ કરો જરાક. ભગત કહે કે હું સત્ય જ જાણું છું. હવે આ છોકરાએ બીજો પાસો ફેંક્યો કે ભગત તમે હું કહું છું તે પ્રમાણે કરશો તો મને મળશે તેના અડધા આપીશ. ભગત કહે કે મારે કોઈ સ્પૃહા નથી. મારે કશી ચિંતા જ નથી. હું શું કામ અસત્ય બોલું? તારે જેમ કરવું હોય તેમ કર. હું અસત્ય નહિ કહું, હું તો તારું વીલ ખોટું તેમ કહીશ. આ વાત સાંભળીને મોટો છોકરો તો ખૂબ ગરમ થઈ ગયો. ઠીક ત્યારે, હવે હું તમને જોઈ લઈશ. હમારી બિલ્લી ઓર હમકો મ્યાંઉં—જોઈ લઈશ. ભગત બોલ્યા કે ભગવાનને જેમ કરવું હોય તેમ કરે. તું શું વધારે કરીશ ભકતની નિસ્પૃહતા અને છોકરાનો લોભ બન્ને વચ્ચે તડાતડી થઈ ગઈ. છોકરાએ મનમાં વિચાર કર્યો કે આ ભગતનું કાટલું કાઢી નાખવું. ભગત રોજ સાંજે ગામ બહાર એકાંતમાં ફરવા જાય તેની આ ભાઈને ખબર હતી. તે જંગલમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંતાઈને હાથમાં એક છરી લઈને ઊભો રહ્યો. જેવા ભગત નીકળ્યા કે તરત જ તેણે છરી ઘોંચી અને ભાગ્યો. ભગત રામ રામ બોલતાં નીચે પડયા અને તેઓ તો તરત જ સમાધિ અવસ્થામાં ચાલ્યા ગયા, સમાધિ અવસ્થામાં તેમણે શું દર્શન કર્યું રામ-લક્ષ્મણનો તેમને સાક્ષાત્કાર થયો. દેહની વિસ્મૃતિ થઈ રામલક્ષ્મણની. સાથે હનુમાનજી પણ હતા. તેમણે ભગતને કહ્યું કે તમારે ચિંતાની શી જરૂર છે. હું તે છોકરાને ભેટી લઈશ. રામ રામ નામના જે તેલ ચડાવે તેની ઉપર હું સદા ખુશ રહું છું. હું હનુમાન તેનું સદા સર્વદા રક્ષણ કરું છું. ભગત સમાધિમાંથી જાગ્યા. શરીર હતું તેવું ને તેવું થઈ ગયું. કોઈ ઘાવ શરીર પર ન રહ્યો. ભગત રામ-રામ બોલતાં પાછા ગામ ભણી ઉપડયાં. રસ્તામાં જુએ તો પોતાને મારનાર છોકરો બેભાન અવસ્થામાં પડેલો. મોઢેથી ફીણ ચાલ્યા જાય. ભગતથી આ કેમ જોવાય. તેણે પાણી લાવીને છોકરાની ઉપર છાંટયું. મોઢું ધોઈને બધું સાફસુફ કર્યું. જાગૃત થયો કે છોકરો ભગતને પગે લાગ્યો. હે ભકતરાજ, મારી ભૂલ થઈ. મને માફી આપો. ભગત કહે છે કે માફી માગવાની શી જરૂર? મને તો આનંદ જ થયો. તેં મારું કશું બગાડયું નથી બલ્કે બધું સારું જ થયું છે. છોકરાએ કહ્યું કે તમને મારીને હું અહીં આવ્યો તેવામાં કોઈ બે કાળા પુરુષો આવ્યા. મને સખત માર માર્યો અને કહ્યું કે ભકતની અમીદૃષ્ટિ છે તેથી તને મારી નથી નાખતા. તું મને અને ભકતને જુદા સમજે છે એમ પણ કહ્યું. મને તેણે એવી કોણી મારી કે હું બેભાન થઈને અહીં પડયો. ભકત સમજી ગયા કે આ તો હનુમાનજીનું કામ છે. છોકરાએ કહ્યું કે હવે મારે કંઈ પણ જોઈતું નથી. ભકતે તેને કહ્યું કે તારે રોજ રામ રામ કરવું, ભગત ગામમાં આવ્યા તેમને આનંદ થઈ રહ્યો હતો.

આ ભકત કેવો! અન્ય ભાવે તે ભજન નથી કરતો. તે સત્ય નથી છોડતો. ગમે તેટલું થાય છતાં કહે છે કે હું તો સત્યનું જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આચરણ કરીશ. અનન્ય ભક્તો કદી અસત્યનું આચરણ ન કરે. બાધોડિયા ભક્તો અસત્ય બોલે. અક્ષર પુરુષ પરમાત્મા અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય. સત્ય બોલતાં ભલે છ લાખ રૂપિયા જાય અને ઉપરથી છરીનો માર મળે છતાંય ન અટકે તે અનન્ય ભક્ત. આપણે તો પૈસા જ સ્વીકારી લઈએ. અનન્ય ભાવથી ભક્તિ ન કરીએ તેથી દુઃખાલયમાં જવું ને આવવું એમ ચાલ્યા કરે છે.

દરેક અધ્યાયમાં ભગવાન અનન્ય ભક્તની જ વાત કરે છે. યોગ વગેરે સાધનો તો બહિર્મુખ કરનાર સાધનો છે. ભક્તિની વ્યાખ્યા વિશદ છે. પોતા સહિત સર્વત્ર નારાયણ સમજીને સર્વની સેવા કરે ત્યારે ભક્તિ પ્રાપ્ત થાય. ભક્તિ કંઈ સહેલી નથી. કીડીથી હાથી સુધી સર્વત્ર સમાન ભાવ રાખવો જોઈએ. અનન્ય ભક્તિ પ્રાપ્ત કરવાથી પરમપુરુષને પ્રાપ્ત કરી શકાય. આ રીતે જ ભક્તિ સતત અને નિરંતર થઈ શકે. બીજી કોઈ રીતે નહિ. આ માટે જ ભગવાન આવા અનન્ય ભક્તિના શ્લોકો થોડી થોડી વારે બોલ્યા કરે છે.

એક વખત ચૈતન્યમય બની ગયો પછી કંઈ જીવભાવ આવે કે? એક વખત પારસમણિનો સ્પર્શ થયો અને સોનું બની ગયા પછી કંઈ લોખંડ થાય? કોઈ કોઈ કહે છે અમારું ભજન કેમ બંધ થઈ ગયું હશે? હવે અમને ભજનમાં ભાવ નથી આવતો? જવાબ એ છે કે પહેલાં જે ભાવ આવતો હતો તે દેખાડવાનો હશે અને અંદર વિષયોનો ભાવ હશે માટે જ આવું થાય છે. સકામ ભક્ત જ આવું બોલે કે હવે ભાવ નથી આવતો; હવે શનિવારે ભજનમાં જવું નથી. મૂળમાં જ ભાવ ઓછો હોય ત્યારે ભજન અટકી પડે છે. ભજનમાં સાચો ભાવ પ્રગટે પછી જ શબ્દો સારા લાગે છે. કોઈને નરાધમ કહીએ તો સારું નથી લાગતું. નરાધમ તો વૃત્તિઓને કહ્યું છે બાકી તો સહુ આત્મા જ છે. માણસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નરાધમ નથી. મૂળથી જ ભાવમાં કમીપણું હોય ત્યારે ભજન અટકી જાય, ભજન અનન્ય નથી એ સાબિત થઈ ગયું. દૂધમાંથી દહીં થયા પછી કંઈ એનું દૂધ થાય કે? પહેલાં અમે દહીં થઈ ગયેલા એમ કોઈ કહે તો કેવું વિચિત્ર લાગે! એ બાજુ પગ રાખવા છે તેથી બેહાલ થઈને મરે છે. એક વખત જ્યાં આ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી; અને પછી બ્રહ્મભાવનો આનંદ લૂંટવા લાગ્યો; એક વખતે નિર્વિકલ્પ સમાધિનો જ્યાં આનંદ મળ્યો; એક વખત સહજ સમાધિ અને પ્રસન્નતાની મોજ જ્યાં લૂંટી પછી કેવી રીતે નવાં નવાં જન્મો ધારણ કરે? પછી આ શરીરમાં પણ ભાવ ક્યાંથી રહે? બીજા શરીરો ક્યાંથી મળે? શરીરનું પ્રારબ્ધ પછી બંધાય જ કેમ? શરીરમાં ભાવ હોય કે લક્ષ્ય હોય તો જ શરીર બંધાયને? પૈસા ગયા કે છોકરો મર્યો કે બૈરી મરી તેથી તેને શું? તે તે કહેશે કે પરપોટા ફૂટ્યા તેથી સમુદ્રને શું? પોતે પણ મરે ત્યારે પરપોટો ફૂટી જાય અને સમુદ્રમય બની જાય.

એક અનન્ય ભક્ત હતા. ઘરમાં ત્રણ માણસ, તેની વહુ, છોકરો, છોકરી. ભક્ત તો ચોવીસ કલાક 'રામકૃષ્ણહરિ, રામકૃષ્ણ-હરિ' બોલ્યા કરે. તે અનન્ય ભક્ત હતા. અનન્ય ભક્તિમાં ધૂન ચાલતી હોય કે સત્સંગ ચાલતો હોય ત્યાંથી ઊઠાય કે? આપણે તો સત્સંગમાંથી ને ધૂનમાંથી ઊભા થઈ જઈએ. વિષયો તરફ મન જાય છે તેથી ઊઠવું જ પડે ને? આપણે તો 'કામ છે' 'કામ છે' એ જ વિચાર. આપણે 'કામ'ના અનન્ય ભક્ત, ભગવાનના નહિ. જ્યારે આ ભક્ત તો ભગવાનની અનન્ય ભક્તિ કરતા.

એક વાર નારદ અને ભગવાન વચ્ચે ઝગડો થયો. સાચો ભક્ત કોણ, સાચી ભક્તિ કેવી હોય તે વાતમાં ઝઘડો થયેલો. ભગવાને નારદજીને કહ્યું કે ચાલ હું તને સાચો ભક્ત દેખાડું. બન્ને જણા રૂપ બદલીને, સાધુવેશમાં આ ભક્તને ત્યાં આવ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભકતને કહ્યું કે તારું નામ સાંભળીને અમે તારે ત્યાં આવ્યા છીએ. ભકત કંઈ જમાડયા વગર જવા દે કે? બન્નેને જમવા માટે રોકયા. ભકત બન્નેની સેવામાં લાગી ગયો. ઘરના પાછળના ભાગમાં કૂવો હતો. ત્યાં ભકતનો છોકરો પાણી ભરતો હતો. તેને અચાનક સાપ કરડયો અને તે તરત જ મૃત્યુ પામ્યો. ભકતે જઈને તેનું શબ એક બાજુ મૂકી દીધું. મુખ પર જરા પણ ખિન્નતા લાવ્યા વગર તે નારદજી અને ભગવાનની સેવા કરવા લાગ્યો. રસોડામાં તેની બૈરી રાંધતી હતી ત્યાં તેને હૃદયરોગનો હુમલો થયો અને તે પણ મૃત્યુ પામી. આ લોકો પરમ ધામમાં પહોંચવા લાગ્યા. બહાર છોકરી રમતી હતી તે ગાડાની હડફેટમાં આવી અને તે પણ મૃત્યુ પામી. ભકત તો કશું યે બોલ્યા નહિ. તેના મુખ ઉપરની પ્રસન્નતા ન જ ગઈ. એકદમ ભોજન તૈયાર કરીને સાધુપુરુષોને કહ્યું કે ચાલો જમવા. ભગવાન કહે છે કે તારા સુતકીના ઘરનું કોણ જમે? ભકતે કહ્યું કે સુતકી વળી કોણ? પરપોટા ચૈતન્યમય થઈ ગયા. ભગવાને નારદને આ દર્શાવ્યું. નારદજી તો ઠંડા થઈ ગયા. પણ થાળ પીરસ્યા. રકઝક ચાલુ જ હતી કે અમે નહિ જમીએ, બહુ મુશ્કેલીથી જમવા બેઠા. નારદને ભગવાને અનન્ય ભકિત દેખાડી, ભકત કહે છે કે હું જ પાપી છું. હું રખડયો. એ ત્રણે ચાલી ગયા. હું જ ખરાબ છું, ચૈતન્ય મરતું નથી. પાણીમાં પરપોટા ફૂટે તેથી શું ઓછું થાય? ત્રણે જણ પરમધામમાં ગયા, મોક્ષ પામ્યા. ભગવાન પ્રગટ થયા અને ભકતને સુખ થઈ ગયું. ભગવાને લીલા જ કરેલી. ત્રણને મરતાં જોયાં છતાં ભકતના મુખ પરથી પ્રસન્નતા ન ગઈ.

આવા અનન્ય ભકતને હું મારા ધામમાં જ લઈ લઉં છું. ચારેને પોતાના ધામમાં લઈ લીધા. ભકત જીવન્મુકિતનો આનંદ મેળવવા લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે ત્યાં આવું થયું હોય તો? મહેમાન મહેમાનને ઠેકાણે રહે. મૃત્યુ તો શું પણ સો બસો રૂપિયા ખોવાયા હોય તો પણ મહેમાનને જ ગાળો આપશે કે તમારા પગલાંથી અમારે ઘેર નુકસાન થયું. પૈસા ગયા હોય તોય રડવા બેસીએ. મહેમાન તરફ જુએ પણ કોણ?

અનન્ય દૃષ્ટિથી, અનન્ય ભક્તિથી જ આ પરમ પુરુષ પ્રાપ્ત થાય. ભક્તને તો ભગવાન સહજ પ્રાપ્ત છે. માટે ભગવાનને અરજી કર્યા કરો કે તું જ આ બધું લઈ લે. આજ પ્રાર્થના કે હે ભગવાન, પોતા સહિત બધું ભલે હરિહર (નાશ) થઈ જાય, અમે કેવળ પરમ પુરુષ થઈ જઈએ. હે ભગવાન! તું માલમિલ્કત બધું ય હરિહર કરી નાખ.—એવી રીતે મારફાડની જ વાત કરવી.

એક બ્રાહ્મણ હતો. તે ભગવાનનો અનન્ય ભક્ત હતો. કૃષ્ણનો પરમ ભક્ત હતો. આખો દિવસ રામકૃષ્ણહરિ રામકૃષ્ણહરિનો મંત્ર બોલ્યા કરે. બજારમાં જાય તો પણ મુખમાં રામકૃષ્ણહરિ, રામકૃષ્ણ હરિ ચાલ્યા કરે. બજારમાં એક શાકભાજી વેચનાર બાઈ બેસતી. તેની પાસે એક વિચિત્ર કાટલું હતું. એક શેર માગો તો એક શેર, પાંચ શેર માગો તો પાંચ શેર, પાશેર માગો તો પાશેર. બધું ય તે એક જ કાટલે તોળે. આ કઈ જાતનું યંત્ર? બ્રાહ્મણે તે જોયું અને આ માપ તું મને આપ. આ કાટલું તને ક્યાંથી મળેલું? બાઈએ વાત કીધી કે હું નાની હતી ત્યારે મારું કાટલું ખોવાઈ ગયેલું. મને ઘરમાં માર પડયો અને કહ્યું કે જા તું એ કાટલું લઈને જ આવ. હું ક્યાં જાઉં? રડતી રડતી નદી તીરે જઈને બેઠી. નદીમાં પગ હલાવતી હતી ત્યાં આ પથ્થર મળ્યો. હવે મને તમે ૩૦૦રૂા. આપો તો હું તમને એ કાટલું આપું. મારે વૃંદાવન જવું છે તેથી ત્રણસો રૂપિયાની જરૂર છે. બ્રાહ્મણ ઘરે આવ્યો અને સ્ત્રીને વાત કરી. બ્રાહ્મણ સમજતો હતો કે એ કાટલું તો ભગવાન શાલીગ્રામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. સ્ત્રી પતિવ્રતા હતી. તેણે પોતાનાં ઘરેણાં કાઢી આપ્યા. બ્રાહ્મણે ગામમાં જઇને ઘરેણાં વેચીને ત્રણસો રૂપિયા મેળવ્યા. જઈને શાક વેચનારી બાઈને આપીને એ શાલીગ્રામ લઈ લીધો. બાઈ ભક્ત હતી. આ પથ્થર સાક્ષાત્ શાલીગ્રામ હતો. કોઈ બાળકે ઘરે જઈને બ્રાહ્મણીને કહ્યું કે ઘરમાં કોઈ મોટા માણસ આવવાના છે માટે સાફસુફી કરો. બ્રાહ્મણ ઘરે આવ્યો. સિંહાસન ઉપર ભગવાનને પધરાવ્યા અને નિવેદ પૂજા વગેરે શરૂ કર્યું. ભગવાન તે જ રાત્રે બ્રાહ્મણને સ્વપ્નામાં આવ્યા અને કહ્યું કે તું મને જ્યાંથી લાવ્યો ત્યાં જ પાછો મોકલી દે. બ્રાહ્મણ કહે હવે હું તમને નહિ મોકલું. ભગવાને કહ્યું કે તો તારે માથે આફત પડશે. બ્રાહ્મણે કહ્યું કે જે કરવું હોય તે કરજો. ભગવાને કહ્યું કે જો તું મને ત્યાં નહિ મૂકી આવ તો તારી બેરી આઠ દિવસમાં મરી જશે. બ્રાહ્મણે ગણકાર્યું જ નહિ. બરાબર આઠમે દિવસે વહુ મરી ગઈ. બ્રાહ્મણના મુખપર જરા પણ અપ્રસન્નતા ન હતી. આઠ પંદર દિવસ પછી ફરી ભગવાન સ્વપ્નામાં આવ્યા અને કહ્યું કે તું મને મૂકી આવ. બ્રાહ્મણે ના પાડી. ભગવાને કહ્યું કે હું કહું છું તેમ નહિ કર તો તારી પુત્રી મરી જશે. બ્રાહ્મણ તો એક જ વાત કરે કે હે ભગવાન! તમારે જેમ કરવું હોય તેમ કરો પણ હવે હું શાક તોળવા તમને નહિ મોકલું. છોકરી મરી ગઈ. ભગવાન સ્વપ્નમાં આવ્યા કરે અને કહ્યા કરે તે પ્રમાણે પાછો પુત્ર પણ મરી ગયો. લોકો આશ્વાસન આપે ત્યારે ભક્ત કહેશે કે કંઈ બૂરું નથી થયું. ભગવાન કરે તેનાથી વિરુદ્ધ થવાય કે? ભગવાન જ જ્યારે મારવા બેસે ત્યારે કોણ બચી શકે છે? ભગવાનના હાથમાં જ જેનું મોત છે તેને કોણ બચાવી શકે છે? આ બાબતમાં એક દૃષ્ટાંત જોઈએ.

રામલક્ષ્મણ અને સીતા પંચવટીના જંગલમાં વસતા હતા. સુંદર વસ્ત્રો છોડીને વલ્કલો ધારણ કરીને ફર્યા કરે. એક વાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રામે સીતાને ફૂલોથી સજાવી. અરણ્યકાંડમાં આ વાત આવે છે. ઇન્દ્રપુત્ર જયંતને થયું કે લાવ જોઉં તો ખરો. આ રામ તે પરબ્રહ્મ છે કે? કાગડાને રૂપે આવીને સીતાના પગમાં ચાંચ મારી. ધનુષ્યબાણ લઈને રામ પાછળ પડ્યા. રામે બાણ છોડ્યું. અંબરિષના રક્ષણ માટે દુર્વાસાની પાછળ જેમ ચક્ર ગયું હતું તેમ જયંતની પાછળ બાણ ગયું. જયંત પોતાના પિતાની પાસે ગયો પણ તે બચાવવા અસમર્થ હતા. દેવલોકમાં પણ કોણ સંઘરે? પાછળ પાછળ બાણ આવતું હતું. ભગવાન મારે ત્યારે કોણ બચાવી શકે? તે ગયો નારદ પાસે. નારદ પાસે તો બધા રસ્તા હતા. નારદે કહ્યું કે તું રામ પાસે જ જા. તેનો જ આશ્રય લે. તેને કહે કે તમારા સિવાય કોઈ મને બચાવે તેમ નથી. કોઈક વસ્તુનો નાશ કરશે પણ તને તો બચાવશે. જયંત બચી ગયો. પણ તેની એક આંખનો નાશ થયો.

બ્રાહ્મણે ભગવાનને આ દૃષ્ટાંત કહીને કહ્યું કે જ્યારે તમે જ મારવા બેઠા છો તો કોણ બચાવશે.

બ્રાહ્મણનો બીજો પુત્ર પણ મરણ પામ્યો. બ્રાહ્મણ કહે કે ભલું થયું ભાંગી જંજાળ, ફરી ભગવાન સ્વપ્નામાં આવ્યા અને કહ્યું કે હવે આઠ દિવસમાં તારા ઉપર વીજળી પડશે. તારો નાશ થઈ જશે માટે કહું છે કે મને મૂકી આવ. બ્રાહ્મણ ન જ માન્યો. હવે તો તમને નહિ જ છોડું. બ્રાહ્મણે ભગવાન શાલીગ્રામને માથા ઉપર બાંધ્યા. પહેલાં વીજળી તારા ઉપર પડશે. સૂરદાસે એમ જ કહેલું ને કે તમે હાથ છોડાવીને ભલે જાવ પણ હૃદયમાંથી ક્યાં જશો? આઠમો દિવસ થયો. વીજળી કડાકા કરવા લાગી. જેને માથે પરબ્રહ્મ ભગવાન છે તેની ઉપર વીજળી ક્યાંથી પડે? જેને પરબ્રહ્મનું જ્ઞાન છે તેને વીજળી એટલે કે માયા શું કરી શકે? વિષયોને માટે તેના માથામાં સ્થાન જ નથી. બ્રાહ્મણ નદી ઉપર ગયો. વીજળી કડાકા કર્યા કરે છે. નદીમાં નહાવા જાય છે કે તરત જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૃષ્ણ અને બળદેવ નાના બાળકના સ્વરૂપમાં આવીને ઊભા રહ્યા. બ્રાહ્મણને આ બાળકો કહે છે કે માથા પરથી આ પથરો ફેંકી દે ને! બ્રાહ્મણ નથી ફેંકતો. બાળકો તેના ઉપર પાણી ઉડાડે છે. બ્રાહ્મણ તેને ના પાડે છે કે પાણી શા માટે ઉડાડો છે. બાળકો કહે છે કે અમે તો ઉડાડવાના જ. બ્રાહ્મણ કહે છે ભલે ત્યારે, ખૂબ ઉડાડો. મને કંઈ રાગદ્વેષ નથી. બાળકો પાણી ઉડાડતા થાકી ગયા. નાહીધોઈને બ્રાહ્મણ બહાર આવ્યો અને આ બે બાળકો સુંદર સુંદર વાત કરવા લાગ્યા. બ્રાહ્મણે પૂછ્યું કે તમે ક્યાં રહો છો? બાળકો કહે કે અમે તો બહુ દૂર રહીએ છીએ. તમારું નામ શું એમ બ્રાહ્મણે પૂછ્યું. બાળકો કહે કે અમારે નામ જ નથી. બ્રાહ્મણને થયું કે છોકરાઓ છો ગમે તેવી વાતો કર્યા કરે. બ્રાહ્મણને મનમાં થયું કે કોણ જાણે કેમ મને આ છોકરાઓ બહુ ગમે છે. તેથી જતાં જતાં કહ્યું કે કોઈ કોઈ વાર દર્શન આપતા રહેજો. બળરામે તે બ્રાહ્મણને ફૂલ આપ્યું અને ભગવાને તેને વાંસળી આપી અને કહ્યું કે વગાડશો ત્યારે અમે આવશું. બ્રાહ્મણને ફૂલનું કામ નહોતું. તેણે જઈને ફૂલ રાજાને આપી દીધું. રાજાને બે રાણીઓ હતી. રાજાએ એ ફૂલ મોટી રાણીને આપ્યું. નાની રાણી કહે કે મારે પણ એ ફૂલ જોઈએ છીએ. રાજાએ બ્રાહ્મણને બોલાવીને કહ્યું આવું એક બીજું ફૂલ લાવી આપશો? બ્રાહ્મણે કહ્યું કે તપાસ કરીશ. બ્રાહ્મણે જંગલમાં જઈને વાંસળી વગાડી. બંને બાળકો આવ્યા અને બ્રાહ્મણને કહ્યું કે આંખો બંધ કરી દો અને ચાલો મારી સાથે. બ્રાહ્મણ ચાલવા લાગ્યો. એક સુંદર નંદનવન હતું. ભગવાનની લીલા શરૂ થઈ. એક સુંદર મહેલ છે. બન્ને બાળકો તો ગુમ થઈ ગયા. આ તો એક મંદિર છે એમ આ બ્રાહ્મણને લાગ્યું. ખરેખર તે એક સુંદર મંદિર જ હતું. તેમાં એક સિંહાસન હતું. સિંહાસન તરફ જતાં ભક્તને ઠોકર લાગી અને પડી ગયા. માથા પરનો શાલીગ્રામ ફાટ્યો અને ભગવાન પ્રગટ્યા. ભક્તને સમાધિ થઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગઈ. ભગવાનના દર્શન થયા. જાગ્યો અને ફૂલ હાથમાં હતું. જઈને રાજાને ફૂલ આપી દીધું. બ્રાહ્મણનો મોક્ષ થઈ ગયો. પરમ સુખ પ્રાપ્ત થયું.

આ સુખ પ્રાપ્ત થયું ક્યારે? ભોગ આપ્યો ત્યારે ને? આ બધાં ભોગ આપવા જ પડશે જો સાકેત ધામમાં જવું હોય તો. સાકેત ધામમાં જવા માટે આ શરીરથી માંડીને જે ભોગ જોઈએ તે લઈ લે એમ કહી દેવું પડશે. રડનારથી સાકેત ધામમાં નહિ જવાય. તે માટે તો પ્રાર્થના કરવી પડશે કે હે ભગવાન! તું જ આ બધા આવરણો લઈ લે શરીરના વિષયો એ બધાં આવરણો છે. આવરણો હોય ત્યાં સુધી ભગવાન કેમ પ્રગટે! આ શરીર જ આવરણ છે, શરીર દગાખોર છે. શરીર નિમકહરામી છે. ત્યાં બીજા શરીરો આપણા ક્યાંથી થવાના? આપણું શરીર જ આપણું નથી, આ બધું છોડવું પડશે. ત્યાગ જ કરવાનો છે, તમારાથી ત્યાગ ન થાય તો ભગવાનને કહો, વીજળીને હું મોકલી દઈશ. મારી પાસે આવવા ઈચ્છે તેને સંસાર કેવો? સંસારમાં પુળો મૂકી દઈશ. મને તેમાં ક્યાં વાર લાગવાની છે. આવરણોનો નાશ કરવો જ જોઈએ, આવરણોનો નાશ તેનું જ નામ મુક્તિ. સાકેત-ધામ, આત્મા, પરમપુરુષ, બ્રહ્માનંદ મેળવવો હોય તો વિષયાનંદને બચાવવાના પ્રયત્ન છોડી દો. મોક્ષને કોઈ વૃંદાવન કહે છે. બાહ્ય વૃંદાવનમાં મોક્ષ નથી. આ મસ્તકરૂપી વૃંદાવનમાં જ જવું પડશે. જ્યાં સુધી સહસ્રાગરમાં ન જાય ત્યાં સુધી બ્રહ્મસુખ મળવાનું નથી. આપણે અનન્ય ભક્તિ કરવી હોય તો આ દૃષ્ટાંત મોજુદ છે. આજથી જ આ સવારથી જ પ્રાર્થના કરવી પડશે, એને જેમ કરવું હોય તેમ કરે. એને મારી નાખવાનું હોય તો મારી નાખે, બચાવવાનું હોય તો બચાવે.

પ્રેમનો જથ્થો ચારે બાજુ વહેંચાઈ ગયો છે. સગાંવહાલાઓમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેમ છે, સ્ત્રીપુત્રાદિકમાં પ્રેમ છે, નોકરીમાં પ્રેમ છે. પ્રેમનો જથ્થો પાછો મેળવો. પ્રેમનો જથ્થો તે પરમપુરુષ અને તે હું જ છું. ભક્તિ, ભક્ત અને પરમપુરુષમાં કંઈ તફાવત નથી. અનન્ય ભક્તિનો છેલ્લો શબ્દ તે આ 'તે હું જ છું.' આપણે તો છીએ સંસારધામ-નિવાસી, દુઃખાલય નિવાસી. આપણે થવાનું છે સાકેતધામ નિવાસી. યોગીમાં અનન્યભક્તિ નથી હોતી. અનન્યભક્તોમાં યોગીપણું છે. યોગીને ભક્ત થવું મુશ્કેલ છે. યોગથી ભક્તિ પ્રાપ્ત થતી નથી. ભક્તિથી યોગ પ્રાપ્ત થાય છે. ભક્તિ સ્વતંત્ર છે. ભક્તિ એ જ આત્મા છે. ભક્તિ પ્રાપ્ત કરવી કંઈ સહેલી વાત છે? ભક્તિ એટલે અનન્ય ભક્તિ. અનન્યતા વગરનાં ફૂલો ચડાવવા નકામાં છે. એ તો ભગવાનને લાફા મારવાની વાત થઈ ગણાય. ભક્તિ અંતરની છે, બહારની નહિ. ભગવાનને અંતરયામિ કહ્યો છે. ભક્તિ કરે તો ભક્તિનું પ્રારબ્ધ બંધાય. સમજપૂર્વક બધું કરો. સમજ-પૂર્વક ફૂલ ચડાવો, તેલ ચડાવો, તિલક કરો. બધું ય કરો શૈવો ને વૈષ્ણવો બાહ્યચિહ્નથી નહિ, અંતરથી ઓળખાય છે. બાહ્ય ચિહ્નોથી તો ઘૂરકાઘૂરકી શરૂ થાય છે. જેની સર્વત્ર સમ્યક્ દૃષ્ટિ છે તે વૈષ્ણવ. વૃંદાવનમાં જઈ આવે કે દ્વારકા જાય કે દ્વારકાધીશની જય બોલાવે તેથી ભક્તિ નથી થતી. ત્યાં બધે કેવી જાતની ભક્તિ થાય છે તે સમજી લેવું જોઈએ. ત્યાં જવા માટે ગાડીમાં બેસો ત્યારથી જ ઝઘડા જોવાના મળશે. મંદિરોમાં ય ઝઘડા થાય છે. ઘણા દરેક પૂનમે ડાકોર જાય છે, આપણે તો 'આવો ને જાઓ' જેવું રાખવું. મહાત્મા મસ્તરામજીને તખ્તસિંહ મહારાજે શાલ આપી ત્યારે મસ્તરામજીએ કહ્યું કે બેટા ઐસા હી કરતા રહેના. બીજાએ એ શાલ લઈ લીધી ત્યારે પણ તેઓએ કહ્યું કે બેટા ઐસા હી કરતા રહેના. આપણે આમ જ રહેવું. *

---

* તા. ૧૬-૧૦-૫૫ રવીવારનું સત્તરમું પ્રવચન અહીં પૂરું થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥२३॥

હે ભરતશ્રેષ્ઠ ! જે કાળે યોગી મરણ પામવાથી પુનઃ જન્મતો નથી; અને જે કાળે મરણ પામવાથી પુનઃ જન્મ પામે છે, તે કાળ હું તને કહી બતાવું છું. (૨૩ ૬ ૪૨

યોગી મરણ પામે તે કાળની વાત છે. ભક્તને, જ્ઞાનીને અને યોગીને આ વાત લાગુ પડે છે. જે ઈશ્વરનું ભજન કરે છે તેને આ વાત લાગુ પડે છે; જેને ભજનનો નિયમ નથી તેને નહિ. તેને તો ઝાડ, પથ્થર વગેરે અધમ યોનિ મળે છે, જેઓ બીલકુલ ભજન કરતા નથી અને હાયહાય કરતાં સવારસાંજ વિષયની પાછળ દોડે છે તેને તો અધમ યોનિ જ મળે છે. અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ અને જરાયુજ એ ચાર જાતની યોનિ છે. અંડજ એટલે કે પક્ષીઓ, પથ્થર અને ઝાડ એ ઉદ્ભિજ, સ્વેદજ એટલે કે પરસેવામાંથી ઉત્પન્ન થાય તે માંકડ વગેરે. બહુ પાપ કરે તેને ઝાડ યોનિ મળે. ઉદ્ભિજ યોનિમાં બહુ સહન કરવું પડે છે. વૃંદાવનમાં જ કૃષ્ણ છે એમ જ્યાં સુધી ગોપી માનતી હતી ત્યાં સુધી જ વ્રજમાં ઝાડ થવાનું ગોપી પસંદ કરતી. સર્વત્ર કૃષ્ણ છે એમ માન્યા પછી નહિ. જરાયુજમાંથી નીચેની યોનિમાં પણ માણસો લપસી પડે છે. મોહવશ પશુપંખીના જેવું વર્તન કરે તે પશુપંખીની યોનિમાં જાય છે. મનુષ્યશરીર મળે છે તો યે પશુપંખીના જેવું જ જીવન ગુજારે છે. તમને એ ગમતું હોય ત્યાં જ રહો. મનુષ્યશરીર એ એક તક છે. મનુષ્યશરીરની પરમાત્માના ઘેર બહુ જ શોર્ટેજ–Shortage–તંગી છે. ખાવાપીવાના નિયમો પાળવાને બદલે ખાવું પીવું, છોકરા પેદા કરવા અને કમાવું તેમાં જ મંડયા રહેનારને પછી અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ યોનિઓ જ મળવાની. તેઓ તો નીચે જ જવાના. વિષયોમાં રમણ કરે તેની એ જ ગતિ થવાની. અહીં તો યોગીની ગતિ ભગવાન વર્ણવે છે. ઘણા એમ માને છે કે આપણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગતિ આ એમાંથી એક તો થવાની જ પણ એ ખોટું છે. બ્રહ્મવેત્તા જ બ્રહ્મને મળે છે, બીજા નહિ. એમાંથી એક ગતિ તો છે જ એ તો ખોટી માન્યતા છે. કર્તવ્ય ખરાબ કર્યા હોય તો પથ્થર અને ઝાડ પણ થવું પડશે. ખરાબ કર્તવ્ય કરનારને જરાયુજ યોનિ પણ ન મળે. દેવગંધર્વ યોનિઓની તો વાત જ ક્યાં રહી ? (૨૩)

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥ २४ ॥

અગ્નિ, જ્યોતિ, દિવસ, શુકલપક્ષ તથા ઉત્તરાયણના છ મહિનામાં મરનાર બ્રહ્મવેત્તાઓ બ્રહ્મને જઈ મળે છે. (૨૪)

બ્રહ્મવેત્તા એટલે કે જ્ઞાની. પરમાત્મા સંબંધી ચિંતન કર્યું છે, જ્ઞાન થયું છે, સત્સંગ કર્યો છે તેની આ ગતિ થાય બીજા કોઈની નહિ. એ ગતિ છે. એ અયન છે. માગશરથી જેઠ સુધી ઉત્તરાયણ અને અષાડથી માગશર સુધી દક્ષિણાયન છે. સૂર્યના એ અયન છે. ઉત્તરાયણમાં જે બ્રહ્મજ્ઞાની શરીર છોડે તે બ્રહ્મને જઈ મળે છે. અષાડમાં જો કોઈ મહાન માણસ મરે તો તેની ગતિ શું ખરાબ થાય કે? તેને શરીર જ નથી તો પડવાનું ક્યાં? સંકલ્પ જો કરે કે હું ઉત્તરાયનમા મરું કે કાશીમાં મરું તો દેહાધ્યાસ તો રહ્યો છે એમ માનવું રહ્યું. બ્રહ્મવેત્તા તો જીવતાં જ બ્રહ્મમાં જ છે. બ્રહ્મવેત્તા તો શરીરથી પર છે. તેના મરણનો સવાલ જ નથી, જ્ઞાન થયા પછી શરીર જ ફેંકી દીધું છે. શરીર છે ત્યાં જ બ્રહ્મમય થઈ ગયો હોય છે. જે બ્રહ્મસ્વરૂપ થઈ ગયો તેને તો આ સવાલ જ નથી. જેને વિધિનિષેધો દૂર નથી થયા તેને માટે આ બે ગતિ છે. હજી પૂરો બ્રહ્મવિદ્ નથી થયો અને હજી જેના મનમાં છે કે હું ઉત્તરાયણમાં મરું તેને માટે જ આ છે. હું ઉત્તરાયણમાં મરું તો જ મોક્ષ થાય એમ માને તે ઉત્તરાયણમાં મરે ત્યારે બ્રહ્મને જઈને મળે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે આપણે જરા બીજી રીતે જોઈએ. ઉત્તરાયણ એટલે જ બ્રહ્મવિદ્, જ્ઞાની. જે નિષ્કામ છે, જેણે આત્મસાક્ષાત્કાર કરી લીધો છે, જેને હું આત્મા છું એવી પ્રતીતિ થઈ ગઈ છે તેના શરીરો ઉત્તરાયણમાં જ પડવાના. તેને વાટ જોવાની જરૂર નથી. શરીર ક્યારે પડે તેની સાથે તેને સંબંધ જ નથી.

અર્જુનને ભગવાન કહે છે કે જ્ઞાની થઈને મરો એટલે કે ઉત્તરાયણમાં મરો તો મારી પ્રાપ્તિ થશે.

ઉત્તરાયણ એટલે જ જ્ઞાન. ગતિ બે છે એક જ્ઞાન અને બીજુ અજ્ઞાન. ભજન કરતાં જો મોહવશ પતન થાય તો દક્ષિણાયન. દક્ષિણાયન માર્ગ એટલે ધુમ્રમાર્ગ. ધુમાડાનો માર્ગ એટલે કે અંધકારનો, અજ્ઞાનનો માર્ગ, રાત્રિનો માર્ગ. ઉત્તરાયણ એટલે અગ્નિ કે પ્રકાશ. બાકી તો કેટલાયે લોકો ઉત્તરાયણમાં મરે છે. શું તે બધાયની ગતિ થાય છે? ઉત્તરાયણનો અર્થ અહીં જ્ઞાનમાર્ગ થાય છે. મોહવશ થઈને જ સકામભાવે ભજન કરે છે તે દક્ષિણાયનમાં મરે છે, અજ્ઞાનમાં મરે છે. તેઓ બધા ગંધર્વાદિ લોકમાં જઈને પાછા મનુષ્ય લોકમાં આવવાના છે. જે નિષ્કામ ભાવે ભજન કરે છે તેઓ ઉત્તરાયણમાં, ઉર્ધ્વગતિમાં જશે. બીજાની ગતિ, સકામીની ગતિ અધઃ થશે, દક્ષિણાયન એટલે કે અધોગતિ. (૨૪)

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥ २५ ॥

ધ્રૂમ્ર, રાત્રિ, કૃષ્ણપક્ષ તથા દક્ષિણાયનના છ મહિનામાં મરણ પામનાર યોગી ચંદ્રલોકનો ઉપભોગ લઇ આગળ ન જતાં પાછો આવે છે. (૨૫)

જે સકામી છે તે યોગી આગળ જતો નથી. મરણ પછી તે **शुचीनां श्रीमतां गेहे** પવિત્ર અને શ્રીમંત કુટુંબમાં જન્મ લે છે. પાછો નિષ્કામભાવે ભજન કરે છે. અહીં બાવોડિયાઓની તો

CC0. In Public Domain. Sri Sri Anandamayeė Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાત જ નથી. સકામીનિષ્કામી ભજન કરનારાની વાત છે. સકામી ચંદ્રલોકમાં જઇને જન્મે છે. પોતાના કર્મ પૂરા કરીને ઉત્તરાયણમાં એટલે કે જ્ઞાનમાં જાય છે. બ્રહ્મવેત્તા થયો તેને ઉત્તરાયણ અને દક્ષિણાયન જેવો સવાલ જ ઉપસ્થિત થતો નથી. જ્ઞાનીને આ પ્રશ્ન જ થતો નથી. તેને તો મરતી વખતે લોકો જુએ છે અને તેના પરથી જ આ સમજ પડે છે. એ જાતનાં યોગીની ગતિનું વર્ણન અહીં ભગવાને કર્યું છે, જે જ્ઞાની પુરુષ છે તે પ્રકાશમય થાય છે. બીજા અંધકારમય થાય છે. ભજન ખૂબ કર્યું પણ જશ જેટલી કામના રહી ગઈ તો? કામનાઓ યોગીને પણ સતાવે છે. તેને ચંદ્રલોકમાં જઇને પાછું આવવું પડે છે અને ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરવાની રહે છે. (૨૫)

शुक्लकृष्णे गति ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥ २६ ॥

જગતની શુક્લ અને કૃષ્ણ એવી બે ગતિ શાશ્વત માનવામાં આવી છે. એક ગતિથી જનાર યોગીને પાછું આવવું પડતું નથી અને બીજીથી તેને પાછું આવવું પડે છે. (૨૬)

જગતની શુકલ અને કૃષ્ણ એવી બે ગતિ શાશ્વત છે. શુકલ ગતિ એ જ જ્ઞાન. શુકલગતિમાં એટલે કે જ્ઞાનમાં જનારને પાછું આવવું પડતું નથી. કૃષ્ણગતિ એટલે કે દક્ષિણાયનમાં જનારને પાછું આવવું પડે છે. બે રસ્તા છે, એક સરળ છે બીજો વાંકો છે. એકમાં ગતિ જલદી થાય છે. બીજે રસ્તે જનારને વારેવારે જન્મ લેવો પડે છે. સૂક્ષ્મ કામનાને કારણે જન્મો વધે છે. સૂક્ષ્મ કામના યોગીને પણ સતાવે છે.

રાજા ભરત મહાન તપસ્વી થયા. તેણે કેટલુંયે તપ કર્યું. પણ જીવ હરણમાં રહી ગયેલો. તેઓ એકવાર નદીમાં ઊભા ઊભા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંધ્યા કરતા હતા. ૐ ભૂઃ, ભૂવઃ એ પ્રમાણે બોલતાં હતા તેવામાં એક હરણીની પાછળ વાઘ પડેલો. હરણી દોડતી દોડતી નદી કૂદી ગઈ. હરણી ગર્ભવતી હતી. દોડતાં દોડતાં ગર્ભપાત થઈ ગયો. બચ્ચું મુનિ ભરતની પાસે પડયું. દયાથી પ્રેરાઈને ભરત રાજાએ એ બચ્ચું લઈ લીધું. તેને ભરત સાચવવા લાગ્યા. ખવરાવે, પીવરાવે, રમાડે એમ કરતાં સંધ્યાભજન બાજુ પર રહેવા લાગ્યા. દયામાં પણ મોહ ઉત્પન્ન થયો. મોહવાળી દયા પણ બંધન કરે છે. અસંગ રહેવું જ જોઈએ, ભરતને મોહ ઉત્પન્ન થયો. ઉત્તમ માર્ગે જવું હોય તો અસંગ થતાં શીખવું પડશે. ધીમે ધીમે જીવે સંગના ચક્કરમાંથી નીકળવું જોઈએ, આપણે ભજનભક્તિના ચક્કરમાંથી નીકળવાનો પ્રયાસ કરીએ છીએ! ભજન ઓછું કરીને આ બધું નાશવંત સાચવીએ છીએ. રાજપાટ છોડનાર ભરતનો જીવ આમાં રહી ગયો. આપણે તો બાર બાય બારની (૧૨ × ૧૨) રૂમ પણ છોડવી નથી, ભજન છોડવું છે. નરાધમ તો સારો કે નર તો ખરો. આપણે તો ઝાડ અને પથ્થર થવું પડશે. ભરત તો યોગી હતા, તપસ્યા કરતા કરતા મોહ ઉત્પન્ન થયો. શરીર વૃદ્ધ થયું હતું. હરણને ખવરાવે અને રમાડયા કરે, એમ કરતાં ભરત મુનિ માંદા પડયા. તેમને વિચાર થયો કે હું મરી જઈશ પછી આ આ હરણનું શું થશે? સિંહવાઘ આવીને ખાઈ જશે તો? ભરત મુનિને મોહ થયો હતો.

બીજા એક મહાત્માને પણ ભરતની માફક મોહ થયો હતો. એક વખત તેમના આશ્રમમાં એક ઉંદરની પાછળ બિલાડી પડી અને ઉંદર આવીને તેમની પાસે પડયો. યોગસિદ્ધિથી મહાત્માએ ઉંદરને બચાવવા માટે બિલાડી બનાવી દીધો. બીજે દિવસે તપસ્વી ધ્યાનમાં બેઠેલા ત્યાં તો બિલાડો આવીને ઊભો રહ્યો. તેની પાછળ કૂતરો પડયો હતો. મહાત્માએ કૂતરાને વાઘ બનાવી દીધો. હવે વાઘના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનમાં થયું કે આ યોગી મહારાજ પાછો મને ઉંદર બનાવી દેશે તો મારી કેવી ખરાબ સ્થિતિ થશે. હું વાઘનો વાઘ જ રહું. જો આને જ પૂરો કરી નાખું તો? યોગી આ વાઘને જોતાં વેંત તેના મનમાં શું ચાલી રહ્યું છે તે સમજી ગયા. યોગીને થયું કે મેં ભૂલ કરી છે. મોહવશ દયા કરીને બિલાડીને ખોરાકથી વંચિત રાખી અને સામે વાઘ ઊભો કર્યો. મહાત્મા બચી ગયા. સમર્થ યોગી એટલે પાછા ફરી ગયા. વાઘ પાછો ઉંદર થઈ ગયો. મોહવશ દયા તેનું નામ જ વાઘ. જે જેનો ખોરાક છે તે ખાય. ઉંદર બિલાડીનો ખોરાક છે. મારે વચ્ચે શા માટે આવવું જોઇએ?

સાધારણ મોહથી પણ જો આ થાય તો મોટા મોહની શી વાત કરવી? કેટલું બધું ચેતતા રહેવું જોઈએ? નિષ્કામ યોગીની વાત છે.

અર્જુનની સ્થિતિ ઉચ્ચ થઈ ગઈ છે. અર્જુન ભગવાનની સ્થિતિમાં છે. અર્જુન જો કહેશે કે હું જ કૃષ્ણ છું તો કોની સાથે વાત કરીશ?

આપણી સ્થિતિ પહેલા બીજા અધ્યાયના અર્જુન જેવી છે. ભરતને તો મોહ થયો હતો. ભરતનો જન્મ હરણ યોનિમાં થયો. આપણને તો જાતજાતના મોહ છે. આપણે મોહને લીધે વાઘો જ ઊભા કરીએ છીએ. ભરતની ગતિ ઉત્તરાયણમાં થવાની હતી તેને બદલે દક્ષિણાયનમાં થઈ. મોહ હતો માટે દક્ષિણાયનમાં ગતિ થઈ. મોહ એટલે અંધકાર, માટે તો દક્ષિણાયનમાં જ જન્મ થાય ને? પછી હરણમાંથી તેઓ જડભરત થયા. જડભરતના અવતારમાં તેઓ સમજી ગયા કે હવે ફસાવું નથી અને ત્યાંથી મૌન જ રાખ્યું. પછી તેમને મોક્ષ થયો.

નંદમણિયાર નામે એક મહાવીર સ્વામીના શિષ્ય હતા. ખૂબ ઉપવાસ કરે, તપ કરે, ધ્યાન કરે. આમ કરતાં તેને તેજ મળ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સિદ્ધિ આવી. લોકો ચારે બાજુ વધવા લાગ્યા. અસંગ રહીને ધ્યાનભજન કરતો હતો. ત્યાં આવનાર લોકોને પાણીનો બહુ ત્રાસ પડતો. નંદમણિયારને થયું કે મારે માટે તો ઠીક પણ લોકાર્થે વાવને સમરાવવી જોઈએ. લોકોએ તો નંદમણિયારે કહ્યું કે તરત જ વાવ સમરાવી. એક બગીચો તૈયાર કર્યો. ત્યાં સુંદર સ્થાન બનાવ્યું. નંદમણિયારને થયું કે આ વાવ કેવી સરસ છે! લોકો બધા વાહવાહ પુકારે છે. બહુ સરસ છે. આ બધું એમ વિચારતાં અભિમાન ઉત્પન્ન થયું. મોહ ઉત્પન્ન થયો. કેટલાયે આશ્રમો થયાં; મોહ વધતો ગયો. મિલ્કત વધી ગઈ ત્યાં નંદમણિયારનગર બંની ગયું. ધ્યાનભજન બાજુ પર રહી ગયાં. વાવમાં ધ્યાન રહ્યું. પરંતુ તપસ્યા અફળ જતી નથી. વાવમાં ધ્યાન હતું તેવામાં તેમનું મૃત્યુ થયું. દેડકો થઈને વાવમાં જન્મ્યા. ક્યાં ગતિ થવી જોઈએ ને હું ક્યાં આવ્યો? તપસ્યાને લીધે દેડકાને પૂર્વજન્મનું જ્ઞાન રહ્યું. બાઈઓ વાવ પર પાણી ભરે અને નંદમણિયારનું નામ લે ત્યારે અંદર દેડકો ડ્રાઉં ડ્રાઉં કરે. નંદમણિયારનો જન્મ તેને યાદ આવ્યા કરે. તેને થવા લાગ્યું કે મેં આ શું કર્યું? એવામાં મહાવીર સ્વામીની નગરમાં પધરામણી થઈ. વિચરતા વિચરતા મહાવીર સ્વામી ત્યાં આવી પહોંચ્યા. ગામ બહાર એક ઉદ્યાનમાં ઉતર્યા. અનેક લોકો મહાવીર સ્વામીના દર્શને જાય છે. દેડકો પણ દર્શને જવા નીકળ્યો. દેડકો બિચારો કેટલું ચાલે! મહાવીર સ્વામી, ગુરુદેવ, ગુરુદેવનું સ્મરણ કરતાં કરતાં અનેક જતાં આવતાં લોકોના પગ તળે દેડકો છુંદાઈને મૃત્યુ પામ્યો. મરણ વખતે ગુરુમાં વૃત્તિ હતી તેથી દેવ તરીકે જન્મ્યો અને પછી મોક્ષ પામ્યો. બે ત્રણ જન્મનો અંતરાય પડ્યો.

સૂર્યગતિ એટલે જ્ઞાનગતિ. સૂર્ય એટલે જ્ઞાન. જ્યારે ચન્દ્ર એટલે અંધકાર. આટલી સ્થિતિ પછી નંદમણિયાર સૂર્યગતિમાં આવ્યો. સૂર્ય એટલે અજવાળું એટલે કે જ્ઞાન. ચન્દ્ર એટલે અંધકાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે અજ્ઞાન, એ ગતિ છે જ્ઞાનગતિ અને અજ્ઞાનગતિ. નિષ્કામી થઈને મોહ વગર, આસક્તિ રહિત થઈને જે ભજન કરે તેની ઉત્તરાયણમાં ગતિ થાય એટલે કે સૂર્યગતિ થાય. ભજન કરતાં કરતાં મોહમાં પડે તો ચન્દ્રલોકમાં ગતિ થાય. એ ત્રણ જન્મે ગતિ થાય. તપસ્યા કદી અફળ જતી નથી. ચોરાશી લાખમાંથી તો છટકયા ને ! આ બધી વાતો યોગીઓની, ભક્તોની છે. આપણે એવા થશું ? લાખ લાખ જન્મો તો નહિ જ થાય ને ! ભજન નહિ કરો તો ચોરાશી લાખ જન્મો નક્કી છે જ, લાખો વર્ષો સુધી અથડાવું પડશે. તક મળી તો ગુમાવો છો શા માટે ? ભગવાનને ઘેર મનુષ્ય શરીરની ખોટ છે, કવોટા ઓછો છે. વળી એક કે બે ઈન્દ્રિયનું શરીર મળશે. ચકલી, વાંદા અને કાગડાના જન્મો હવે વધારે થવાના. કંઈક કંઈક ભજન કરો તેને બહુ તો માણસનો જન્મ થશે. કંઈક તો સારી ગતિ થશે. એ જાતની ગતિ કહી છે. જ્ઞાનમાર્ગેથી પાછા આવવું પડતું નથી. મેહવશ થશો તો પતન થશે. (૨૬)

नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥ २७॥

હે અર્જુન ! આ બે માર્ગ જાણનારો યોગી કોઈ દિવસ મોહમાં પડતો નથી, માટે સર્વકાળ તું યોગમુકત થા. (૨૭)

આ બન્ને માર્ગને જે જાણે છે તે જ બ્રહ્મવિદ્ છે. તે જગતને ભ્રમણા સમજે છે. જગત એટલે કે આ દેહ. મારે દેહ જ નથી. દેહની લીલા અસત્ય છે એમ તે સમજે છે. જ્ઞાન એટલે કે પરમાત્મા શું છે તે વાત તે સમજી ગયો છે. આત્મા શું અને અનાત્મા શું તે, તે જાણે છે. આત્મઅનાત્મ વિવેક સમજી ગયો તેને વાંધો આવતો નથી. જે ઉત્તરાયણ અને દક્ષિણાયન એટલે કે જ્ઞાન અને અજ્ઞાનને સમજી ગયો તે ભગવાન થઈ ગયો. એ બ્રહ્મવિદ્ને આવવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જવું રહેતું નથી. તેની કોઈ ગતિ નથી. આત્માની વળી કઈ ગતિ હોય ? આત્માને બંધન કે મોક્ષ કશું ય નથી. આત્માને બંધન કે મોક્ષ કહે, તો તે જ્ઞાની નથી. આત્મા અજ્ઞાન અને જ્ઞાન બન્ને માર્ગે જે સમજી ગયા તેને સંશય જ ન રહ્યો. આત્મા સિવાય બીજું કંઈ નથી. કેવળ સોનું જ છે. દાગીના રહ્યા જ ક્યાં ? દાગીના એ પણ સોનું જ છે. દાગીના બને તો પણ સોનું જ રહે છે ને ! દૂધ દહીંમાં કશો ફરક છે ? સોનું સોનું જ રહે છે. બીજ અને વૃક્ષનો દાખલો લ્યો. વૃક્ષ થયા પછી તે બીજ શેનું રહે ! આત્મા જ સર્વત્ર વ્યાપ્ત છે. જગત જેવી કોઈ વસ્તુ જ નથી તેની તેને ખાત્રી થઈ ગઈ છે. આવી જેને ખાત્રી થઈ છે તેને કોઈ સવાલ રહેતો જ નથી.

હવે અર્જુનની સ્થિતિ ઊંચી થઈ ગઈ છે. હવે તેને ગધેડો કે નરાધમ કહેવાની જરૂર ન રહી. હવે તે નરોત્તમ થઈ ગયો છે. હવે તો તેને નારાયણ જ બનાવવાનો છે. હે અર્જુન ! તું નારાયણ રૂપ થઈ જા, આત્મા તો અનાદિ અજર અમર જન્મ મૃત્યુરહિત છે. તેની ગતિ પછી શી ? પછી પતનના ભણકારા શેના ? તું બ્રહ્મવિદ્ બની જા, આપણે બધાને બ્રહ્મવિદ્ બનવું હોય તો આજથી જ કહેવા માંડો કે હું આત્મા જ છું. સોનું જ છું. અભ્યાસથી બધા ય બ્રહ્મવિદ્ થઈ શકે છે. શું ન થવાય ? રોજનો અભ્યાસ હોય, ભજન હોય તો થઈ શકાય. આપણે સંસારમાં જ રીઢા થઈ ગયા છીએ. સંસારમાં આપણે કેટલી મહેનત કરીએ છીએ ! આ બાજુ તેથી ઓછી મહેનત કરશું તો પણ બ્રહ્મવિદ્ થઈ જશું. વહેવારની આપણને કેટલી બધી કાળજી છે ? નાશવંતની આપણે જેટલી કાળજી રાખીએ છીએ તેથી અડધી કાળજી પણ શાશ્વતની રાખીએ તો કાર્ય થઈ જાય. નાશવંતની કાળજી એટલે અજ્ઞાન, તેમાંથી 'અ' જ કાઢવાનો છે, પછી તો જ્ઞાન જ રહેશે. વહેવારો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઓછા કરવા જ પડશે. તમે નહિ કરો તો યમરાજ આવશે ત્યારે! કાળયવન આવશે ત્યારે કોઈ વસ્તુ સામે નહિ આવે; બૈરી, છોકરાં અને વહેવાર અહીં ને અહીં જ રહી જશે. છતાં માણસો કેટલો મોહ કરે છે? વહેવારો બંધ કરી જ દેવા પડશે. ભજનમાં વહેવારો જ નડતર રૂપ છે; બ્રહ્મજ્ઞાનમાં વહેવારો જ નડતર રૂપ છે. આ કાકામામાનો મોહ, ચાંદલા, છોકરાંનો જન્મ ને ઉજવણું – આ બધા વહેવારો, સંસારનો વહેવાર એ જ આત્મજ્ઞાનમાં નડતર છે. અંતકાળે શું વેવાઈ આવવાના કે? સ્ત્રીપુત્રાદિ સગાંવહાલાં અંતકાળે આડે નહિ આવે. આનંદ ક્યાં છે? કઈ જગાએ આનંદ છે? કોઈ પ્રેમ નથી કરતું. સૌ સ્વાર્થ માટે વળગેલા છે. આ સંયોગ વિયોગવાળી સ્થિતિ છે. જેને પ્રેમ કરીએ છીએ તે પાત્ર તો ફૂટી જ જવાનું છે. આમાં વેદાંતની વાત જ ક્યાં છે? અજર અમર પાત્રમાં પ્રેમ નાખવો જોઈએ. આ શરીર તો તૂટી જ જવાનું છે. સૌથી વધારે પ્રેમ માણસને શરીર પર હોય છે. શરીર પર દુઃખ આવે તો બૈરી છોકરાંને પણ માણસ છોડી દે છે. વાંદરીના બચ્ચાંનું દૃષ્ટાંત તો તમે સાંભળ્યું હશે.

એક વાર એક રાજા કહે કે બચ્ચા પર માનો કેટલો બધો પ્રેમ હોય છે! વજીર જ્ઞાની હતા. રાજાને તેમણે કહ્યું કે આપણે અખતરો કરીએ. રાજાએ એક હોજમાં પાણી ભરાવ્યું અને તેમાં એક વાંદરીને બચ્ચાની સાથે મૂકી. જેમ જેમ હોજમાં પાણી વધતું ગયું તેમ તેમ વાંદરી બચ્ચાને ઊંચે લેતી ગઈ. રાજા કહે છે જુઓ દિવાનજી! બચ્ચા પર માને કેટલો પ્રેમ હોય છે. દિવાનજી કહે રાજાજી! હજી જુઓ તો ખરા. વાંદરીના નાક સુધી પાણી આવી ગયું. હવે શું કરવું. વાંદરીએ બચ્ચાને નીચે મૂકીને જાતને બચાવવા તેની ઉપર ઊભી રહી.

સૌથી વધુ પ્રિય તો આ શરીર જ હોય છે અને એ શરીર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ નિમકહરામ છે. ત્રીસ ચાળીસની ઉપર ગયો કે બધા કાકા કહેવા લાગશે. મને તો સૌ નાનપણથી જ કાકા કહે છે. જેને આટલો બધો પ્રેમ કરીએ છીએ તે શરીરની ચામડી લબડી પડશે. કેમ દગો જ દીધોને? શરીરને ગમે તે ખવરાવોને; સુરતની ઘારી કે ઉત્તમ મીઠાઈ ખવરાવો તો પણ બુઢ્ઢું થઈ જશે. નિયમપૂર્વક ભજન કરે તેને શંકા શી રહે? પ્રેમ એવા પાત્ર પર કરો કે તે પાત્ર તૂટે જ નહિ આ શરીર તો કાચો ઘડો છે, ફૂટી જ જવાનો છે. જેની અંદર રહીને હું આમ, હું તેમ, કરીને હુંકારો કરીએ છીએ તે આપણું નથી. શરીર આપણું નથી. ધન તો જડ વસ્તુ છે તે આપણું ક્યાંથી થાય? વહુ સાથે તો સ્વાર્થ પૂરતું જ બને છે, બાકી તો ઝઘડા જ છે. માલમિલ્કત મકાન એ બધું જડ છે. બધી વસ્તુમાં સ્વાર્થ છે. આમાં નિષ્કામ પ્રેમ ક્યાંથી થાય? થતો જ નથી. નિમકહરામ એવી આ દેહસહિત સર્વ વસ્તુનો ત્યાગ કરે તો જગત જગત ન રહે, ભગવાન થઈ જાય. જેણે આ આચરણ શરૂ કર્યું તેને જગત દેખાતું જ નથી. જગત જે દિવસે મરે તે દિવસે જ ભગવાન દેખાય. પછી દાગીનાનો આકાર નથી રહેતો સોનું જ દેખાય છે. જે નાશવંતની અનિત્યતા જે સમજી ગયો તે મદ્રૂપ થઈ ગયો. જ્યારે એક દિવસ આ પાત્ર—શરીર ફૂટી જ જવાનું છે તો પછી એને સાચવીને શું કરવું છે માટે ઈશ્વર ભજનમાં જ લાગી જવું. શરીરનું ગમે તે થાય, આમ જે આચરણ કરે છે તેનું જગત તો ક્યારનું મરી ગયું છે. તે આત્મા જ બની ગયો છે.

वेदेषु यज्ञेषु तपः सु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परंस्थानमुपैति चाद्यम् ॥२८॥

(બ્રહ્મ, અધ્યાત્મકર્મ, અધિભૂત, અધિદૈવ, અધિયજ્ઞ અને મરણ સમયે ભગવચ્ચિંતનનું માહાત્મ્ય) એ સમજ્યા પછી વેદ, યજ્ઞ, તપ અને દાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi.

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દ્વારા થતી જે પુણ્યફળની પ્રાપ્તિ કહી બતાવી છે તે સર્વ પુણ્યપ્રાપ્તિનું અતિક્રમણ કરીને યોગી આદ્ય તથા ઉત્કૃષ્ટ સ્થાનને જ પ્રાપ્ત કરે છે. (૨૮)

સાધનકાળમાં જ બ્રહ્મવિદ્ પુરુષ આ બધું કરી નાખે છે. તે પછી નરમાંથી જ નારાયણ થાય ને? કૂતરાબિલાડાથી થઈ શકાશે કે? ઝાડની દૃષ્ટિએ શું દેખાય? પથરા પણ રડે છે. આ બધું ભગવાન જ છે. જેવા જેવા કર્મ કરો તેવી ગતિ થાય છે. આ બધા લોખંડના પતરા, ટ્રામ, ડુંગર બધા માણસ જ હતા. ઝાડની સ્થિતિ જુઓને. લાંબા વર્ણનની મજા નથી. આ બધી યોનિનાં દુઃખ સહન ન કરવાં હોય તો કોઈ કેકાણે મોહ કરવાની જરૂર નથી. ભજન શરૂ કરી દેવા જોઈએ. અશાશ્વત ઉપર મોહની શી જરૂર? શાશ્વતને જ પીછાનો.

અધિયજ્ઞ એટલે કે આત્મસ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો નિયમસર ભજન કરવું જોઈએ. નિયમ તો રાખવો જ જોઈએ. કાળ પણ થંભી જાય છે ભજનની પાસે તો. ભજનને નિયમ નથી. હજી તો આપણે સંસ્કારના નિયમો પાળીએ છીએ. બૈરાછોકરાંમાં હજી ધ્યાન છે. તમારે ત્યાં અમે સાંભળવા આવીએ ગીતાપ્રવચન તેમાં તો તમે અમને નરાધમ કહો છો એમ તમે કહેશો. ઉપકાર કરીને આવો છો ને! ઑફિસમાં હાજર થવાનું હોય તો દસ વાગે કે દોડયા જ જશે. નાશવંતને માટે આટલી કાળજી છે તો ઉત્તરાયણમાં–જ્ઞાનમાર્ગે જેને જવું છે તેને માટે નિયમ ન હોવા જોઈએ કે? ભજન નિયમપૂર્વક થવું જ જોઇએ. એક કલાક નિયમપૂર્વક નિરંતર ભજન કરે તો હું પ્રાપ્ત થઈશ જ પણ નિરંતર ભજન. એક કલાકનો નિયમ ફેરવવો ન જોઇએ. નમાજનો નિયમ જુઓ, સમય થશે અને રસ્તામાં બેસીને પણ નમાજ કરશે. કોઈ કહેશે કે આ તે કંઇ માણસ છે? હું તો તેને જ માણસ કહું છું. મન ભલે ગમે ત્યાં જાય પણ બેસી જ જવું જોઈએ. સંસારવહેવારનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કામ તે વખતે ન જ જોઈએ. નિષ્કામ ભજન થવું જોઇએ. આજે નહિ એસાણું તો કાલે એ કલાક એસશું એ ન ચાલે. એમાં તો પ્રમાદ વધે, આળસ વધતી જ જાય છે. એમ કરશો તો નરાધમની જ ગતિ છે. નરાધમ વગેરે શબ્દો તો શાસ્ત્રોએ વાપર્યા છે. ખરાબ લાગે તો સુધરી જવું જોઈએ ને ? સ્વાભિમાનને ફટકો પડે અને સુધરી જવાય તો સારું. અર્જુને એ તમાચા મારી દીધા હોત તો તેમાં કૃષ્ણને શું થાત ? નરાધમ વગેરે શબ્દો વાપરીને કૃષ્ણે અર્જુનને તૈયાર કરી દીધો. મહાસુખ, બ્રહ્મસુખ પ્રાપ્ત કરવા માટે તો નિષ્કામ ભાવે ભજન કરવું જોઈએ. ઓફિસમાં પણ ચાર કલાક ગપ્પાં ન મારવા જોઇએ. બાર કલાક ભલે ઊંઘો, તમારા હાથમાં તો મેં ચોવીસ કલાક મૂક્યા છે. આ બ્રહ્મસુખ પ્રાપ્ત કરવા માટે નિષ્કામભક્તિ સિવાય બીજો રસ્તો નથી. જે નિષ્કામ ભજન કરે તેને જ આઠમો અધ્યાય સમજાય. આઠ વર્ષનો હોય ત્યારે અમુક જ સમજાય. ૨૫ વર્ષનો થાય ત્યારે વધારે જ સમજાય. ભજન શરૂ કર્યા પછી જ ગીતા વધારે સમજાશે. જેમ જેમ ભજન કરતા જાય તેમ તેમ સમજ વધે. દૃષ્ટિ બદલાતી જાય છે. ભગવાન તો સહેલા શબ્દોમાં વાત કરે છે. તેમાં અઘરું કશું નથી. ગીતા તો નરમાંથી નારાયણ બનાવવાનું મશીન-યંત્ર છે. આવું પુસ્તક હોવા છતાં આપણે 'ઘેટાઓનાં ટોળાં' બની રહ્યા છીએ. જેની પાસે એસો તેના જેવો જ રંગ આવવાનો છે. માણસ જો ઉત્તમ કરણી કરે તો નરમાંથી નારાયણ થાય.

તા. ૨૩-૧૦-૫૫ રવીવારનું અઢારમું પ્રવચન નવમા અધ્યાય માટે ચાલુ રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર.

પૂજ્ય શ્રી. ચંપકભાઈના ભક્તિપ્રેરક પ્રવચનો અને વિચારોને પુસ્તક-આકારે પ્રકટ કરવાની યોજના હાથ ધરાય એ હેતુથી એક સંસ્થા ઊભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૧. **સંસ્થાનું નામ:**—સદરહુ સંસ્થા "શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર" તરીકે ઓળખાશે.

૨. **ઉદ્દેશ:**—જન સમુદાય તેમ જ ભક્તોના હૃદયમાં પ્રેમમય પ્રભુ માટેનો અહૈતુક પ્રેમ જાગૃત કરવા માટે પ્રેમસ્વરૂપ શ્રી. ચંપકભાઈના લખાણો, પ્રવચનો તેમજ ભજનોનો સંગ્રહ પ્રકટ કરવાનો નમ્ર પ્રયાસ કરવો. આ યોજના પ્રમાણે અત્યાર સુધીમાં નીચેનાં પુસ્તકો બહાર પડ્યાં છે.

(૧) પ્રેમયોગ. (ગીતા અધ્યાય. ૧૫). (૨) સ્થિતપ્રજ્ઞ દર્શન ઔર ભજન. (૩) પરમાનંદ પત્રો આવૃત્તિ ૧-૨. (૪) પરમાનંદ વાર્તાલાપ. (૫) પ્રેમયોગ (ગીતા અધ્યાય ૧-૨) (૬) પરમાનંદ વાણી. (૭) પ્રેમયોગ. (ગીતા અધ્યાય ૩-૪-૫.) (૮) પ્રેમયોગ (ગીતા અધ્યાય ૬-૭) ૯) પરમાનંદ પ્રકાશ.

૩. **સભ્યપદ:**—આ સંસ્થાના સભ્યપદ માટે જ્ઞાત, જાત કે વાડાના કોઈ પણ ભેદ અંતરાય રૂપ ગણાશે નહિ.

નીચે પ્રમાણે સભ્યોની વર્ગણી કરવામાં આવી છે.

(૧) **આશ્રયદાતા:**—એકી સાથે રૂ. ૧૦૦૧) અથવા એથી વધારે રકમ આપનાર સંસ્થાના આશ્રયદાતા ગણાશે. તેમને સંસ્થા દ્વારા પ્રગટ થતા દરેક પ્રકાશનની એક પ્રત વિના મૂલ્યે મોકલી આપવામાં આવશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૨) **ઉપ આશ્રયદાતા:**—એકી સાથે રૂ. ૫૦૧) અથવા એથી વધારે રકમ આપનાર સંસ્થાના ઉપ—આશ્રયદાતા ગણાશે. તેમને સંસ્થા દ્વારા પ્રગટ થતાં દરેક પ્રકાશનની એક પ્રત વિના મૂલ્યે મોકલી આપવામાં આવશે.

(૩) **આજીવન સભ્ય:**—એકી સાથે રૂ. ૧૦૧) અથવા એથી વધારે રકમ આપનાર સંસ્થાના આજીવન સભ્ય ગણાશે. તેમને સંસ્થા દ્વારા પ્રગટ થતા દરેક પ્રકાશનની એક પ્રત વિનામૂલ્યે મોકલી આપવામાં આવશે.

(૪) **સામાન્ય સભ્ય:**—વાર્ષિક રૂ. ૧૧) કે વધારે આપનાર સંસ્થાના સામાન્ય સભ્ય ગણાશે. તેમને સંસ્થા દ્વારા તે વર્ષ દરમ્યાન પ્રગટ થતા દરેક પ્રકાશનની એક પ્રત મોકલી આપવામાં આવશે.

૪. **નાણાં ભંડોળ:**—સંસ્થા નીચે પ્રમાણે નાણાં ઊભાં કરશે.

(૧) જનતામાંથી ભેટ, બક્ષિસ દ્વારા.

(૨) સભ્યોના લાવાજમ દ્વારા.

(૩) કોઈપણ પ્રસંગે કોઈપણ વ્યક્તિની સ્મૃતિમાં શ્રીયુત ચંપકભાઈના પ્રવચનો કે લખાણો પ્રસિદ્ધ કરવા ઇચ્છનાર વ્યક્તિએ આપેલાં નાણાં દ્વારા.

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર.
૭૬, શાન્તિનિકેતન, વીન્સેંટ રોડ,
માટુંગા, **મુંબઈ ૧૯.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિરનાં અન્ય પ્રકાશનો

* પ્રેમયોગ
  (ગીતા અ. પંદરમા પરનું પ્રવચન) સિલકમાં નથી
* स्थितप्रज्ञदर्शन और भजन
  (હિંદીમાં) ૧-૫૦
* પરમાનંદ પત્રો
  (બીજી આવૃત્તિ) ૩-૫૦
* પરમાનંદ વાર્તાલાપ ૧-૭૫
* પ્રેમયોગ
  (ગીતા અ. ૧-૨ પરનાં પ્રવચનો) ૨-૦૦
* પરમાનંદ-વાણી ૦-૧૦
* પ્રેમયોગ
  (ગીતા અ. ૩-૪-૫ પરનાં પ્રવચનો) ૩-૫૦
* પ્રેમયોગ
  (ગીતા અ. ૬-૭ પરનાં પ્રવચનો) ૪-૫૦
* પરમાનંદ પ્રકાશ
  (પત્રો અને વાર્તાલાપ) ૨-૫૦

: પ્રાપ્તિસ્થાન :

એન. એમ. કરની કંપની

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ-૨.

[illegible] શ્રી પરમાનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં [illegible]

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi